માનવતાના
કદમ

પરમ શક્તિ મંત્ર

ૐ મા ૐ

ભાવાર્થ

હે પરમાત્મા, આપના પરમ ચૈતન્યથી મને પુષ્ટ કરો
જેથી આપની ચૈતન્યમયી શક્તિનો સ્ત્રોત
અવિરતપણે સમષ્ટિના શ્રેયાર્થે વહેતો રહે.

ગાયત્રી મંત્ર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ। ૐ તત્સવિતુર્વરેણ્યં।
ભર્ગો દેવસ્ય ધીમહિ। ધિયો યો નઃ પ્રચોદયાત્। ૐ।।

ભાવાર્થ

હે રક્ષક, પ્રાણાધાર, દુઃખનાશક, આનંદદાયક !
તમારા સુંદર, દિવ્ય, તેજોમય સ્વરૂપનું અમો ધ્યાન
ધરીએ છીએ અને તમને વરીએ છીએ, જેથી
અમારી બુધ્ધિમાં તમારું જ્ઞાન સ્થિર થાય.

પરમ શક્તિ મંત્ર

ॐ મા ॐ

માનવતાના કદમ

-: પ્રકાશન :-

શરણાગતિ પ્રકાશન

'નિલોષા'બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

પ્રથમ આવૃત્તિ

: visit us at :
www.rajyoginarendraji.com

ભૂમિકા

" તમને ઋષિ મુનિઓના વાયુ મંડળમાં મૂકી દઈશ." લીમખેડાથી સાંજે નોકરીમાંથી છૂટી ગોધરા આવતાં સાંજે રેલ્વેના પ્રથમ વર્ગમાં મુસાફરી કરતા એક મહાપુરુષે પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીને જણાવ્યું ત્યારે તો આ બાબતને હળવી મજાક સમજીને માનસપટ પરથી વિસરાઇ ગઈ હતી.

માતાજીના આદેશ અનુસાર અમદાવાદને કર્મભૂમિ બનાવી અને આધ્યાત્મિક ઉન્નતિનો પ્રવાહ વેગીલો બન્યો. ૧૧ માર્ચ ૧૯૭૫ મહાશિવરાત્રિના દિવસથી જ શુધ્ધ સેવાનો આદેશ આપી સફેદ મોતીની માળા ગળામાં પહેરાવી. ૭ સપ્ટેમ્બર ૧૯૭૬ની મધ્યરાત્રિએ સાક્ષાત્ સદેહે પધારી માતાજીએ રાજયોગી નરેન્દ્રજીને પોતાના લાડલા મયૂરબાળ - રાજબાળને માનવસેવાનો આદેશ અને માર્ગદર્શન આપ્યાં. રાજયોગીએ માતાજીના માર્ગદર્શન અને આદેશ અનુસાર આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત માનવબંધુઓની જ્ઞાતિ, જાતિ, સંપ્રદાયો અને રાષ્ટ્રના વાડાઓ ત્યજીને સેવાનો ભેખ ધારણ કર્યો.

અગોચરથી સંદેશાઓ, સંકેતો, આદેશો, માર્ગદર્શન મળવાં માડ્યાં અને સેવાનો કઠિન માર્ગ સરળ બનવા લાગ્યો. પૂજ્યશ્રીની આંતરિક શક્તિઓ કમળના ફૂલની જેમ સોળે કળાએ ખીલવા લાગી, મહેંકવા લાગી. પૂજ્યશ્રીના નિઃસ્વાર્થ નિઃશુલ્ક સેવાયજ્ઞથી કેટલાય

માનવીઓના જીવન પ્રવાહ સુખ શાંતિ, આનંદમાં વહેવા લાગ્યાં, કેટલાય માનવોને આધ્યાત્મિકતાનો પ્રકાશ લાધ્યો.

પૂજ્યશ્રીના માનવતાવાદી કદમ હવે વિરાટત્વના દર્શન કરાવે છે. અગોચરથી અને શ્રીમાના શ્રીમુખેથી વિશિષ્ટ મંત્રો, વિશિષ્ટ માર્ગદર્શન અને વિશિષ્ટ આદેશો વિશિષ્ટ સેવાના સોપાનો સર કરવા માટે મળવા માડ્યાં.

ભૂકંપ નિવારણ, પ્રેતાત્મા શાંતિ મુક્તિ, સીમા સુરક્ષા,

માટેના વિશિષ્ટ સેવાકાર્યો પૂજ્યશ્રી રાજયોગીએ ભારત, ઈંગ્લેન્ડ અને અમેરિકાની ભૂમિ પર સંપન્ન કરી માનવતાના શિખરો સર કરવા કદમ ઉપાડી રહ્યાં છે.

પૂજ્યશ્રીનું ઋજુ, આર્દ્ર હૃદય હંમેશા પ્રાર્થે છે કે, વિશ્વની પ્રત્યેક વ્યક્તિ માનવતાવાદી બને, માનવતાના મૂલ્યોને અપનાવવામાં આવે, સદ્‌ગુણોને વિકસાવવામાં આવે અને વિશ્વબંધુત્વની ભાવના પ્રત્યેક માનવમાં વિકસે. સુખ શાંતિ અને પ્રેમસભર જીવન જીવવાનો અધિકારપરમાત્માના પ્રત્યેક બાળકને છે.

“ **માનવતાના કદમ** ” પુસ્તક માનવને મહામાનવ બનાવવાનો પુરુષાર્થ છે. શ્રીમાતાજીના આદેશોને અમલમાં મૂકવાનો રાજબાળનો પ્રયાસ વિરાટત્વના દર્શન કરાવે છે.

બ્હેનજી
કૈલાસબેન. એન. પરીખ

માનવતાના કદમ

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન નં.
(૧)	હું જીવનમાંથી શું શીખ્યો ?	૧
(૨)	"સ્વમૂલ્યાંકન કરીએ'	૧૨
(૩)	સદ્‌વિચારોનું સામર્થ્ય	૧૬
(૪)	આત્મ સાક્ષાત્કાર	૧૯
(૫)	પરમની પ્રાપ્તિનો સરળ માર્ગ	૨૨
(૬)	શિવજીને સમર્પિત થઇ જઇએ	૨૪
(૭)	જીંદગીમાં વસંતો એજ સાચો શણગાર	૨૬
(૮)	"દિવ્ય દ્રષ્ટિ"	૩૨
(૯)	મંગલ મંદિર	૩૯
(૧૦)	માતા–પિતા ઈશ્વર સમાન છે	૪૩
(૧૧)	"વિશ્વ શાંતિમાં આપનું યોગદાન'	૫૩

ૐમાૐ

હું જીવનમાંથી શું શીખ્યો?

સૃષ્ટિના સર્જનહારે મનુષ્યજીવનને વિકસાવવા, ખીલવવા માટે અનેક શક્યતાઓ, સંભાવનાઓ અને તકો નિર્માણ કરી આપી છે. મનુષ્યનું જીવન પણ સ્વયં એક બહુ મોટું તત્ત્વજ્ઞાન છે, જેમાં થી અનેક પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમકે મનુષ્યનું સર્જન, તેનું જીવન, સુખદુ:ખ, તેનું શરીર, શરીરની અનેક ક્રિયાઓ, તેનું મન, માનસિક સ્પંદનો, તે દ્વારા સિદ્ધ થતાં અનેક નાનાં મોટાં કાર્યો, કર્મના સિદ્ધાંત અનુસાર મનુષ્યના સર્જનની પ્રક્રિયા વિગેરે અવિરત ચાલુ રહે છે. તેના ઊગમ અને અસ્તની કોઇ સીમા નથી.

સૃષ્ટિમાં ચાલતી આ પ્રક્રિયાઓ, મનુષ્યના અનેકવિધ શારીરિક, માનસિક, કૌટુંબિક, સામાજિક વ્યવહારોમાંથી આપણે જો થોડાક સજાગ રહીશું અને સમજવાનો પ્રયત્ન કરીશું તો મને લાગે છે કે આપણને એમાંથી અખૂટ, અગાધ જ્ઞાનનો ભંડાર પ્રાપ્ત થશે.

આપણા પ્રાચીન ઋષિમુનિઓએ પ્રખર તપશ્ચર્યા કરીને જીવન અને ઇશ્વર વિશેનાં અનેક રહસ્યો આપણી સમક્ષ છતાં કર્યા

છે. ભારતીય સંસ્કૃતિના આભૂષણ સમા વેદો, ઉપનિષદો, સ્મૃતિગ્રંથો, પુરાણો રામાયણ-મહાભારત અને ભાગવતની કથાવાર્તાઓમાં જ્ઞાનનો ભંડાર ભરેલો છે. ઇશ્વરપ્રાપ્તિના અનેક માર્ગોનું ને રહસ્યોનું નિદર્શન કરવામાં આવ્યું છે. જીવનના આદિ, મધ્ય ને અન્ત વિશે અનેક પ્રકારની તાત્ત્વિક ચર્ચાઓ પ્રાપ્ત થાય છે. એમાંથી આપણને ઘણુંઘણું જાણવાનું મળે છે. અને ત્યારે પ્રશ્ન થાય છે કે મનુષ્ય એમાંથી કંઇ શીખે છે ખરો? કંઇ મેળવે છે ખરો?

આ પૃથ્વી પર જન્મ ધારણ કરીને મનુષ્ય એના શૈશવકાળથી જ શીખવાની શરૂઆત કરે છે. શાળામાં પ્રવેશ કરી પદ્ધતિસરનો અભ્યાસ કરી ઉચ્ચ શિક્ષણ, મહાશાળા વિગેરેની પદવીઓ પોતાના પુરુષાર્થ અને પ્રારબ્ધ અનુસાર પ્રાપ્ત કરે છે; અને જીવનમાં કંઇક પ્રાપ્ત કર્યાનો આનંદ મેળવે છે. પુસ્તકિયા જ્ઞાનના મિથ્યા આડંબરમાં, અહમ્, ડોળ ને દમામમાં જીવનનું સારસર્વસ્વ મેળવી લીધાનું માનીને નિશ્ચિંત થઇને ફરે છે.

પરંતુ જીવનમાં ઉચ્ચ શિક્ષણ, ઊંચી પદવી, ઉચ્ચ હોદ્દાનો વ્યવસાય, પૈસો, મોટરગાડી, બંગલા, વાડીવજીફા ને અન્ય અનેક પ્રકારની ભૌતિક સમૃદ્ધિ માનવજીવનની આખરી પ્રાપ્તિ છે? આખરી ધ્યેય છે? અને ધારો કે એના મતે એ જ એનું આખરી ધ્યેય હોય તો પણ એ ભૌતિક સમૃદ્ધિમાંથી એ શું મેળવે છે? પરંતુ એનો જવાબ “ના” માં જ મળે.

ત્યારે પૃથ્વી પર જન્મ ધારણ કરીને મનુષ્યે જીવનમાં શીખવા જેવું શું ? જાણવા જેવું શું ? મનુષ્યે જન્મ ધારણ કરીને આ પૃથ્વી પર જાણવા માટે, શીખવા માટે, જ્ઞાન પ્રાપ્ત કરવા માટે, વિશાળ તકો છે. મનુષ્યે પોતાના જીવનમાંથી, જીવનમાં થતા વિવિધ અનુભવોમાંથી ઘણું ઘણું શીખવાનું છે, જીવનમાં ઊતારવાનું છે. જીવનમાં ઉદ્ભવતા અનેક કટુ-મધુર પ્રસંગો ઘણું બધું શીખવી જાય છે. જીવનની નૂતન દિશા ચીંધે છે, નવીન પ્રેરણા કરે છે. એ પ્રેરણા ને નૂતન દિશાને આધારે મનુષ્યે પોતાના જીવનને ગતિશીલ બનાવવાનું છે.

મારા જીવનમાંથી હું શું શીખ્યો? મેં શું મેળવ્યું ? તે આપની સમક્ષ પ્રસ્તુત કરવાનો ઉપક્રમ અત્રે સ્વીકાર્યો છે. મને આશા છે કે એમાંથી આપને કંઇક ને કંઇક પ્રેરણા-નૂતન દિશા લાધશે જ.

મારા જીવન દરમિયાન હું જે કંઇ શીખ્યો કે મેં જે મેળવ્યું તે આ પ્રમાણે છે:

૧. ઈષ્ટમાં સંપુર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.
૨. નિ:સહાયને સહાય કરવી.
૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં.
૪. કોઈની ઈર્ષા કરવી નહિં.
૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.
૬. પરનિંદાથી દુર રહેવું.
૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
૮. નિ:સ્વાર્થ સેવા કરવી.
૯. અહ્મનો ત્યાગ કરવો.

નવધા ભક્તિ જેવા આ નવ નિયમોને મેં મારા જીવનમાં વણી લીધા છે. અને તેને કારણે જ મા ગાયત્રીના આશીર્વાદનો, સાક્ષાત્કારનો અધિકારી બની શક્યો છું, અને અટલે જ મારું દૃઢ અને સ્પષ્ટ મંતવ્ય છે કે કોઇપણ વ્યક્તિ પોતાના જીવનમાં ઉપરોક્ત નવ નિયમોને, નવ નીતિમત્તાનાં ધોરણોને પોતાના જીવનમાં અપનાવે તો પોતાના ઇષ્ટ દેવના પ્રેમ, આશીર્વાદ અને પ્રેરણાના અધિકારી બની શકે.

(૧) ઇષ્ટદેવમાં – મા ગાયત્રીમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ?

આત્મા એ પરમાત્માનો જ એક અંશ છે. મનુષ્ય જીવનની શરૂઆત-આદિ પરમાત્માને ત્યાંથી જ થાય છે, અને અંવિલિનીકરણ પણ પરમાત્મામાં જ થાય છે. જન્મ અને મૃત્યુ વચ્ચેના જીવનકાળ દરમિયાન મનુષ્યનું આખરી ધ્યેય, પરમતત્ત્વની શરણાગતિ સ્વીકારી શ્રદ્ધાપૂર્વક તેની ઉપાસના કરવાનો છે. પરમાત્માનો સાક્ષાત્કાર તો કોઇ વિરલાને જ થાય. પરંતુ ઇષ્ટમાં અનન્ય શ્રદ્ધા સેવનારને, એની શરણાગતિ સ્વીકારનારને ઇશ્વરની

કૃપાના દિવ્ય ને અલૌકિક અનુભવ તો થાય જ છે.

શૈશવમાં યજ્ઞોપવીત ધારણ કરી ત્યારથી જ મેં ગાયત્રી મહામંત્રને મારા જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લીધો છે - માતાપિતાનો ધાર્મિક સંસ્કાર-વારસો મને જન્મથી જ મળેલો છે. આ ધાર્મિક વારસાને વિકસાવવા અને સાચવવા માટે હું સતત જાગ્રત રહેતો. મા ગાયત્રીને જ મારા ગુરુ-માર્ગદર્શક માનીને સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી તેની ઉપાસના કરું છું. અને મારા આ ગુરુના માર્ગદર્શનની પ્રતીતિ મને જીવનમાં પ્રતિપળે થયા કરે છે. કર્મનું સારું-માઠું ફળ તો દરેકે ભોગવવું જ પડે છે. તેમાંથી હું પણ બાકાત નથી રહી શકતો. પરંતુ મા ગાયત્રીની સંપૂર્ણ શરણાગતિથી મને નૂતન બળ સાંપડે છે. મારી પ્રતિકારશક્તિ, સહનશીલતા અનેકગણી વધી જાય છે.

પરમતત્ત્વની શક્તિ તો અનન્ત છે-એને શરણે જનારનું કદી અહિત થતું જ નથી –પરંતુ વ્યક્તિના આ ભવનાં કે પૂર્વભવનાં સત્-અસત્ કર્મોની છાયા આડે આવીને ઉભી રહી જાય ત્યારે પેલાં સંચિત્ સત્કર્મોને કારણે વ્યક્તિ તત્કાળ ધાર્યું પરિણામે પ્રાપ્ત કરી લે-અસત્ કર્મોને કારણે ઇપ્સિત ધ્યેયને સિદ્ધ થતાં વાર લાગે છે, કે કેટલાંકને એ સિદ્ધ નથી પણ થતાં. આમ જ્યારે કોઇ ભવનાં અસત્ કર્મોની છાયા હેઠળ માનવી આપત્તિઓમાં સપડાય છે, ત્યારે તે જીવનથી હતાશ-નાસીપાસ થાય છે. અને સ્વાભાવિકપણે જ ઇશ્વર પ્રત્યે અસંતોષ અને રોષ ઉદ્ભવે. એને થાય કે, ઇશ્વરને ત્યાં ન્યાય જ નથી. બધું અંધેર જ ચાલે છે!

પરંતુ આ એક ઉતાવળિયો વિચાર છે. ઇશ્વરને ત્યાં દેર પણ નથી અને અંધેર પણ નથી. એને ત્યાં સ્પષ્ટ ન્યાય છે. ત્યાં કોઇની લાગવગ ચાલતી નથી. **મારું તો સ્પષ્ટ મન્તવ્ય છે કે પરમતત્ત્વની શક્તિને કોઇપણ પ્રકારનાં ભૌતિક મૂલ્યોથી માપી શકાય નહિ. ભૌતિક જીવનની સફળતા-નિષ્ફળતાને વ્યક્તિની ઉપાસના સાથે કોઇ સમ્બન્ધ નથી.** પરન્તુ જીવનના પ્રશ્નો ન સુલઝાતા, એનો ઉકેલ ન આવતા મનુષ્ય અકળાઇ ઊઠે છે. તો શું

એનો અર્થ એવો કે ધારી નોકરી મળે, સંતાન પ્રાપ્ત થાય, મનોવાંછિત વર મળે કે કન્યા મળે, કે જીવનનાં ધારેલાં કાર્યો સફળ થાય તો જ પરમાત્મા સાચો ? ના એવું નથી. પરમતત્ત્વ અતિ દિવ્ય, અલૌકિક અને અગમ્ય છે. એટલે એને સમજવા માટે દિવ્ય અને અલૌકિક દ્રષ્ટિ, સૂઝ, સમજ અને સજાગતા આવશ્યક બની રહે છે. અને એ પણ ઇષ્ટની કૃપા હોય તો જ પ્રાપ્ત થાય. સમસ્ત સૃષ્ટિનું સંચાલન પરમાત્માના હાથમાં છે એટલે સૃષ્ટિના બુંદ સમું મનુષ્યજીવન પણ તેને જ આધીન છે.

"**बलीयसी केवलम् ईश्वरेच्छा**" ઈશ્વરની ઇચ્છા જ બળવાન છે. એટલે જ સંપૂર્ણ શ્રદ્ધા અને અનન્ય શરણાગતિથી તેનું જ શરણું લેવું.

નીતિમય જીવન ઇષ્ટ ઉપાસનાનું પ્રથમ પગથિયું છે. પરમાત્માનો સાક્ષાત્કાર પામવા માટે કે તેની પ્રત્યક્ષતાની અનુભૂતિ કરવા માટે આપણે નીતિમત્તાનાં ધોરણો જીવનમાં અપનાવવાં પડશે. નીતિમત્તાનાં મૂલ્યો વગર કરેલી ઉપાસના કે પરમાત્મા માટે ધરેલ તમ-મન-ધનની સેવા પરમાત્માના ચેતનતત્ત્વ સુધી પહોંચતી નથી.

સાત્ત્વિક ઉપાસનાના પંથે પ્રયાણ કરતાં અનેક મુસીબતો, ઝંઝાવાતો આવે, પરંતુ તેનાથી ડગી જશો નહિં. શ્રધ્ધા અને શરણાગતિના રાજમાર્ગ પર તમારું પ્રયાણ ચાલુ જ રાખશો. પરમાત્મા આ રાજમાર્ગ પર જ આપણને ભેટી જાય છે. આ એક સ્વાનુભવ છે.

પરમાત્માની ઉપાસના કરવા માટે સંસાર છોડવાની જરૂર નથી, કે સંસારની ફરજો અદા કરવામાંથી વિચલિત થવાની જરૂર પણ નથી. સંસારની ફરજો બજાવતાં બજાવતાં પણ પરમાત્માની સમીપ રહી શકાય છે, તેની ઉપાસના કરી શકાય છે. ઉપાસના માટે સાધન કરતાં સાધનાનું મહત્ત્વ અદકેરું અને અનેકગણું છે. ઇષ્ટની ઉપાસના માટે અમુક માળા લેવી, અમુક વિધિ કરવીઅમુક ફૂલ લેવાં વગેરે વગેરે વસ્તુઓ ગૌણ છે. મારું

તો સ્પષ્ટ મંતવ્ય છે કે સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો અને તેના અનુભવનો આસ્વાદ જાતે જ માણજો.

(૨) નિ:સહાયને સહાય કરવી :

શારીરિક નિ:સહાયતા, માનસિક નિ:સહાયતા, ભૌતિક નિ:સહાયતા, કે એવી કોઇ પણ નિ:સહાય દશામાં સંડોવાયેલા પ્રાણીમાત્રને-માનવ કે પ્રાણીને-સહાય કરવી તે આપણી પવિત્ર ફરજ બની રહે છે, આપણો ધર્મ બની રહે છે.

બાળક, વૃદ્ધ, અશક્ત અને શરીરની અન્ય વિકૃતિઓને લીધે નિ:સહાય-અસહાય બનેલ માનવબંધુની સહાયતા માટે હંમેશા તત્પર રહેવું. કોઇની પણ નિ:સહાય દશાનો ગેરલાભ ઉઠાવવો નહિ. આંધળાની આંખડી અને પાંગળાની લાકડી બનવા પ્રયત્ન કરવો. એમાં ધર્મ, રાષ્ટ્ર કે જ્ઞાતિ-જાતિનાં બંધનોને આડે આવવા દેશો નહિ.

બસમાં કે ગાડીમાં મુસાફરી કરતાં મેં ઘણીવાર જોયું છે કે બાળકો, વૃદ્ધો, અશક્તો જગ્યાના અભાવે ઊભા હોય છે. જ્યારે આપણી યુવાપેઢી આવી નિ:સહાયતાનો ઉપહાસ કરતાં આરામથી બેઠાં હોય છે ત્યારે સહેજે પ્રશ્ન થાય કે શું આપણી માનવતા મરી પરવારી છે?

નિ:સહાય દશામાં પાણીમાં ડૂબતી, આગમાં બળતી કે લાજ લૂંટાતી અબળાની સહાયે-વહારે જવું તે આપણો માનવધર્મ છે. તેને બચાવી લેવાથી જ આપણો ધર્મ પૂરો થતો નથી. પરંતુ જે પરિબળોએ તેની આ પરિસ્થિતિ નિર્માણ કરી હોય તે પરિબળોને ડામવાનો-મિટાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

આપણે રોજ પેટ ભરીને મનગમતી વાનગીઓ જમતા હોઇએ. જ્યારે પડોશમાં બિમાર, ગરીબ અને નિ:સહાય દશામાં રહેતા આપણા પડોશીને એક ટંકનું પણ પેટ પૂરતું જમવાનું ન મળતું હોય તો આપણો માનવધર્મ જાગૃત થઇ તેની સહાયતાએ જવો જોઇએ અને ત્યારે જ આપણે પરમાત્માની કૃપાના અધિકારી

બની શકીએ.

(૩) દુ:ખીઓનાં દિલનાં આંસુડાં લૂછવાં :

દુ:ખ એ અસત્ કર્મનું ફળ છે. દુ:ખ ભોગવતાં ભોગવતાં વ્યક્તિને ઘણી વખત પોતાના પાપનો પસ્તાવો પણ થાય છે. પડતાંને બે પાટુ વધારે મારવાનો આ સ્વાર્થી જગતનો ક્રમ છે, શિરસ્તો છે. પરંતુ એ દુ:ખીઓનાં બેલી થઇને રહેનારાં કોઇ વિરલા-ઓલિયા-જ હોઇ શકે. સુખમાં સહુ સાથ આપે, દુ:ખમાં સહુ હાથતાળી આપે. પરંતુ દુ:ખી પ્રત્યે હમદર્દી બતાવી, તેની વાતને સહાનૂભૂતિ પૂર્વક સાંભળી, તેનાં દર્દીલાં આંસુને લૂછવાં અને તેના દુ:ખી જીવનમાં સહભાગી થવું એ પણ માનવસેવાનો-પ્રભુસેવાનો એક પ્રકાર જ છે. **આપણે પરમાત્માને દુ:ખીઓનો બેલી કહીએ છીએ તો એ પરમાત્માનાં આપણે સૌ બાળકો આપણાં દુ:ખી માનવબંધુની વહાર કરવી એ આપણો ધર્મ બની રહે છે, આપણી પવિત્ર ફરજ બની રહે છે.**

(૪) બીજાના સુખમાં સુખી થવું, કોઇની ઇર્ષ્યા કરવી નહિ :

સુખમાં સહુ સાથ આપે, પરંતુ બીજાના સુખમાં સુખી થનારા કેટલા ? બહુ જ થોડા-ગણ્યા ગાંઠ્યા વિરલા જ. બીજા તો ઇર્ષ્યાની આગમાં બળતા બળતા એને પાડવાની જ પેરવીમાં હોય. બીજાની ઇર્ષ્યા, અદેખાઈ કરનાર વ્યક્તિ સ્વયં એ ઇર્ષ્યાની આગમાં ખાખ થઇ જાય છે. પોતાની ઉન્નતિ ખાતર, રક્ષણ ખાતર, બીજાના સુખમાં સુખી થવું, દુ:ખમાં ભાગીદાર થવું, અને કદી કોઇની પણ ઇર્ષ્યા કરવી નહિ. **પરમાત્મા દરેકને પોતાના સત્કર્મ અનુસાર રૂપ, સૌંદર્ય, ગુણ, કુટુંબ, ધન, વૈભવ વગેરે આપે છે અને પ્રારબ્ધ રૂપે મેળવેલ આ સંપત્તિનો વિનિયોગ સ્વના ઉત્કર્ષ માટે અને માનવબંધુની સેવા માટે કરવો જોઇએ.** અને તેના સગાંસ્નેહી, મિત્રવર્તુળે તેની ઇર્ષ્યા ન કરતાં, તેને અધ:પતનની ગર્તામાં ન ધકેલતાં તેના સુખ-સંપત્તિનો સાત્ત્વિક વિનિયોગ કરાવવામાં સહભાગી થવું. તેની આસપાસનું વાતાવરણ સાત્ત્વિક રાખવા પ્રયત્નશીલ રહેવું, જેથી એ સાત્ત્વિક

વાતાવરણનાં સાત્ત્વિક આંદોલનો તેના વિચાર, વાણી અને વ્યવહારને જનસેવાના કાર્યમાં દોરવશે.

(૫) કોઇની સાથે વિશ્વાઘાત કરવો નહિ :

કોઇનો પણ વિશ્વાસઘાત કરવો તે મોટામાં મોટું પાપ છે. જીવનના કોઇપણ ક્ષેત્રમાં, કોઇપણ સંબંધોમાં વિશ્વાસ એક મહત્ત્વની કડી છે. કુટુંબ, સમાજ, વ્યવસાય કે મિત્રાચારી, નિષ્ઠા, પ્રમાણિકતા વિશ્વાસ પર જ નિર્ભર છે. આ વિશ્વાસ જયારે ડહોળાય છે, તેનો વિચ્છેદ થાય છે ત્યારે કેટલાંયે નિર્દોષોનો એ ભોગ લે છે. અને એ વિશ્વાસઘાતીને પણ અધઃપતનની ગર્તામાં ધકેલે છે.

બાળકો માબાપોમાં વિશ્વાસ મૂકીને પોતાનું જીવન તેમના જ સહારે પસાર કરતાં હોય છે. પરંતુ એ માબાપો જ “વાડ થઇને ચીભડાં ગળવા” જેવું વર્તન કરતાં હોય તો, એ માબાપને પરમાત્મા માફ કરી શકે ? પતિને જ પરમેશ્વર સમજતી પત્નીને પોતાના પતિમાં કેટલો બધો વિશ્વાસ હોય છે. પરંતુ એ પતિ જ જયારે પોતાની પત્નીને નર્કાગારની-વ્યભિચારની ખાઇમાં ધકલેવા પ્રયત્ન કરતો હોય તો એ પતિને એની પત્ની કે પરમાત્મા માફ કરી શકે ? હરગીજ નહિ. કોઇપણ વ્યક્તિને એકવખત વચન આપ્યા પછી, તેણે આપણામાં વિશ્વાસ મૂકયા પછી, જીવનપર્યંત એ વિશ્વાસને ટકાવી રાખવો, આપેલા વચનનું અક્ષરશઃ પાલન કરવું , તે આપણો પવિત્ર ધર્મ બની રહે છે. **જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં કોઇનો પણ વિશ્વાસઘાત કરવાનું કદી વિચારશો નહિ અને એવો આચાર-વિચાર કરતી બીજી વ્યક્તિઓને એ રસ્તેથી વાળવાનો પ્રયત્ન કરજો-તેના સહભાગી ક્યારેય ન બનતા.**

(૬) પરનિંદાથી દૂર રહેવું :

બીજાનાં સત્કર્મોને બિરદાવવાં પરંતુ કોઇની નિંદા કરવા નહિ; કે સાંભળવી નહિ. તેવા વાતાવરણમાં હાજરી પણ આપવી નહિ. **પરનિંદામાં આપણી ભાગીદારી એટલે આપણાં અસત્ કર્મોમાં ઉમેરો-વધારો.** આપણાં સમય અને શક્તિનો વ્યય કરીને, બીજાના દિલને દુઃખ પહોંચાડીને આપણે ક્ષણિક આનંદ મેળવવો

એ પરમાત્માનને મંજૂર નથી.

આપણે આપણા કાર્યમાં વ્યસ્ત રહેવું, નવરાશ મળે પ્રભુચિંતન, માનસિક મંત્રજાપ, સારાં પુસ્તકોનું વાચન કે જનસેવામાં સમય અને શક્તિનો વ્યય કરવો જેનાથી આપણો ઉત્કર્ષ થાય-માનસિક શાંતિ મળે, અને પરમાત્માની વધારે નજીક જઇ શકાય, તેના કૃપાપાત્ર બની શકાય.

(૭) પુરુષાર્થને અગ્રતા આપવી-સતત કાર્યશીલ રહેવું :

પ્રારબ્ધ અને પુરુષાર્થ એ જીવનનૌકાનાં બે હલેસાં છે. એ હલેસાં વગર સંસાર સાગર પર ચાલતી એ જીવનનૌકા અટવાઇ જાય છે. માટે જ પુરુષાર્થનું મહત્ત્વ જીવનમાં વધારે છે.પ્રારબ્ધ કર્મ અનુસાર આપણને શરીર, સ્વાસ્થ્ય, ધન-વૈભવ વગેરે મળ્યું હોય, પરંતુ તેને નિભાવવા માટે, તેમાં ઉમેરો કરવા માટે, જનહિતાર્થે તેનો વિનિયોગ કરવા માટે પુરુષાર્થ તો કરવો જ પડે.

પુરુષાર્થ વગર આપણે નિષ્ક્રિય, આળસુ બની જઇએ છીએ. આપણો માનસિક વિકાસ થતો અટકી જાય છે, અને આ શારીરિક અને માનસિક નિષ્ક્રિયતાવાળી વ્યક્તિ રોગનું ઘર બને છે. માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે આપણે સતત કાર્યશીલ રહેવું જરૂરી છે.

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં અર્જુનને કહ્યું છે કે **"કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન" – તું કર્મ કર્યે જા, ફળની ચિંતા કરીશ નહિ.** આમ પરમાત્માએ પણ કર્મ કરવાનો--પુરુષાર્થ કરવાનો ઉપદેશ તો આપ્યો જ છે. **ભૌતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે પુરુષાર્થ તો અનિવાર્ય આવશ્યકતા છે જ. દરેક વ્યક્તિએ પોતાને ફાળે આવતું કાર્ય પૂર્ણ કરવા હમેશાં પ્રયત્નશીલ રહેવું. પુરુષાર્થ વગર શારીરિક, માનસિક કે આધ્યાત્મિક વિકાસ શક્ય જ નથી.**

આપણે ઇષ્ટની ઉપાસના કરવી હોય તે એ ઉપાસના માટે પણ પુરુષાર્થ તો કરવો જ પડે ને ! ઋષિમુનિઓ, સંતો, વર્ષોની ઉપાસનાના પરિપાક રૂપે પરમાત્માનો સાક્ષાત્કાર પામી શકે છે.

ઉપાસના માટે તેઓએ સતત કાર્યશીલ રહેવું પડે છે. ઉપાસનાની આડે આવતા અવરોધોને દૂર કરવા માટે પુરુષાર્થ કરવો પડે. મન, વચન, કર્મથી સંયમી અને પવિત્ર બનવું પડે. આ બધું પુરુષાર્થ વગર બની શકે નહિ.

એક નાવિકની વાત બહુ જ માર્મિક છે. તેની નૌકાના બે હલેસાંનું નામ તેણે પ્રારબ્ધ અને પુરુષાર્થ આપ્યું. પ્રારબ્ધના એક જ હલેસાનો ઉપયોગ કરતાં હોડી ગોળગોળ ફરીને ત્યાં જ ઊભી રહી સહેજ પણ આગળ વધી નહિં. પુરુષાર્થના હલેસાનો ઉપયોગ કર્યો તો પણ હોડી યથાસ્થાને જ રહી પછીથી તેણે બન્ને હલેસાંનો ઉપયોગ કર્યો તો હોડી સડસડાટ કરતી નિર્ધારિત સ્થાને આગળ વધવા લાગી.

આપણે પણ જીવનનૌકાને, પરમતત્ત્વને પામવાના નિર્ધારિત સ્થાને પહોંચવા માટે પ્રારબ્ધ અને પુરુષાર્થ ના હલેસાંનો સતત ઉપયોગ કરવો પડશે તો જ જીવનનૌકા આગળ વધી શકશે.

(૮) નિ:સ્વાર્થ સેવા કરવી :

આપણી શક્તિ અનુસાર તન-મન-ધનથી પ્રાણીમાત્રની સેવા કરવી-સેવામાં બદલાની અપેક્ષા રાખી શકાય નહિ. ફી લઇને, બદલાની અપેક્ષા રાખીને કરેલી સેવા એ સેવા ના કહેવાય, એ એક વ્યાપાર બની જાય છે, કે જેમાં આપવા-લેવાનો વ્યવહાર હોય છે. **સેવામાં કીર્તિ, નામના કે ધન્યવાદના બે શબ્દોની પણ અપેક્ષા ન હોય ત્યારે તે નિ:સ્વાર્થ સેવા બને છે.** ધર્મશાળા બંધાવી, હોસ્પીટલમાં દાન આપ્યું, મંદિરમાં મૂર્તિ બેસાડી, વગેરે દાનધર્મનાં કાર્યોમાં જ્યારે એ વ્યક્તિના નામની તકતી લાગે ત્યારે એ સેવામાં કીર્તિની ખેવનાનો સ્વાર્થ ભળે છે અને ત્યારે એ સેવા વ્યાપાર બની જાય છે. સેવાને આપણે આપણા જીવનનાં દૈનિક કાર્યોમાં વણી લઇએ, એને કોઇપણ જાતની અપેક્ષા વગર, આપણી શક્તિ અનુસાર, તન,મન કે ધનથી માનવસેવાનું કાર્ય કરીએ તો એ સાચા અર્થમાં નિ:સ્વાર્થ સેવા બની શકે. આપણાં

સંચિત સત્કર્મોમાં એની નોંધ થાય અને પરમાત્માની કૃપાના અધિકારી બની શકાય.

(૯) અહમ્‌નો ત્યાગ :

ઇષ્ટની સમીપ જવા માટે શ્રદ્ધા અને શરણાગતિના રાજમાર્ગ પરથી અહમ્‌ના અવરોધને દૂર કરવો પડશે. **અહમ્‌નો અતિરેક આપણો સર્વનાશ નોતરે છે. અહમ્‌થી આદરેલી ઉપાસના પરમાત્માના ચેતનતત્ત્વ સુધી પહોંચતી નથી. નમ્રતા અને સરળતા જ પરમાત્માને વધુ પ્રિય છે.**

મેં મંદિર બનાવ્યું, મેં મૂર્તિ પધરાવી, મેં અમુક બાળકોને ભણાવવા ફી આપી, વગેરે દાનકર્મની લાંબી યાદીથી અહમ્ સંતોષાય, ભૌતિક જગતમાં આપણું સન્માન થાય પરંતુ પરમાત્માની યાદીમાં એ ‘ હું ’ નું કોઇ સ્થાન નથી. **“હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે. ”**

પરમાત્માનું કાર્ય કરવા માટે, માનવબધુંની સેવા કરવા માટે આપણે તો ફક્ત એક માધ્યમ જ છીએ. આપણે તો ફક્ત એક સાધનમાત્ર છીએ જ. કર્તા-કરવતા પરમાત્મા -સૃષ્ટિનિયંતા પોતે જ છે. “મેં કર્યું” કહીને યાચકને પોતાના અહેસાનમાં લેવો, તે પરમાત્માને ઉચિત નથી-પસંદ નથી.

અહમ્‌થી અભડાયા વગર તન-મન-ધનથી યથોચિત માનવબંધુની કરેલી સેવા આપણાં સત્‌કર્મોમાં સંચિત થાય છે અને પરમાત્માની કૃપાના અધિકારી બનાવે છે.

જીવનમાં સુખશાંતિ પ્રાપ્ત કરવા માટે, ઇશ્વરના કૃપાપાત્ર બની તેની સમીપ જવા માટે ઉપર વર્ણવેલા નવ નિયમોને તમારા જીવનમાં વણી લેજો. સંત, સજ્જન બનવા માટે બીજી કોઇ લાયકાતની કે બાહ્યાવેશની જરૂર નહિ પડે. જીવન સુવાસમય બનશે અને પરમાત્માની સાથે તેમનો વૈભવ અનાયાસે જ આપને આવી મળશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

“ સ્વમૂલ્યાંકન કરીએ’

વહાલા આત્મિયજનો,

આજે શિવરાત્રી છે, શિવરાત્રી એ પ્રકાશનું પર્વ છે. અજ્ઞાનરૂપી અંધકારને વિદારવાનું અને જ્ઞાનરૂપી પ્રકાશને પ્રાપ્ત કરવાનું પાવનપર્વ છે. શિવની ઉપાસના એટલે જ્ઞાનની, સાત્વિક જ્ઞાનની ઉપાસના.

આજે શિવ ઉપાસના દ્વારા આત્માદીપાનો સંકોરવાનો, સતેજ કરવાનો ચેતના દિવસ છે. આપણામાં રહેલી અને પોષાતી અજ્ઞાનતા, અંધશ્રધ્ધા, એષણાઓ, વાસનાઓ, દુર્વૃતિઓને દૂર કરવાનો, મીટાવવાનો પ્રેરણા દિવસ છે.

શિવ પરમાત્માએ શંકર સ્વરૂપે પોતાનું ત્રીજું નેત્ર, જ્ઞાન ચક્ષુ ખોલીને ધ્યાનમાં વિક્ષેપ કરનાર કામદેવને ભસ્મીભૂત કરી નાખ્યા હતા. કામદેવ એ મોહનું, વાસનાનું પ્રતિક છે. જ્ઞાન, સમજ, વિવેક વડે જ મોહમાયામાંથી છુટી શકાય છે.

દરેક માનવ પાસે ત્રીજું નેત્ર છે. ભ્રૂકુટીની મધ્યમાં જ્ઞાનચક્ષુ સૂક્ષ્મરૂપે વિદ્યમાન છે. આ જ્ઞાનચક્ષુ તે જ આપણું આજ્ઞાચક્ર છે.

નિયમિત ભાવપૂર્ણ ઉપાસનાથી સાત્વિક જ્ઞાનનો વિકાસ થતા અને પરમની કૃપા થતાં આજ્ઞાચક્ર કાર્યાન્વિત થાય છે. સત્યને પારખવાની, સમજવાની અને જોવાની ક્ષમતા આવે છે. વિવેકનો વિકાસ થાય છે. સારા નરસાની, શુભ, અશુભ, સત્ય અસત્યની પરખ અને સમજ જ્ઞાન ચક્ષુ દ્વારા જ થઇ શકે છે.

શિવનો અર્થ થાય છે કલ્યાણ. શિવત્વને પામવું એટલે આપણે કલ્યાણકારી બનવું. **આપણે અનાસકત ભાવે, પ્રભુ પ્રિત્યર્થેજ આ જન્મ પર્યંત કર્મો કરીએ જેથી આ કર્મો આપણને બંધનકર્તા ન બને. વળી ગત જન્મના પ્રારબ્ધ રૂપે મળેલા કર્મો આપણે પૂર્ણતયા પરમની પ્રસાદી સમજીને ભોગવી લઇએ તોજ આપણું કર્મ યોગ બની શકે.**

આપની શિવ ઉપાસના યંત્રવત્, ચીલાચાલુ ન બનતાં ભાવાત્મક બનવી જોઇએ જેથી અંતરમાં આનંદ સુખ અને સંતોષનો અનુભવ થાય, શિવ પરમાત્માના દર્શન, પૂજા, ઉપાસના કરવાની સાથે સાથે આપણે આપણામાં વિરાજીત શિવતત્વનાં દર્શન કરવાં જોઇએ. સાત્વિક ગુણોનો આવિર્ભાવ થાય તો જ આપણે અંતરાત્મામાં વિરાજીત શિવતત્વને પિછાની શકીએ.

અંતરાત્મા એ પરમાત્માનો અંશ છે અને પરમાત્મા ચૈતન્ય સ્વરૂપે વિલસી રહયા છે. એટલે તો આપણું જીવન ધબકી રહયું છે. અંતરાત્મામાં વિરાજીત પરમાત્મા સ્વયમ્

નિરાકાર છે
સત્ય સ્વરૂપ છે
આનંદ સ્વરૂપ છે
ચેતન સ્વરૂપ છે
કલ્યાણ સ્વરૂપ છે
સુંદર સ્વરૂપ છે
સુવાસ સ્વરૂપ છે

પ્રેમ સ્વરૂપ છે

માનવ દેહમાં વિરાજીત અંતરાત્મા પાસે પરમાત્માનો આ વારસો, આ વિવિધ સ્વરૂપો વિદ્યમાન છે જ. કોઇપણ બાળકમાં પરમાત્માના આ વિવિધ સ્વરૂપનાં દર્શન થયા કરે છે, અને એટલા માટે જ કોઇપણ બાળક પ્રત્યે નિર્દોષ પ્રેમ, આકર્ષણ થયા કરે છે. સંતો, સાત્વિકતાથી સભર મહામાનવોનું વ્યકિતત્વ પણ બાળસહજ, નિર્દોષ, પ્રેમાળ હોય છે. જેથી તેઓમાં પણ પરમાત્માના વિવિધ સ્વરૂપનાં દર્શન થયા કરે છે.

બાળકનું કિશોરાવસ્થામાં પરિવર્તન થતાં જ તેના જીવનમાં, મન, બુધ્ધિ, અંહકારનું પ્રાધાન્ય વધે છે. નિર્મળતા, નિર્દોષતા ઓસરવા લાગે છે અને જીવ માયાની માયાજાળમાં લપેટાતો જાય છે. ગત જન્મના સાત્ત્વિક કર્મોનો પ્રભાવ, સુસંસ્કાર અને આધ્યાત્મિક વાતાવરણમાં ઉછરતો બાળક સાત્ત્વિક મનોવૃતિ ધારણ કરે છે. સત્સંગ, સંતસમાગમની અસર માણસના મન પર સાત્ત્વિક છાપ ઉભી કરે છે. વ્યકિત નીતિમય જીવન જીવવાનો આગ્રહી બને છે અને આધ્યાત્મિક જીવન જીવે છે.

વ્યકિતનો જન્મ અને ઉછેર ગમે તેવા વાતાવરણમાં થયો હોય તો પણ સત્સંગ, સંતસમાગમ અને સદ્‌ગુરૂનું શરણ તેના જીવનમાં આમૂલપરિવર્તન લાવી શકે છે. શરત છે ફકત સદ્‌ગુરૂના આદેશનું અને આદર્શોનું શ્રધ્ધાપૂર્વક પાલન કરી સતત પુરૂષાર્થ કરતા રહેવાનું.

આપણે શિવત્વને પામવા માટે, શિવમય બનવા માટે આપણી અંદર રહેલા શિવતત્વને જાગૃત કરવું હોય તો આપણે આપણી જાતનું હંમેશા સ્વમૂલ્યાંકન કરતાં રહેવું જોઇએ. સદ્‌ગુણ અને દુર્ગુણને તટસ્થપણે અવલોકવા જોઇએ અને તેની નોંધ કરવી જોઇએ.

તટસ્થતાથી નિરપેક્ષ ભાવે સ્વમૂલ્યાંકન કરી જાતને

તપાસતા રહેજો, દુર્ગુણો અને દુર્વૃતિઓ, સદ્ગુણો, સદ્વૃતિઓની તુલના કરી તમારી જાતને શિવત્વના શિખર પર પહોંચાડવા સાત્ત્વિક પુરૂષાર્થ કરતા રહેજો.સ્વમૂલ્યાંકન કરવા માટે થોડું માર્ગદર્શન આપુ છું.

સ્વમૂલ્યાંકન

૧. (I) હું નિયમિત શ્રધ્ધા અને શરણાગતિના ભાવથી મારા ઈષ્ટદેવની ઉપાસના કરૂં છું ?
(II) પરમનું સાનિધ્ય અનુભવું છું ?

૨. (I) હું નિયમિત સત્સંગ કરૂં છું ?
(II) સદ્ગુરૂના આદેશનું અને આદર્શોનું નિષ્ઠાપૂર્વક પાલન કરૂં છું ?

૩. (I) હું નૈતિક જીવન જીવું છું ?
(II) માનવતાના મૂલ્યોને અનુસરૂં છું ?

૪. હું મારા મન અને ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખી શકું છું ?

૫. ષડ્વૃતિઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર પ્રત્યે સતત જાગૃત રહું છું ?

૬. હું સુખ દુ:ખમાં સમતા રાખી શકું છું ?

૭ . હું મારા જીવનમાં પુરૂષાર્થને પ્રાધાન્ય આપી ઈશની કૃપા અને પ્રેરણા મેળવું છું ?

૮. હું મારા વાણી વર્તન અને વ્યવહારમાં એકરૂપતા અને સાત્ત્વિકતા રાખી શકું છું ?

૯. હું અહમ્‌ને ઓગાળી નમ્રતા દાખવી શકું છું ?

આપનું જીવન ઉર્ધ્વગામી બને અને જીવન સાત્ત્વિક બનાવવાના આપના પ્રયત્નમાં આપ સફળતા પ્રાપ્ત કરો તેવા આશીર્વાદ.

ૐ મા ૐ

સદ્‌વિચારોનું સામર્થ્ય

વ્હાલા આત્મીયજનો,

આજે શિવરાત્રી છે. શિવ પરમાત્માને આરાધવાની યાદ દેવરાવતો ઉત્સવ. શિવ એટલે કલ્યાણ અને રાત્રિ એટલે અંધકાર. જીવનમાં કલ્યાણમય આચરણને આત્મસાત કરવું અને અજ્ઞાનતા અંધશ્રધ્ધારૂપી જીવનમાં વ્યાપી રહેલા અંધકારને વિદારવાનો દિવસ. માનવજીવનમાં અને જગતમાં વ્યાપી રહેલા અજ્ઞાન, અંધશ્રધ્ધા, અરાજકતા અને અવિવેકરૂપી અંધકાર અમાવાસ્યાની રાત્રિ જેવો છે. સાચું સાત્ત્વિક જીવન જીવવાનું જ્ઞાન, પરમની સૃષ્ટિ પ્રત્યે સાચી શ્રધ્ધા અને નિષ્ઠા, સમત્વનો ભાવ, વિવેક પૂર્વકનું આચરણ, અને પરમનું સતત સ્મરણ અને સાનિધ્ય કેળવવાનો આ ઉત્સવ છે. અમાવાસ્યાના અંધકારની ભયાનકતાને પૂર્ણિમાની ચાંદનીની શીતળતામાં પરિવર્તિત કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવાનો આ દિવસ છે. વિશ્વશાંતિમાં આપણું યોગદાન આપવાનો આપણે આજથી જ દૃઢ સંકલ્પ કરીએ.

શાંતિની શરૂઆત વ્યક્તિના મનમાંથી જ થવી જોઇએ... માનવ મન સારા માઠા વિચારોના પ્રવાહમાં ફંગોળાયા કરે છે. મનને વિચારોના પ્રવાહમાં ફંગોળાતું અટકાવવા માટે આપણે શું કરવું જોઇએ ?

મન એ મનુષ્યનો સૂક્ષ્મ ભાવ છે. મનુષ્યનું ભાવમય જીવન મનથી જ ઘડાય છે. સદ્‌ભાવ કે દુર્ભાવ વ્યક્તિના સદ્‌વિચાર કે દુર્વિચાર પર અવલંબે છે.

વિચારોમાં મહાન શક્તિ છુપાયેલી છે. સદ્‌વિચારો મનની શક્તિનો હ્રાસ કરે છે, અધોગતિ અને અરાજકતાના માર્ગે મનને પ્રવૃત કરે છે. સદ્‌વિચારોથી મનુષ્ય પોતાના જીવનનો ધારે તેવો વિકાસ કરી શકે છે, સમાજ અને વિશ્વના કલ્યાણકારી રચનાત્મક

કાર્યોમાં પોતાનું યોગદાન આપી શકે છે. પરિસ્થિતિમાં પલટો લાવી શકે છે, ક્રાંતિ સર્જી શકે છે,

સદ્ વિચાર એટલે શું ?

માનવ મનમાં ષડ્‌રિપુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનું સામ્રાજ્ય વત્તાઓછા પ્રમાણમાં વ્યાપેલું હોય છે.

માયાનું અને સંસારનું આવરણ આ ષડ્‌વૃતિઓ ને પુષ્ટ કરે છે અને રાગદ્વેષ, નિંદામાં મનને પ્રવૃત કરે છે. આ માયાવી પરિસ્થિતિને અને હકીકતને આપણે તટસ્થભાવે સમજીએ અને તેમાંથી છૂટવાનો પ્રયત્ન કરીએ. સદ્‌વિચારોના વહેણને મનના મહાસાગરમાં વાળવા માટે પ્રથમતો,

૧. અહમ્ ને અળગો કરો.
૨. નફરતનો ભાવ મિટાવી સર્વમાં પરમની પ્રભુતાના દર્શન કરો.
૩. કોઇને નુકશાન થાય તેવી પ્રવૃતિ ન કરો. રાગ દ્વેષ અને નિંદામાં મનને ક્યારેય પ્રવૃત ન કરો.
૪. પોતાની જાતને સાધન માત્ર ગણી અનાસક્ત ભાવે કર્મ કરો.
૫. અસત્ય, લોભ અમે વાસનાથી અળગા રહો.

આજ સુધી આપણે જેવું જીવન જીવ્યા તેનો વિચાર કે અફસોસ કર્યા વગર " જાગ્યા ત્યારથી સવાર " રાગ, દ્વેષ, ઇર્ષ્યા, અહમ્ ત્યજીને આપણા જીવનની દિશા બદલવાનો દ્રઢ સંકલ્પ કરીએ. નવજીવનની રચના કરવા સાત્ત્વિક જીવન જીવવા પ્રવૃત થઇએ. આપણા જ વિચારો જ આપણા જીવનને આકાર આપે છે તે એક વાસ્તવિક હકીકત છે. આપણા સાત્ત્વિક સમૃધ્ધ વિચારોનું આપણા વાણી, વર્તન,વ્યવહાર દ્વારા આચરણ થાય ત્યારેજ આપણી માનવતા મહોરી ઉઠે છે. આપણા પવિત્ર, સાત્ત્વિક વિચારો જ આપણામાં સુખ, શાંતિ અને સંતાષનો ભાવ પ્રગટાવી શકે છે. દુર્વિચારો મનને દુઃખ આપે છે. અશાંત કરે છે. આપણા વિચારોમાંથી જ સુખ અને દુઃખ ઉદ્‌ભવે છે.

વિચારો મનમાંથી ઉદ્ભવે છે અને ઈન્દ્રિયો દ્વારા તેનું નિર્ગમન થાય છે. **સદ્વિચારો તો સોનાની ખાણ જેવા કિંમતી છે. સદ્વિચારોથી વિભૂષિત થયેલું મન માનવને સજ્જન, સંત, મહામાનવ બનવાની પ્રેરણા પૂરી પાડે છે.**

સદ્વિચારોથી મનને સમૃધ્ધ કેવી રીતે કરવું ? સદ્વિચારોથી મનને સમૃધ્ધ કરવા માટે વ્યક્તિમાં ઊત્સાહ, ઉમંગ, લગન હોવાં જરૂરી છે. સ્વાધ્યાય, સાત્ત્વિક વાંચન કુદરતની સૃષ્ટિનું સાનિધ્ય જેવું કે વનરાજી, બાગબગીચા, પર્વત, ગુફા, ખળખળ વહેતાં ઝરણાં, નદી, સરોવર, સમુદ્ર, આકાશનો વૈભવ, સંતનું સાનિધ્ય, સત્સંગ, સદ્ગુરુનું શરણ અને માર્ગદર્શન મનને પ્રફુલ્લિત કરી સદ્વિચારોને પ્રવાહિત કરે છે. મનમાં સદ્વિચારોના મોતી પાકે છે. અને વ્યક્તિના સમસ્ત અસ્તિત્ત્વને સાત્ત્વિકતાથી વિભૂષિત કરે છે.

આપ સર્વે સદ્વિચારોનું સામર્થ્ય કેળવો અને આપના વાણી, વર્તન, વ્યવહારમાં સદ્વિચારથી વિભૂષિત સાત્ત્વિકતાનું આચરણ કરો તેવા મારા આશીર્વાદ છે.

ૐ મા ૐ



આત્મ સાક્ષાત્કાર

વ્હાલા ઉપાસક બાળકો,

આજે શ્રદ્ધામાં ઉપાસનાદિન ઉજવાઇ રહયો છે. માતાજીને શ્રદ્ધામાં નિવાસ કર્યે અગિયાર વર્ષ પૂરાં થયાં અને બારમા વર્ષનો પ્રારંભ થયો. માતાજીની ઉપસ્થિતિનો અનુભવ દરેક શ્રદ્ધાળુ ભાવિકને વિવિધરૂપે થયા કરે છે. સુવાસ, શાંતિ, સુખ, સાત્ત્વિકતા અને આનંદથી ભક્તોની ભાવોર્મિઓ ઝંકૃત થઇ જાય છે. દૃઢ મનોબળ કેળવાતું જાય છે. દુર્વૃતિઓ પર નિયંત્રણ આવતું જાય છે. આંતરિક શક્તિઓ વિકસતી જાય છે. માનવતાના મૂલ્યો સમજાતાં જાય છે, આચરાતાં જાય છે.

ઉપાસના દિનનું હાર્દ જીવનની પ્રત્યેક પળે સમજાતું રહે, અને ભાવ, પ્રેમ સાથે પ્રત્યક્ષતાનો અહેસાસ કરીને ઉપાસના કરવામાં આવે તો પરમાત્માની સૂક્ષ્મ હાજરી, માર્ગદર્શન આપણને મળતું જ રહે. આપણી ઉપાસનાને યંત્રવત્ ન બનાવતાં ભાવપૂર્ણ બનાવીએ તો જ પરમાત્માનો અને તેની પ્યારી સૃષ્ટિના જીવોનો પ્રેમ, મદદ, માર્ગદર્શન આપણને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મળતું જ રહે, તેમજ જીવનની ઝંઝાવાતો જીરવવાની, મીટાવવાની શક્તિ કેળવાતી જાય.

ઉપાસના કરવાની તમારી પધ્ધતિ તમારી રૂચિ, આવડત, શ્રદ્ધા અને સગવડ પ્રમાણે કરી શકાય પરમાત્મા - મા ભગવતી મારી સાથે જ છે, હું એકલો નથી આવો ભાવ હંમેશા મનમાં રાખવાથી પરમાત્મા હંમેશા આપણું રક્ષણ, માર્ગદર્શન કરતા જ રહે છે. વળી જીવનમાં નિડરતા, નિર્ભયતા અને સાત્ત્વિકતાની આભા છવાઈ જશે. મંત્રજાપ, નામસ્મરણ, ભજન, કીર્તન, પ્રાર્થના, ધ્યાન વિગેરે વિવિધ પધ્ધતિથી ઉપાસના કરી શકાય. ભાવથી ભગવાન સાથે માનસિક અનુસંધાન થઇ જાય તો

અંતરાત્મા આનંદથી નાચી ઉઠે છે, પુલકિત થઈ ઉઠે છે.

આપણી દૈનિક કે વિશિષ્ટ ઉપાસનાનો હેતુ શું હોવો જોઇએ? આપણી મંઝીલ શું છે? આપણું લક્ષ્ય શું છે તેનો ખ્યાલ દરેક ઉપાસકને હોવો જ જોઇએ, અને તોજ આપણા નિર્ધારિત લક્ષ્યને આંબવાનો પુરૂષાર્થ આપણે કરી શકીએ. સંતનું માર્ગદર્શન મેળવી શકીએ, સમય મર્યાદા બાંધી શકીએ.

આપણી ઉપાસનાનો હેતુ શું ભૌતિક સુખ સંપત્તિ, સંતતિ અને સગવડોની આકાંક્ષા પૂરતો જ મર્યાદિત હોવો જોઇએ ? ના, ના, જીવનની ફીલોસોફી સમજનાર ઉપાસક ભૌતિક સુખ સગવડોને ગૌણ ગણે છે, તે તો પ્રારબ્ધ, પુરૂષાર્થ અને ઈશકૃપાથી મળી જ રહે છે, પરંતુ આ ભૌતિક સુખ આ જીવન પૂરંતુ જ મર્યાદિત બની રહે છે, ભૌતિક સુખ સંપત્તિ જીવન જીવવા માટે, માણવા માટે જરૂરી તો છે જ પરંતુ આ ભૌતિક સંપત્તિ માટે પરમાત્મા સાથે સોદાબાજી ન કરી શકાય ! દા.ત "હું અમુક વ્રત કરીશ અને મને અમુક ફળ મળે" વિગેરે વિગેરે. પરમાત્મા સાથે કયારેય શેઠ નોકરનો સબંધ રાખવો નહિ. પરમાત્મા સાથે તો આત્મિયતાનો, માતા-પિતા, બંધુ-સખા, બાળકનો સબંધ જ પ્રસ્થાપિત કરવો.

આપણી ઉપાસનાનો મુખ્ય હેતુ આત્મ સાક્ષાત્કાર અને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો જ હોવો જોઇએ. પરમાત્માનું અને તેના પ્યારા સંતોનું સતત સાનિધ્ય, સત્સંગ મળતા રહે.

ઉપાસના દ્વારા કેવી રીતે સાક્ષાત્કાર કરી શકાય ? પહેલાં તો આપણે આપણા શરીરરૂપી મંદિરમાં વિરાજીત ચૈતન્ય સ્વરૂપ શિવતત્ત્વમાં જીવતત્ત્વને જોડવાનો પુરૂષાર્થ કરવો પડે. આપણું જીવન આધ્યાત્મિકતાથી સભર કરી દેવું પડે, **આધ્યાત્મિક જીવન એટલે નૈતિક મૂલ્યોને જીવનમાં અપનાવવા. પરમાત્મા રચિત**

સૃષ્ટિની પ્રત્યેક કૃતિમાં, પ્રત્યેક સર્જનમાં પરમ ચૈતન્ય આત્માનાજ દર્શન કરવા, તેને પ્રેમ કરવો, આત્મિયતા કેળવવી. આમ કરવાથી અંતરમાં આનંદની ઉર્મિઓ ઉછળવા લાગશે. અંતરમાંથી પ્રેમનો પ્રવાહ વહેવા માંડશે. અંતરાત્માનો અવાજ સંભળાવા લાગશે પરમની અનુભૂતિ સુવાસ, શાંતિ, આનંદના રૂપમાં થવા લાગશે. ઉપાસના દરમિયાન ભાવપ્રચૂર દશામાં ઉપાસકને ઈષ્ટના વિવિધ રૂપે દર્શન થાય, રોમાંચનો અનુભવ થાય, દિવ્ય પ્રકાશપૂંજ દેખાય. હું તું મા પરિવર્તિત થઇ જાય. અજ્ઞાન, વહેમ, અંધશ્રધ્ધા ના વાદળ ઓસરી જાય અને દૈવી જ્ઞાન, સાત્ત્વિક જ્ઞાન સ્વયમ્ સ્ફુરવા લાગે, વ્યક્તિત્વ પ્રતિભાશાળી અને ઓજસ્વી બની રહે. આપણી જીવન નૌકા પરમાત્મા જ ચલાવી રહ્યા છે તેવો અનુભવ અને અહેસાસ ઉપાસકને પ્રતિપળ થયા કરે.

આપ સર્વેની ઉપાસનાનું લક્ષ્ય સિધ્ધ થાય તેવા આશીર્વાદ.

ૐ મા ૐ

પરમની પ્રાપ્તિનો સરળ માર્ગ

પરમ શક્તિના પ્યારાં બાળકો,

આપણે સહુએ પરમાત્માના પ્રીતિપાત્ર બનવું હોય છે ખરૂં ને? પરંતુ તેના પ્રીતિપાત્ર કેવી રીતે બની શકાય?

અગાઉ મેં તમોને નવસિધ્ધાંતો માનવતાવ્રતના આચરણ બાબત જણાવેલ છે જ. વધુમાં ષ્ડરિપૂનું નિયંત્રણ અને મન, વચન, કર્મની પવિત્રતાનો પણ સમાવેશ થાય છે, આ બધું જ જીવનમાં ઉતારવાનું ને બધાજ નિયમોનું પાલન કરવાનું વાસ્તવિક જગતમાં ખૂબજ અઘરૂં પડે છે. એક પકડે ને બીજું છટકે એવી ઘટનાઓ બનતી જાય છે. સંસારની ઘટમાળામાં સવારથી તે સાંજ સુધીમાં આવા બનાવો બનતા જાય છે. ને તમારે તમારા સિધ્ધાંતોમાં બાંધછોડ કરવી પડે. જો કોઈપણ મનુષ્ય ઉપરના સિધ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરેતો તે મહામાનવ બની જાય, ને પરમતત્વને તેના ઈષ્ટદેવના રૂપમાં સાક્ષાત તેની સમક્ષ ઉપસ્થિત થવું પડે, પરંતુ આ હકીકત કરોડોમાં કોઈકનેજ પ્રાપ્ત થાય

ઘણા સાધકો ધર્મને આચરનારા આ સિધ્ધાંતોને અનુસરવાનો, પ્રયત્ન કરે છે. પરંતુ તે વામણો પૂરવાર થાય છે.

એનો અર્થ એ નથી કે તે સિધ્ધાંતોને અનુસરવાનો, હાંસલ કરવાનો પ્રયત્ન ન કરવો? પ્રયત્ન કરવો જરૂરી છે. જેમજેમ સફળતા મળતી જાય તેમતેમ આગળ વધતા જવું. જિંદગી સૌંદર્ય છે તો તેને કેમ વધારે સૌંદર્યમયી બનાવવી તે આપણા હાથની વાત છે. માનવીમાં જેમજેમ માનવતાનાં ગુણો પ્રસરતા જાય, મહેંકતા જાય તેમ તેમ તેની જિંદગીનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠે છે. માટે ઉપર જણાવેલ સિધ્ધાંતોનું આચરણ આવશ્યક થઈ પડે છે.

આજે તમોને ઈશ્વરપ્રાપ્તિનો એક બીજો સરળ, સહેલો રસ્તો બતાવું, પ્રભુ પ્રેમનો ભૂખ્યો છે. તેને બસ પ્રેમથી સભર કરીદો અને બદલામાં તમે તેની પાસેથી પ્રેમ લો. મેં અગાઉ કહ્યું છે તેમ,

"મૈં તુમમે સમા જાઉં
તુમ મુજમેં સમા જાઓ."

સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિથી, મા-બાળકનો સબંધ કેળવી તેની પાસે બેસો ને હૃદયના શુધ્ધ, સાત્ત્વિક ભાવથી કહો કે "હું જેવો છું તેવો તારી પાસે આવ્યો છું, તું મારો સ્વીકાર કર, હું તો માત્ર નિમિત્ત છું, નિર્માણ કરનાર તું છે. તું મને તારા પ્રેમથી ભીંજવી દે, ખરા અંતઃકરણથી હૃદયના ભાવોને છલકાવી દેશો તો એ અગોચર રહીને પણ તમારો સ્વીકાર કરશે. પરમાત્માએ આપણો સ્વીકાર કર્યો છે તેની જાણ કેવી રીતે થાય?

શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે. કે **"બધું છોડીને તું મારા શરણે આવી જા હું બધું સંભાળી લઈશ."** તમે બાળભાવે તેની પાસે બેઠા હો, અને તમારા હૃદયમાં આનંદના સ્પંદનો પ્રગટે તો માની લેજો કે અગોચર રહીને પણ તેણે - પરમાત્માએ તમારો સ્વીકાર કર્યો છે. પરંતુ તેના માટે તમારે તેના સંપૂર્ણ પાગલ પ્રેમી બનવું પડશે. આ રીતે તમે પરમતત્વના પ્રીતિપાત્ર બની શકશો.

ૐ મા ૐ

શિવજીને સમર્પિત થઇ જઇએ

વ્હાલા આત્મિયજનો,

" શિવમસ્તુ સર્વ જગત: "

સર્વ જગત શિવમય બની રહો, જગતમાં સર્વત્ર કલ્યાણ વર્તાવો, જગતમાં સર્વત્ર શિવત્વ, શુભભાવના, શુભ સંકલ્પો જ વ્યાપી રહો. આવા શુભ કલ્યાણકારી સંકલ્પો અને આચરણ જ આપણા જીવનનું ધ્યેય બની રહો.

શિવજી તો જ્ઞાનના દાતા છે. જ્ઞાનગંગાને તો શિવજીએ પોતાના મસ્તકમાં સમાવી છે. જ્ઞાનગંગાનો ફકત એક જ પ્રવાહ ધરા પર વહાવ્યો અને સગરરાજાના અજ્ઞાનના અંધકારમાં મૂર્છિત થઇ ગયેલા શાપિત પુત્રોને જ્ઞાનનો પ્રકાશ પાથરી જીવન બક્ષ્યું હતું. ભગીરથ રાજાનો અડગ નિશ્ચય અને સાત્ત્વિક પુરૂષાર્થ જ જીવતત્વને શિવત્વમાં સમર્પિત કરાવી શકયો અને જ્ઞાનગંગાને ધરા પર વહાવવા વિવશ બનાવી શકયો.

ધરા પર વહેતી ગંગા તો જ્ઞાન ગંગા છે, સ્વાસ્થ્ય ગંગા છે. આજે પણ આ પવિત્ર ગંગાનો પ્રવાહ, કેટલાય જીવોના તન, મનના મેલને ધોઇ રહયો છે. દુવૃતિઓથી દુષિત થયેલા જીવોને પાવન કરી રહયો છે.

તન, મનને સ્વચ્છ, સ્વસ્થ અને સ્વાસ્થ્યમય બનાવી રહયો છે.

જ્ઞાનનો વિશાળ ઉધધિ તો હજુ શિવજીની જટામાં જ છુપાયો છે. આ જ્ઞાન સાગરને ધરા પર ઉતારવા માટે, શિવજીની જટા છોડાવવા માટે, શિવજીને રીઝવવા, પ્રસન્ન કરવા માટે આપણે તેમના પ્રીતિપાત્ર બનવા, તેમને સમર્પિત થવા તૈયાર થવું પડશે, ભગીરથ પુરૂષાર્થ કરવો પડશે. આપણે શિવમય બનવું પડશે.

શિવરાત્રીના મંગલ પર્વે બિલ્વપત્ર અને દૂધનો અભિષેક કરી શિવલિંગની આપણે પૂજા કરીએ છીએ. આ એક ચીલાચાલુ યાંત્રિક પ્રક્રિયા ન બની જતાં ભાવિકોનો સ્વચ્છ શુભ્ર, સર્વ સમર્પણ ભાવ કેળવાયેલો હોવો જોઇએ.

સંસારના કલહરૂપી વિષને આપણે મૌન રહી તટસ્થ ભાવે, વિવેકપૂર્વક પચાવી જઇએ, ગળી જઇએ તો ઘણી બધી વિસંવાદિતાઓ શમી જાય, અટકી જાય અને આપણા તન મનનું સ્વાસ્થ્ય જળવાઇ રહે. અન્યની સાથેના સંબંધો સુધરે, સલામત રહે, સાથે સાથે આપણું આંતરિક ઐશ્વર્ય વધે. સંસારના વિષને જે મસ્તકમાં ન જવા દે કે શરીરમાં ન પ્રસરવા દે તે વ્યકિત જ શિવત્વને પ્રાપ્ત કરી શકે.

સમયના વહેણમાં પર્વોની ઉજવણીનો આધ્યાત્મિક હાર્દ વિસરાતો જાય છે. લોકો પોતાની બુધ્ધિ અનુસાર તેમાં વિકૃતિઓ, દુષણો ઘૂસાડતા જાય છે. સમાજ અંધશ્રધ્ધાથી પ્રેરાઇને આવી વિકૃતિઓ, દૂષણોનો શિકાર બનતો જાય છે. જે સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં ખતરારૂપ છે.

અમાવાસ્યાના ઘોર અંધકારરૂપી અજ્ઞાન, અંધશ્રધ્ધા, અત્યાચાર, અનાચાર, આતંકવાદ, અવિવેક, અરાજકતા અને એવા કેટલાય અમાનવિય અપકૃત્યોનો અતિરેક જગતને ભરડો લે તેની પૂર્વે શિવરાત્રીનો દિવસ જગતને ઉગારવા માટે જ નિર્માણ થયો હશે. આપણે જ્ઞાન, પ્રકાશ અને શિવત્વને પ્રાપ્ત કરી, શિવજીને આપણા સ્વામી, સહોદર બનાવી દઇ તેમના જ જ્ઞાન પ્રકાશમાં સુરક્ષિત થઇએ. જીવનપથના પથદર્શક, રાહબર શિવજીને સમર્પિત થઇ જઇએ.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

જિંદગીમાં વસંતો એજ સાચો શણગાર

ખજાનો વસંતોનો ભરી આવ્યો છું.
રણમાં વસંતો દરરોજ ખીલાવું છું.
નથી હોતા વસંતોને સીમાડા કે કિનારા ,
જિંદગીમાં વસંતો એ જ સાચો શણગાર છે.

મારૂં આ પૃથ્વી પર અવતરણ થયું ત્યારથીજ માતાજી એ મને તેમના અમૃતનું પયપાન કરાવીને મારી જિંદગીમાં વસંતોનો ખજાનો ભરી દીધો છે. વસંતનો પમરાટ મારા સમસ્ત અસ્તિત્વમાં વ્યાપી રહ્યો છે.

મારા સેવાયજ્ઞ વેળાએ નિલોષા પર કે અન્ય કોઈ સ્થળે આવતા મુલાકાતીઓની રણમય બનેલી જિંદગીમાં દરરોજ વસંતો ખીલાવી જાણું છું.

વસંતોને પૂરબહાર ખીલવવામાં કોઈ મર્યાદા નથી. જેટલી સાત્ત્વિકતા જીવનમાં વધારે તેટલી તે પૂરબહારમાં ખીલી ઉઠે છે. જિંદગીમાં સદાય વસંતો રહે એજ જીવનનો સાચો શણગાર પરંતુ વસંતો ક્યારે રહે ?

જિંદગીમાં સદાય વાસંતી બહાર માણવી હોય તો તેનો ઉપાય પણ આપના હાથમાં જ છે. ફક્ત દ્રઢ મનોબળ અને પુરૂષાર્થ દ્વારા

(૧) શરીરનું સ્વાસ્થ્ય ટકાવી રાખો. નિયમિત અને સમતોલ આહાર વિહાર દ્વારા જ શરીરનું સ્વાસ્થ્ય ટકાવી શકાય.
(૨) મનને શુભ, સાત્ત્વિક આનંદમાંજ ઝૂમવાદો. સત્સંગ, સેવા અને સંતોષ દ્વારા જ મનમાં સાત્ત્વિક આનંદના આંદોલનો પ્રસરાવી શકાય.
(૩) હૃદયમાં પરમાત્માને પ્રસ્થાપિત કરો. પરમના પ્રેમથી હૃદયને ભરી દો. આમ શરીર, મન અને હૃદયનું સાત્ત્વિક ભાવોનું સંમિશ્રણ જીવનમાં વાસંતી બહાર લાવી શકે છે. શરીર સ્વસ્થ હોય, મનઆનંદ અને સંતોષમાં હોય, હૃદયમાંથી

પ્રભુ પ્રત્યેના પ્રેમનો પ્રવાહ સતત વહેતો હોય ત્યારેજ જીવનમાં વસંતી શણગાર સજાવી શકાય.

આપ સર્વે આધ્યાત્મિક પંથના પ્રવાસીઓ છો. આપને પરમનો દિવ્ય પ્રકાશ અનુભવાય ત્યાં સુધી અવિરતપણે થાક્યા હાર્યા વગર તમારી યાત્રા, પ્રયત્ન ચાલુ રાખજો, પંથ કાપતા રાખજો.

છેલ્લા ૨૬ વર્ષથી પરમના પંથે પ્રવાસ કરી, પરમ પ્રકાશ અને શાંતિ, આનંદનો અનુભવ કરવાનો અનુરોધ હું કરતો આવ્યો છું. માર્ગદર્શન આપતો રહું છું. પુરૂષાર્થ તમારે કરવો જ રહ્યો.

વિશ્વમાં કેટલા ઉત્સુકો, ભાવિકો, મુમુક્ષોઓએ આધ્યાત્મિક પંથે પ્રયાણ આદર્યું છે. આગળ વધવા પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાક અધવચ્ચે અટવાયા છે. પરંતુ રસ્તો છોડયો નથી. કેટલાક અન્ય સરળ રસ્તાની શોધમાં પડયા છે. વ્હાલા બાળકો, તમારૂં લક્ષ્ય નક્કી કરી તેને વળગી રહો. મનબુધ્ધિની ચાલમાં અટવાશો નહી.

ભૌતિક જગતના માતાપિતા સાથે તમારો લોહીનો દેહનો સબંધ છે. લાગણીનો સબંધ છે. આ માતા પિતા તમારા જ ઘરમાં અમુક વર્ષો સુધી-તમે પગભર થાવ ત્યાં સુધી તમારો શારીરિક, સંસ્કારિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ થાય. સ્વનિર્ભરતા આવે તેવો લાગણી સભર પુરૂષાર્થ કરતા રહે છે. માતા પિતાનો આ ભાવ લાગણી નિઃસ્વાર્થ નિર્વ્યાજ કરે છે. તમે તેની કિંમત કોઈપણ કાળે અદા કરી શકશો નહિં, પરંતુ તેમના જીવનની ઢળતી સંધ્યાએ શારીરિક, માનસિક અને આર્થિક નિઃસહાયતામાં તન, મન અને ધનથી, તમારા સંપૂર્ણ સામર્થ્યથી તમે પુત્ર હો કે પૂત્રી, સંપૂર્ણ સહાયક બની સેવા કરવાની નૈતિક અને આત્મિક જવાબદારી, ફરજ સમજવાનું અને અદા કરવાનું રખે ચૂકતાં. તમારી ફરજમાં ભાવનું, લાગણીનું મિશ્રણ અવશ્ય કરજો.

શાળા મહાશાળાઓના શિક્ષકો તમારૂં બૌધિક ઘડતર અને ચણતર કરે છે. જીવનના પંદર કે વીસ વર્ષ દરમિયાન પોતાની

વ્યક્તિગત રૂચિ, અને ક્ષમતા અનુસાર શિક્ષણ મેળવી યુવાન આર્થિક ઉપાર્જનના ક્ષેત્રમાં સ્વાવલંબી બની વિકાસ કરવા પ્રયત્ન કરે છે. પુરૂષાર્થ કરતો રહે છે.

અહીંયાંથી જ તમારી ઉન્નતિ કે અધોગતિનો માર્ગ કંડારાય છે, આર્થિક ઉપાર્જનની શરૂઆત અને પધ્ધતિ તમારી જો સાત્ત્વિક અને સભર હશે. તો તન મન ધનની સ્વસ્થતા, નિર્મળતા, ટકી રહેશે. કુટુંબ પરિવારમાં સંસ્કાર અને આનંદનું વાતાવરણ પ્રસરી રહેશે. શુભ લક્ષ્મી તમારો સર્વાંગી વિકાસ કરશે. આર્થિક ઉર્પાજનનો પુરૂષાર્થ અને પધ્ધતિ જો અસાત્ત્વિક, અનૈતિક હશે તો વિકારોની વણથંભી વણજાર તમારા જીવન પ્રવાહને ડહોળી નાખશે, સૂકવી નાખશે, રૂંધી નાખશે, અધઃપતનના માર્ગે વાળી દેશે. અનૈતિક પુરૂષાર્થથી સાંપડેલી સંપત્તિ અશુભ લક્ષ્મી છે. તમારૂં અને કુટુંબ પરિવારનું સર્વાંગી સ્વાસ્થ્ય જોખમાશે. અનીતિ, વિકારો અને કુસંસ્કારો, અશાંતિ. અસંતોષ અને દુઃખ રોગ, શોકનું વાતાવરણ સર્જશે, તમારી નવી પેઢી માટે ખતરા રૂપ પૂરવાર થશે.

વ્હાલા બાળકો, બાળપણ અને કિશોરાવસ્થા સુધીનું જીવન ખળખળ વહેતા નિર્મળ ઝરણા જેવું છે. તેમાં નથી કોઇ મલિનતા, નથી કોઇ રૂકાવટ. યુવાની માં પ્રવેશ થતાં જ જીવન ઝરણાંનો પ્રવાહ સરિતામાં પરિવર્તિત થઇ જાય છે. સ્વનિર્ભરતા, આત્મવિકાસ, પરોપકારવૃતિ અને સાગરને મળવાનું તેનું લક્ષ્ય માર્ગમાં આવતા અવરોધોને દૂર કરે છે, વળોટી જાય છે કે અન્ય નવો માર્ગ કંડારી પ્રવાહને આગળ વધવા દે છે. આ છે યુવાનીનો નૈતિક પુરૂષાર્થ! યુવાનીની ખુમારી!

ગુરૂ મંત્ર દીક્ષા પામેલા પ્રિયજનો, આપની જીવન સરિતાનું વહેણ અવિરત વહેતું રહે, સાગર મિલનનું લક્ષ્ય સિધ્ધ કરે તેવો પ્રયત્ન અને પુરૂષાર્થ આપે આદર્યો છે? તમે કયા સાગરમાં વિલીન થવા ઇચ્છો છો? સંસાર સાગરમાં કે આનંદ સાગરમાં? સંસારસાગરમાં વિલીન થવાનું લક્ષ્ય તમારી જીવન સરિતાના

પ્રવાહને મલિન બનાવશે , સૂકવી નાખશે થંભાવી દેશે, અસ્તિત્વ ઓગાળી દેશે. તમારી જીવન સરિતાનો પ્રવાહ કેવી રીતે રૂંધાઇ જાય છે તેની તમને ખબર છે? નથીને?

તમારી યુવાનીના ધસમસતા જીવન પ્રવાહને ઉત્સાહથી યોગ્ય માર્ગે વાળવા, આગળ ધપાવવા માટે તમારી પાસે સાચા, સંનિષ્ઠ, નિર્લોભી માર્ગદર્શક નથી અથવા તમારૂં મનોબળ મજબૂત કરનાર આધ્યાત્મિક પથદર્શક નથી અથવા તમારો પોતાનો સાત્ત્વિક પૂરૂષાર્થ નથી તેથી તમારી યુવાનીના શક્તિ સામર્થ્યનો લાભ લેવા, તેને બહેકાવવા માટે તમારૂં આંતરિક અને બાહ્ય જગત તમને પ્રલોભનો આપી પ્રવૃત કરે છે, ક્ષણિક સુખ માટે લલચાવે છે.

તમારા આંતરિક જગતમાં, **"હું બધું જ કરી શકું તેમ છું, મારી પાસે શરીર બળ, બુધ્ધિબળ છે, મને કશું જ થવાનું નથી,"** આવું અભિમાન, અહમ્ભાવ ખોટો આત્મવિશ્વાસ તમને અસાત્ત્વિક વિષયો તરફ ધકેલે છે. હિતેચ્છુઓની રોકટોક, સલાહ સૂચન તમને અધટિત લાગે છે. તમે મન અને ઇન્દ્રિયોના ગુલામ બની જાઓ છો. મનોબળ નબળું બની જાય છે. તમારા વિકાસના નિર્ણયોને તમારૂં મન અને ઇન્દ્રિયો ફેરવી નાંખે છે. આળસ, ઉંઘ, કુટેવો, મન બુધ્ધિ ઈન્દ્રિયોને બહેકાવતી, ડોલાવતી, ગીરાવતી, પાંચ ઈન્દ્રિયોના આસ્વાદ જેવાકે સ્વાદ, શ્રવણ, દ્રશ્ય, ગંધ, અને સ્પર્શ જેવા ક્ષણિક વિકારી સુઃખ માણવા પ્રવૃત થઈ જાય છે. પાંચ કર્મેન્દ્રિયોનો મન, બુધ્ધિ, અહંકાર, સાથેનો બહેકાવ તમારી યુવાનીના પ્રવાહને મલિન અને રોગિષ્ટ કરી નાખે છે. રોગના જીવાણુંઓ અને મલિન વિચારોના આંદોલનો તમારા શરીર અને મનને નિર્બળ બનાવે છે. નિર્ણાયક શક્તિ કુંઠિત થઈ જાય છે. યુવાનીનું જોમ, ખુમારી, તમન્ના ધીમે ધીમે ઓસરી જાય છે. જીવનમાં ધારેલું શારીરિક, બૌધ્ધિક, આર્થિક, અને સામાજિક વિકાસનું લક્ષ્ય હાંસલ કરી શકતું નથી યુવાની વેડફાઈ ગયાનો અહેસાસ જીવનને હતાશ, નિરાશ, અને રોગોથી ભરી દે છે.

યુવાનીમાં તમારા બાહ્યજગતના લોભી, સ્વાર્થીમિત્રો, સગાસબંધી ઉપરાંત બાહ્ય પ્રલોભનો ઉત્પન્ન કરનારા સાધનો જેવાકે, સિનેમા, ટેલિવિઝન, પર આવતા અશ્લીલ અસંસ્કારી દ્રષ્યો, સ્વાદિષ્ટ લાગતી, અશુધ્ધ, અસાત્ત્વિક આહારની વાનગીઓ અને સ્વાદિષ્ટ આહાર બનાવનાર અસાત્ત્વિક રોગીષ્ટ તન, મનના અશુધ્ધ માણસો, પ્રસાધનોના વિવિધ સાધનો, અઘટિત પહેરવેશ, અને મોજ શોખના અશ્લીલ વ્યવહારોથી ઉભરાતાં સ્થળો તમારા જીવનને રૂંધવાના, બહેકાવવાના, બુઝાવવાના નર્કાગારો છે. તમારૂં જીવન અધઃપતનની ઊંડી ખાઈમાં ધકેલાઈ જાય છે. સંસ્કારી માતા પિતા અને પૂર્વજોનો સંસ્કારી વારસો અને તમારૂં સાત્ત્વિક પ્રારબ્ધ જ તમને બાળપણથી જ સાત્ત્વિક સંસ્કારનું સિંચન કરી શકે, સાત્ત્વિક વાતાવરણ નિર્માણ કરી શકે. જીવન પ્રવાહને યોગ્ય માર્ગે વાળી શકે.

સંસાર સાગરમાંથી તમારા જીવન પ્રવાહને આનંદ સાગરમાં વહાવવાનો પુરૂષાર્થ તમારેજ કરવો પડે. તમારૂં પ્રારબ્ધ અને તમારો સાત્ત્વિક પુરૂષાર્થ જ તમને તમારા આંતર બાહ્ય જગતમાં સાનુકૂળ, સાત્ત્વિક વાતાવરણ, સાત્ત્વિક હિતેચ્છુઓ, માર્ગદર્શક મેળવી આપે.

વ્હાલા બાળકો, તમારી જીવન સરિતાના પ્રવાહને ગંગાના પ્રવાહ જેવું નિર્મળ, ગુણકારી અને પવિત્ર બનાવવા માટે તમે ગમે તે ઉંમરના હો, આજે જ દ્રઢ નિશ્ર્ચય કરો અને આનંદ સાગરમાં જ સમાવિષ્ટ થઇ જવા તમારી જીવન સરિતાના વહેણને વહાવવા પ્રયત્નશીલ બનો, દ્રઢ સંકલ્પ કરો. તમારો સંનિષ્ઠ પ્રયત્ન હશે અને અંતરની આરઝૂ, પ્રાર્થના હશે તો પરમની કૃપા અને સંત સદ્‌ગુરૂના આશીર્વાદ, માર્ગદર્શન, સાથ, સહકાર હંમેશાં મળતાં રહેશે જ.

સંત સદ્‌ગુરૂના પાદ પ્રક્ષાલન કરવાથી, ફૂલહાર કરવાથી, ભેટ સોગાદ આપવાથી કે તમારી બૌધ્ધિક અને ભૌતિક સંપત્તિ ન્યોછાવર કરવાથી આત્મિક સુખ મળ્યાનો,

પુણ્યકાર્ય કર્યાનો સંતોષ તમે અનુભવી શકો પરંતુ સંત સદ્‌ગુરૂની આંતરિક ખુશી, આનંદ, કૃપા, આશીર્વાદની અભિવ્યક્તિ તો ત્યારેજ મળે જ્યારે તમે તેમના અતિસમૃધ્ધ આદેશો અને આદર્શોને અનુસરો, જીવનમાં અપનાવો. તમારા જીવન સરિતાના પ્રવાહને તેમની પદયાત્રાના પ્રવાહમાં વહેવા દો. તેમના જેવું સાત્ત્વિક જીવન જીવવા પ્રયત્ન કરો. તમે પણ સંત બની શકો અને જગતને સત્સંગ સેવા અને પ્રેમ પીરસી શકો. જીવનના પ્રવાસમાં હરિને સમાવો. પરમ શક્તિ મંત્ર ૐ મા ૐ નું માનસિક સ્મરણ, પરમનું ચરણ શરણ મેળવી આપશે.

વ્હાલા બાળકો, જેની ઉર્મિઓ યુવાન છે. જેની ભાવનાઓ નિર્મળ અને પ્રેમાળ છે, તેવા કોઈપણ ઉંમરના પરમના પ્રેમીઓ આપ પણ આપની જીવન સરિતાના પ્રવાહને આનંદ સાગરમાં વહાવવાનો પુરૂષાર્થ કરતા રહેજો જ.

જીવનમાં સચ્ચિદાનંદ સ્વરૂપ પરમનો અનુભવ કરવાના મારા અનુભવગમ્ય નીચે દર્શાવેલા અમૃતમય આચરણનો અનુભવ આપ પણ આપના જીવનમાં અપનાવો અને ચારે દિશાએથી પરમનો પ્રેમાળ સ્પર્શ, આલિંગન, પ્રકાશ અને ઐક્યતાનો-અદ્વૈતનો અનુભવ કરો.

વ્હાલા બાળકો.

(૧) આપનું જીવન બનાવો પવિત્ર, પ્રેમાળ, પુરૂષાર્થી.

(૨) આપનું વ્યક્તિત્વ બનાવો નિર્ભય, નિર્મળ, નિરહંકારી.

(૩) આપ સ્વયમ બનો સરળ, સદાચારી, સ્થિતપ્રજ્ઞ.

(૪) આપનું અસ્તિત્વ બનાવો વિનમ્ર, વિવેકી, વિશ્વાસુ.

આપના સંનિષ્ઠ અને સાત્ત્વિક પુરૂષાર્થ માટે મારા આપને આશીર્વાદ છે.

ૐ મા ૐ

"દિવ્ય દૃષ્ટિ"

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

શ્રધ્ધામાં માતાજીનો નિવાસ થયાને આજે આઠ વર્ષ પૂરાં થયાં અને નવમાં વર્ષનો પ્રારંભ થયો. પાટોત્સવના આ મંગલકારી દિવસ નવમી ડીસેમ્બરને હવેથી આપણે ઉપાસના દિન તરીકે ઉજવીશું.

શ્રધ્ધા નિવાસી માતાજીના દર્શન કરવાની આપને સહુને ઈચ્છા તો હશે જ ને! માતાજીના સાક્ષાત્રૂપમાં દર્શન કરવાં છે ને! આગોચરના વાસી, ગોચરમાં જ વસે છતાંય આપને કેમ દ્રશ્યમાન થતાં નથી? આપને માતાજીના દર્શન કરવા માટે દિવ્ય દ્રષ્ટિ કેળવવી પડશે, મેળવવી પડશે!

તો આ દિવ્ય દૃષ્ટિ એટલે શું?

દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઇએ?

દિવ્ય દૃષ્ટિની જરૂર શી છે?

ઘણા ભક્તો, ઉપાસકોની એક અંતરની ઇચ્છા હોય છે કે, "અમને પરમાત્માના પોતાના ઇષ્ટ સ્વરૂપમાં દર્શન કરવાં છે." ઘણા ભાઇ-બહેનો મને કહે છે કે "તમે અમને માતાજીના દર્શન કરાવો."

દર્શન કરવાની ઇચ્છા, ભાવના બહુ સારી છે. પ્રયત્ન તો કરવો પડે ને? ખેતરમાં ઇચ્છીત પાક લેવો હોય તો ખેતરનું જરૂરી ખેડાણ કરી, ખાતર પાણીથી તેને સભર કરવું પડે. યોગ્ય અને સારૂં પૌષ્ટિક બિયારણ ખેતરમાં યથા સમયે પધ્ધતિસર વાવવું પડે. પછી તેની યોગ્ય માવજત કરવી પડે. પરમાત્માની કૃપાનુસાર સાનુકૂળ હવા પાણી, ઋતુઓની અસર પ્રાપ્ત થાય તો જ સારો, ઇચ્છિત પાક પાકે છે અને લણી શકાય છે.

જીવન ખેતરમાં દિવ્યતા પ્રાપ્ત કરવા માટે આવો પુરૂષાર્થ કરવો જ પડેને? ઇશ્વરની સૃષ્ટિમાં યુગ બદલાતા રહે છે. દરેક

યુગમાં અન્ય યુગનું અસ્તિત્ત્વતો હોય છે જ પરંતુ તેનું પ્રાધાન્ય પ્રભુત્વ વધતું, ઓછું હોય છે.

પ્રથમ ત્રણ યુગ સત્, ત્રેતા અને દ્વાપર યુગમાં વૈદિક જીવન શૈલી અસ્તિત્વમાં હતી. વૈદિક સમયમાં મંત્ર શક્તિનું પ્રાધાન્ય હતું. તંત્ર અને યંત્ર શક્તિ પર મંત્ર શક્તિનું પ્રભુત્વ હતું. તેથી આ યુગને મંત્ર યુગ કહેવાતો. અર્વાચીન યુગમાં યંત્ર શક્તિનું પ્રાધાન્ય વધારે છે અને મંત્ર તેમજ તંત્ર શક્તિનું પ્રાધાન્ય ઓછું છે, નહિવત્ છે.

મહાભારતના યુધ્ધ વખતે સંજયજીને મળેલી દિવ્ય દષ્ટિની વાતનો ગીતામાં નિર્દેષ થયેલો છે. આ દિવ્ય દષ્ટિની શક્તિ, સંજયજીની ક્ષમતા પિછાણીને વેદવ્યાસજીએ યુધ્ધના સમય પૂરતી તેમને પ્રદાન કરી હતી, જેથી કુરૂક્ષેત્રના મેદાનમાં ખેલાતા યુધ્ધની અને કૌરવ-પાંડવોના સૈન્યની પરિસ્થતિનો આંખે દેખ્યો અહેવાલ તેઓશ્રી ધૃતરાષ્ટ્રજીને મહેલમાં બેઠાં બેઠાં જોઇને વર્ણવી શકતા હતા. મંત્ર શક્તિથી શસ્ત્રોમાં શક્તિ સિંચન કરી શકાતી હતી, મંત્ર શક્તિથી વ્યક્તિ અનેક સ્વરૂપ ધારણ કરી શકતી હતી, ગોચર અગોચરની વસ્તુઓ જોઇ શકાતી, વાતો સાંભળી શકાતી, સંદેશાઓની આપલે થઇ શકતી. મંત્ર યુગમાં તંત્ર અને યંત્રનું અસ્તિત્ત્વ હતું. યંત્રો મંત્ર શક્તિથી ચાલી શકતાં, ચલાવી શકાતાં. તંત્ર વિદ્યા આસુરી તત્ત્વોમાં વ્યાપ્ત હતી, પરંતુ મંત્ર શક્તિ આગળ તે ટકી શકતી નહતી.

સાત્ત્વિક વિચાર સરણી ધરાવતો સમાજ, ઋષિમુનિઓ, અવતારી પુરૂષોનો એ યુગ હતો. ઘરના સુસંસ્કારો, ગુરૂનું વિદ્યાદાન, અને સાત્ત્વિક પુરૂષાર્થથી દરેક વ્યક્તિ મંત્ર સાધનામાં, સાત્ત્વિક જીવન પ્રણાલિમાં, ઇશ્વર ઉપાસનામાં વ્યસ્ત રહેતી, જેને કારણે તેને દિવ્ય શક્તિ, દિવ્ય દષ્ટિ મળી રહેતી. સાત્ત્વિક જીવન પ્રણાલિને કારણે સંતોની, સદ્ગુરૂની, પરમાત્માની કૃપાશિષ પણ

મળી રહેતી. આવી સત્વશીલ, કૃપાશિષ પામેલ વ્યક્તિઓ પોતાની ઇચ્છાશક્તિ દ્વારા પોતાને પ્રાપ્ત થયેલી દિવ્ય શક્તિને જન હિતાર્થે વિનિયોગ કરતી. વૈદિક કાળમાં આધ્યાત્મિકતા અને વિજ્ઞાન એક સિક્કાની બે બાજુ જેવા હતાં. બંનેનું એકબીજા પર અવલંબન ગણવામાં આવતું હતું. તે સમયનો ઋષિમુનિ, સંત કે સદ્ગુરૂ આધ્યાત્મિક વૈજ્ઞાનિક ગણાતા. આધ્યાત્મિક અને વિજ્ઞાનની શક્તિ એકબીજા પર નિર્ભર હતી તે સમયનો સમાજ વિજ્ઞાનને આધ્યાત્મિકતાના એક ભાગરૂપ જ ગણતો. વેદોમાં વર્ણવેલું બધું જ જ્ઞાન અને વિજ્ઞાન અધ્યાત્મના-ધર્મના મૂળભૂત સિધ્ધાંતો પર જ આધારિત છે.

સત્‌યુગમાં જ્યારે કોઇ ભાષાકીય લિપિ અસ્તિત્ત્વમાં ન હતી ત્યારે ઋષિમુનિઓ ધ્યાનાવસ્થા કે ઉપાસના દરમિયાન પરમાત્મા સાથે ગોષ્ઠિ કરી શકતા, તેમની વાણી સાંભળી શકતા અને જનસમુદાયમાં વહેતી કરતાં. આપણા વેદો એ સ્વયમ્ પરમાત્માએ વર્ણવેલા, શ્રી મુખે ઉચ્ચારેલા શાસ્ત્રો છે જે ઋષિ, મુનિઓએ ધ્યાનાવસ્થા દરમિયાનસાંભળ્યાં, (શ્રુતિ), યાદ રાખ્યા (સ્મુતિ) અને દર્શન કર્યા. આ શાસ્ત્રો શ્રુતિ અને સ્મૃતિના રૂપમાં પ્રચલિત છે. આ સાંભળેલ અને કંઠસ્થ કરેલા જ્ઞાનનો પ્રવાહ વારસાઈમાં વહેતો થયો. ચતુર્વેદી, ત્રિવેદી, દ્વિવેદી જેવાં કૌટુંબિક નામો પરથી જેના વડવાઓને ચારવેદ, ત્રણવેદ અને બે વેદોનું જ્ઞાન કંઠસ્થ હતું. તેમ અનુમાન કરી શકાય. વેદવ્યાસજીએ વેદોના આ જ્ઞાનને પોતાની દિવ્ય શક્તિ અને ઇશ્વરની કૃપા દષ્ટિથી ભાષામાં નિરૂપણ કર્યું. શ્રુતિ, સ્મૃતિ અને દર્શનની શક્તિ જ તે જમાનાના સદ્ગૃસ્થોમાં હતી તે કાળના પ્રવાહમાં લુપ્ત થતી ચાલી. કોઈક એવા સંત, ઓલીયા કે સદ્ગુરૂને ઈશ્વર દર્શન થાય અને પરમાત્માના શ્રી મુખની વાણી સાંભળવા મળે.

અર્વાચીન યુગ એ યાંત્રિક યુગ છે. બુધ્ધિ પ્રાધાન્યનો આ

યુગ છે. આ યુગમાં યંત્ર શક્તિનુ પ્રાધાન્ય વધારે છે. વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. અધ્યાત્મવાદ-ધર્મને વિજ્ઞાનથી છુટું-અલગ ગણવામાં આવે છે. આધ્યાત્મ શક્તિ, મંત્ર શક્તિ કરતાં બુધ્ધિની શક્તિને પ્રાધાન્ય આપવામાં આવે છે. અંતરનો અવાજ ધૂંધળો બનતો જાય છે. ઇશ્વરનું અસ્તિત્ત્વ કે તેની શક્તિ વિષે શંકા સેવાય છે. વિજ્ઞાનની શોધખોળો એ કશું જ નવું નથી. ઇશ્વરની સૃષ્ટિમાં, અસ્તિત્ત્વમાં રહેલી જ વસ્તુઓ અને સિધ્ધાંતો છે, હકીકતો છે, જે સમયના પડળમાં દબાઇ ગઇ કે લુપ્ત થઇ ગઇ હતી તેને વિજ્ઞાનના અખતરાઓ-પ્રયોગો દ્વારા શોધી કાઢવામાં આવ્યા. "RESEARCH" નો અર્થ જ "ફરીથી શોધવું" એવો થાય છે. આધુનિક વિજ્ઞાન ફક્ત સૃષ્ટિમાં વિલસતી, ઉપસ્થિત વસ્તુઓ અને હકીકતોને શોધી કાઢે છે, નવો ચળકાટ આપે છે અને નવા નામાભિધાન અને ઉપયોગ સાથે જગત સમક્ષ મૂકી ગૌરવ અનુભવે છે. આપણી ખોવાઇ ગયેલી વસ્તુ, મહેનતને અંતે આપણને મળે ત્યારે આપણને કેવો આનંદ થાય છે! વૈજ્ઞાનિકોને પણ ખોવાઇ ગયેલાં, વિસરાઇ ગયેલાં કે લુપ્ત થઇ ગયેલાં, પરમની સૃષ્ટિના રહસ્યોને શોધી કાઢીને આવો જ આનંદ અને સંતોષ થતો હશે.

વિજ્ઞાનની શોધ જગતને જરૂર ઉપયોગી છે પરંતુ જો તેનો જનહિતાર્થે, વિકાસના પંથે રચનાત્મક કાર્યોમાં ઉપયોગ થાય તો જ! વિનાશક શોધો આસુરી સૃષ્ટિને વધારે છે, અને સમાજને તેમજ વિશ્વને આસુરી માર્ગે, વિનાશના માર્ગે ધકેલતી જાય છે. માનવને માનવતા વિહોણો બનાવે છે. યંત્ર યુગમાં માનવી રીમોટ કંટ્રોલથી કે વીજળીની ચાંપ દબાવીને તેના બેઠક ખંડમાં આનંદ કરતાં કે શયન ખંડમાં આરામ કરતાં કરતાં દુનિયાના કે ઉપગ્રહોના દૃષ્યો નિહાળી શકે છે, વાતો સાંભળી શકે છે, સંદેશાઓની આપલે કરી શકે છે. ટેલિવિઝન, ટેલિફોન, રેડિયો,

કોમ્પ્યુટર વિગેરે યંત્રોમાં વિદ્યુત શક્તિ પ્રવાહિત થાય કે તરત જ આ યંત્રો કાર્યાન્વિત થાય છે. વિશિષ્ટ વ્યક્તિઓના જ્ઞાનનો ઉપયોગ, સામાન્ય વ્યક્તિ વિત્ત કે વગના જોરે કરી શકે છે, માણી શકે છે. વિશિષ્ટ વ્યક્તિઓને અથવા તેમના જ્ઞાનને ખરીદી પણ શકે છે.

યંત્ર યુગમાં ભૌતિક સુખ સગવડની એષણાએ માણસને અસાત્ત્વિક પુરૂષાર્થમાં ધકેલી દીધો છે. વૈદિક યુગના સાત્ત્વિક ગુણો, દૈવી વૃત્તિઓ, સુસંસ્કારો વિસરાતા જાય છે, તેનો લોપ થતો જાય છે. યંત્ર યુગમાં મનુષ્યનું સમસ્ત અસ્તિત્ત્વ યાંત્રિક અને ભૌતિકતાવાદી બનતુ જાય છે. ભૌતિક સુખ સગવડોને કારણે મનુષ્ય એશઆરામી, પ્રમાદી, આળસુ બનતો ગયો. ષડ્‌વૃત્તિઓનું આવરણ, જોર વધતું ગયું. અસંસ્કારિતા વધવા માંડી, જેથી સમાજ વ્યવસ્થા કથળવા માંડી, કુટુંબ પ્રેમ, કૌટુંબિક સબંધો તૂટવા માંડ્યા. ભૌતિક સુખ સગવડના, સુખસાહ્યબીના સાધનો હોવા છતાં મનુષ્યની માનસિક સુખ શાંતિ હણાઇ ગયાં, અને સુખ શાંતિની શોધમાં તે હવાત્તિયાં મારવા લાગ્યો. આખરે હારીથાકીને આવી અશાંતિની પળોમાં સત્સંગ, સંતસમાગમ, સદ્‌ગુરૂનું માર્ગદર્શન શોધવા તે મથે છે. આધ્યાત્મિકતા તરફ તે વળે છે. પરમાત્માની શોધ માટે, પહેચાન માટે તે પ્રયત્નશીલ બને છે. શ્રધ્ધા શરણાગતિની પગદંડી શોધવા અને તે પથ પર ચાલવા તે સંતનું, સદ્‌ગુરૂનું માર્ગદર્શન મેળવે છે. આધ્યાત્મિકતાની, ઇશ્વરની વાતો તેના બુધ્ધિ પ્રદેશની બહારની લાગતી હોવા છતાં તેમાંથી શાંતિનો અનુભવ થતો હોવાથી તેમાં તે રૂચિ દાખવે છે, રસ લે છે. ધ્યાન, મંત્રજાપ, સત્સંગ, સંતસમાગમ અને સદ્‌ગુરૂના માર્ગદર્શન હેઠળ તે સાત્ત્વિક કાર્યોમાં, સાત્ત્વિક આચરણમાં પ્રવૃત બને છે.

સંતોને થતા ઇશ્વરીય, આધ્યાત્મિક અનુભવો અને પ્રાપ્ત

થયેલ વિશિષ્ટ સાત્ત્વિક શક્તિઓથી તે અંજાઇ જાય છે, હેબતાઇ જાય છે. ઇશ્વરને દૃષ્ટિ ગોચર કરવાની તેને અભિપ્સા જાગે છે, પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તે પ્રયત્નશીલ બને છે, પુરૂષાર્થ આદરે છે. દિવ્ય શક્તિ અને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરવાની તેને ઇચ્છા થાય છે.

દિવ્ય દૃષ્ટિ કેવી રીતે અને ક્યારે પ્રાપ્ત થાય?

દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે મનુષ્યે પોતાનું જીવન, વ્યવહાર અને સમસ્ત અસ્તિત્ત્વ, સાત્ત્વિક બનાવવું જોઇએ. દૈવી ગુણોને આત્મસાત્ કરવા પડે. મન, વચન અને કર્મની ઐકયતા કેળવવી પડે. ષડ્વૃત્તિઓ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરને નિયંત્રણમાં રાખવા પડે, માનવતાને મહેંકાવવી પડે, માનવતા વ્રતનું આચરણ કરવું પડે. નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત્ કરવા પડે. જીવન યોગી જેવું નિર્દોષ, આસક્તિ રહિત, સાત્ત્વિક બનાવવું પડે. એક વખત સાત્ત્વિક જીવન જીવવાની આદત પડી જાય એટલે દિવ્યતા અસ્તિત્ત્વમાંથી નીખરવા માંડે. શરીરની ફરતે તેજોવલય-પ્રકાશની આભા છવાયેલી રહે. શરીરની પ્રત્યેક ઇન્દ્રિય સાત્ત્વિકતાથી સભર બની જાય. આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન સધાઇ જાય. પરમાત્માની કૃપા આશિષના અધિકારી બની જવાય. પરમાત્માના પ્યારા સંતો, મહાપુરૂષોની સાથે આત્મિયતા કેળવાય. તેમની સાથે માનસિક આત્મિક પરામર્શ થાય, તેમની વિશિષ્ટ શક્તિઓ સંક્રાંત થાય, શરીરની દરેક ઇન્દ્રિયોની શક્તિ દિવ્યતા ધારણ કરી શકે.

આવી દિવ્ય શક્તિથી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય. ગોચર અગોચરમાં કોઇપણ વસ્તુ કે હકીકત જાણી શકાય, દેખી શકાય, પોતાના ઇષ્ટદેવના દર્શન થાય. આવી વિશિષ્ટ શક્તિ વૈશ્વિક હિતમાં, જનહિતાર્થે જ વાપરવી જોઇએ.

યંત્રયુગમાં અર્વાચીન જગતમાં આજે પણ સાત્ત્વિક

આત્માઓ, પ્રભુના પ્યારા પયગંબરો, ફિરસ્તાઓ, અવતારી પુરૂષો છે અને જનહિતાર્થે નિ:સ્વાર્થભાવે જનસેવા કરતા રહે છે. તેઓ પરમાત્મા સાથે સતત અનુસંધાન સાધતા રહે છે, પરમતત્વની ગોચર અને અગોચર સૃષ્ટિને પોતાની દિવ્ય દૃષ્ટિથી નિહાળી શકે છે, વિહરી શકે છે, સંદેશાઓની આપલે કરી શકે છે.

પરમાત્માએ પોતાના આનંદ માટે સૃષ્ટિનું નિર્માણ કર્યું છે જેથી તેની રૂચિ અને જરૂરિયાત અનુસાર તેના ફિરસ્તાઓને તે ગોચર સૃષ્ટિમાં મોકલી, સાત્ત્વિક સૃષ્ટિના નિર્માણનું કાર્ય કરાવે છે.

યંત્ર યુગમાં સામાન્ય વ્યક્તિને દિવ્ય દૃષ્ટિ, દિવ્ય શક્તિ પ્રાપ્ત ના થઇ શકે?

દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય શક્તિ મેળવવાનો સૌને અધિકાર છે. પરમાત્માની દૃષ્ટિમાં કોઇ મનુષ્ય સામાન્ય કે અસામાન્ય નથી. આપણો પુરૂષાર્થ અસામાન્ય સાત્વિક હોવો જોઇએ. **આપણું જીવન અને જીવનની દરેક પ્રવૃત્તિમાં પરમાત્માને સાક્ષીભાવ રાખીને, પ્રભુપ્રિત્યર્થે કાર્ય કરીએ, સર્વત્ર પરમાત્માની ઉપસ્થિતિ-હાજરીનો ખ્યાલ રાખીને, દરેકમાં પ્રભુનો વાસ છે એવો મનોભાવ કેળવવામાં આવે તો આપણામાં દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય શક્તિ સંક્રાન્ત થઇ જાય.**

ૐ મા ૐ

મંગલ મંદિર

વ્હાલા ઉપાસક ભાઈઓ,

માતાજીને શ્રધ્ધા ધામમાં નિવાસ કર્યે આજે બાર વર્ષ પૂરાં થયાં અને તેરમા વર્ષનો મંગલ પ્રારંભ થયો. શ્રધ્ધા ધામ પરમશક્તિ મા ભગવતીની પ્રત્યક્ષ ઉપસ્થિતિથી મહેંકી રહ્યું છે. ધબકતું રહ્યું છે. પરમશક્તિ મા ભગવતીનો જ્યાં નિવાસ હોય ત્યાં તેના સૂક્ષ્મ સ્વરૂપ સત્યમ્, શિવમ્, સુંદરમનો અનુભવ થયા જ કરતો હોય છે. આજના પાવન પર્વને આપણે ઉપાસના દિનનું નામાભિધાન કર્યું છે. ઉપાસના દિનનું હાર્દ જીવનની પ્રત્યેક પળમાં ગૂંથાઈ જાય તેવી પ્રાર્થના અને પુરૂષાર્થ પ્રત્યેક ઉપાસકે કરવો જોઇએ.

ઉપાસના તો આપ સહુ હરરોજ કરતા જ હશો; પરંતુ ઉપાસનાનો મર્મ સમજવો જરૂરી છે ઉપાસના એટલે શું ?

ઉપાસના એટલે ઉપાસ્ય દેવ, પોતાના ઇષ્ટદેવનો સહવાસ કેળવવો, પરમનું સતત સ્મરણ રહેવું, વાસનાઓમાંથી ઉપરામ થવું એટલે કે મુક્ત થવું. શ્રધ્ધાધામમાં મા ભગવતીનું સાનિધ્ય માણવા ભાવિકો સંધ્યા સમયે શ્રધ્ધાકુટીરમાં આવે છે શાંતિનો,

આનંદનો, હળવાશનો અનુભવ કરે છે. માતાજીની મીઠી, મમતામયી સુવાસભરીને, ધન્યતા અનુભવીને પરત પોતાના વ્યવહારમાં ગોઠવાઇ જાય છે. શ્રધ્ધાધામ ભાવિક ભક્તો માટે મંગલ મંદિર બની ગયું છે.

આપ સર્વે પણ આપની નિયમિત ઉપાસના-પૂજા, મંત્ર, જાપ, ભજન, કીર્તન, ધ્યાન વિગેરે માધ્યમ દ્વારા પરમાત્માની નજીક રહેવા પ્રયત્ન તો કરતા જ હશો. આપે પણ આપના ઘરમાં દેવસ્થાન તો રાખ્યું જ હશે. આપની ઉપાસના યંત્રવત્ ન બની જાય , નહિતર આપનું દેવસ્થાન, આપની ઉપાસના પધ્ધતિ જડ, અચેતન બની જશે. **આપની ઉપાસના ભાવનાઓથી ભરેલી, પ્રેમ, લાગણી સભર, ચેતનવંતી હોય તો જ આપના ઉપાસ્ય દેવમાં વિલસી રહેલ ચૈતન્ય તત્ત્વને આપ અનુભવી શકો. આપના ઇષ્ટદેવની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો અનુભવ કરી શકો. આપનું દેવસ્થાન ચેતનવંતુ બની શકે, શાંતિનું ધામ - મંદિર બની શકે.**

મંદિર એટલે શું ? મનની અંદર પ્રવેશ કરવો, મનના દોરને કાબુમાં રાખવો, નિયંત્રિત કરવો. મન દ્વારા હૃદયસિંહાસન પર વિરાજીત પરમતત્ત્વ-આત્મા-શિવતત્ત્વ સમીપ આપણી સમગ્ર ચેતનાઓને વાળવી અને આપણી અંદર જ આપણા ચિત્તમાં સંગ્રહાયેલ અખૂટ ગૂઢ જ્ઞાન, કલા, શક્તિ અને સદ્ગુણોને પિછાની શકાય, કાર્યાન્વિત કરી શકાય, સમિષ્ટના શ્રેયાર્થે તેનો વિનિયોગ કરી શકાય.

જગતમાં જ્યાં જ્યાં જે કોઇ સંપ્રદાયોના ધાર્મિક સ્થળો છે મંદિર, મસ્જિદ, દેરાસર, ગુરૂદ્વારા ચર્ચ વિગેરેમાં પોતાના ઇષ્ટદેવનું પ્રતિક કે પ્રતિમા એક નિશ્ચિત સ્થાન પર રાખવામાં આવે છે જ્યાં ભાવિકો દર્શન કરે છે. મંદિરમાં બિરાજીત પ્રતિમાને મસ્તક નમાવી આપણે પરમના શરણમાં જવાનો ભાવ અભાનપણે

પણ પ્રદર્શિત કરીએ છીએ. પરમના ચરણ સ્પર્શ દ્વારા પરમની દિવ્ય ચેતના-ઉર્જાને આપણી ચેતના-ઉર્જામાં સંક્રાંત કરી આપણી ચેતનાને સતેજ કરવાનો પ્રજ્વલિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. પરમના વરદ હસ્ત અને દિવ્ય દ્રષ્ટિ દ્વારા આપણા પર આશિર્વાદની કૃપા વરસતી રહે તે ભાવનાથી મંદિરમાં બિરાજીત ઇષ્ટદેવને વંદન કરીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ. આપણા શરીરરૂપી મંદિરમાં બિરાજીત ચૈતન્યતત્ત્વ આત્માને અને સ્થૂળ ગૂંબજધારી મંદિરમાં બિરાજીત ઇષ્ટની પ્રતિમાના ચૈતન્યતત્ત્વને આત્મસાત કરવા માટે આપણે આપણા મનનું સામર્થ્ય કેળવવું પડે.

મનનું સામર્થ્ય કેવી રીતે કેળવી શકાય ?

મનને સામર્થ્યવાન, સુદઢ, સુનિયંત્રિત બનાવવા માટે આપણે આપણી નજર સમક્ષ ઉત્તમ ધ્યેય, ઉત્તમ આદર્શ નક્કી કરવો પડે. મનને અંતરાત્માના નિયંત્રણમાં મૂકવું પડે, જેથી મનમાં વિવેક જાગે, વિવેક દ્વારા જ મન પોતાની પ્રચંડ શક્તિને પહેચાની શકે અને સુમાર્ગે વાળી શકે. ચિત્તમાં સંગ્રહાયેલ જ્ઞાન, કલા, શક્તિ સામર્થ્યને પિછાની શકે. સત્સંગ, સાત્ત્વિક વાતાવરણ, સ્વાધ્યાય, સદ્‌ગુરૂનું શરણ, સાનિધ્ય, માર્ગદર્શન તેમજ પરમની કૃપા જ આપના સાત્ત્વિક પુરૂષાર્થને પુષ્ટ કરી શકે. બુધ્ધિના વિકાસની સાથે સાથે મનનો વિકાસ થાય, મન સુદઢ બને. મનનો સંપૂર્ણ સહકાર બુધ્ધિને મળતો રહે તો જ મન માનવતાના મૂલ્યોને પિછાની શકે, આચરણમાં મૂકી શકે, માનવતા સભર મન જ મંદિર, તીર્થ ધામ, પરમાત્માનું નિવાસસ્થાન બનાવી શકે, બની શકે.

રાગ, દ્વેષ અને અહમ્‌ભાવ મનના તરંગોને બહેકાવી મનને વિક્ષુબ્ધ, મલિન ન બનાવે તે માટે મંત્રજાપ, નામ સ્મરણના વારિથી મનને હંમેશાં સ્નાન કરાવતા રહો અને શુધ્ધ, સ્વચ્છ, સરળ રાખતા રહો. આપણા સાત્ત્વિક ઉત્કર્ષની આડે આવતો

આપણો અહમ્ અભેદ દિવાલ ન બની જાય તે માટે સતત જાગૃતિ રાખતા રહેવું પડે. આપણી પ્રજ્ઞા - બુધ્ધિ આપણા મનથી પર છે. મનના માધ્યમ દ્વારા જ આપણે પુરૂષાર્થ કરી બુધ્ધિનો વિકાસ કરી જીવનના મહામૂલાં સત્યો શોધી શકીએ. બુધ્ધિના વિકાસ માટે સદ્‌વિદ્યાની પ્રાપ્તિ જરૂરી છે. વિદ્યાને પ્રાપ્ત કરવા માટે પણ મનને પ્રવૃત કરવું પડે; માટે સુદ્દઢ સામર્થ્યવાન મન દ્વારા જ સુવિદ્યા પ્રાપ્ત કરી શકાય. જીવનમાં શુભ લક્ષ્મી, સુખ, શાંતિ અને સંતોષની પ્રાપ્તિ અને તેના સુમાર્ગે જનહિતાર્થે ઉપયોગ સુદ્દઢ મન, સુવિદ્યા અને સદ્‌બુધ્ધિને જ આભારી છે.

આપણું મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર આપણા જન્મજન્માંતર ના સંસ્કાર, કર્મ, વર્તમાન જીવનના આપણા અનુભવો, સંસ્કાર, વાતાવરણ, જ્ઞાન અને પ્રારબ્ધ પર અવલંબી રહેલું હોય છે.

વર્તમાન જીવનનો સાત્ત્વિક પુરૂષાર્થ સમર્થ સદ્‌ગુરૂનું શરણ અને ઇષ્ટની કૃપાથી જીવનમાં બદલાવ લાવી શકાય છે, પરિવર્તન આવી શકે છે.

આપણું મન સુદ્દઢ, સ્વસ્થ બને તો સુખ, શાંતિ અને સંતોષનું વાતાવરણ જીવનમાં કુટુંબ પરિવારમાં સ્થાપી શકાય, પ્રસરાવી શકાય, સુદ્દઢ સામર્થ્યવાન મન દ્વારા જ સમતાનો ભાવ કેળવી શકાય, દુ:ખની લાગણીઓને સુખમાં પરિવર્તિત કરી શકાય. સુખદુ:ખમાં અને કોઇપણ સાનુકૂળ કે વિપરીત પરિસ્થિતિમાં સમતા અને ક્ષમતા કેળવી શકાય.

આજના ‘ઉપાસના દિન‘ પર્વનો ઉત્સવ આપને પ્રેરણાદાયી નીવડે અને આપનું મન સમૃધ્ધ, સુદ્દઢ અને સામર્થ્યસભર બને તેવી શુભભાવના સાથે મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

માતા–પિતા દેવ સમાન છે

મારી વ્યક્તિગત મુલાકાત દરમિયાન યુવાનો, વડીલો, વૃદ્ધો પોતપોતાની સમસ્યાઓ લઇને આવે છે. હું દરેકને માતાજીના સંકેત-પ્રેરણા અનુસાર માર્ગદર્શન આપું છે. પરન્તુ મેં અનુભવ્યું છું, જોયું છે, સાંભળ્યું છે કે જીવનની સંધ્યાએ, વૃદ્ધાસ્થાના આરે ઊભેલાં વડીલો, વૃદ્ધો, માતા-પિતાની હાલત ધણી દયાજનક છે. આજના સમયમાં પુત્રો અને પુત્રવધૂઓ દ્વારા થતી માતા-પિતાની અવગણના આપણા સમાજની ચિંતાજનક પરિસ્થિતિ છે. આજદિન સુધીમાં સેંકડો મા-બાપો મારી મુલાકાતે આવી ચૂક્યાં છે, જેઓનું તેમના ઘરમાં કોઇ સ્થાન નથી, કોઇ માન નથી. પુત્ર તેઓની ધરાર ઉપેક્ષા-અવગણના કરે છે પુત્રવધૂઓ સાસુ-સસરાની કોઇ આમન્યા જાળવતી નથી. એટલું જ નહિ, તેઓને તે સતત તરછોડતી રહે છે. આ પરિસ્થિતિ યુવાનો માટે ધણી જ શરમજનક છે.

મારી વ્યક્તિગત મુલાકાત દરમિયાન માતા-પિતાની ધોર ઉપેક્ષા થવાના અનેક કિસ્સાઓ મારી જાણમાં આવ્યા છે.

એક કરોડપતિ પિતાએ પોતાના જીવતે-જીવત પોતાની તમામ મિલકત પોતાના એકના એક પુત્રના નામે કરી દીધી. સમય

જતાં પુત્રે પોતાના નામ પર કરેલી તમામ મિલકત પિતા પાસેથી લઇ લીધી અને પિતાને ઘરની બહાર કાઢી મૂકયા.

બીજા એક કિસ્સામાં પુત્રવધૂએ સસરાના માથામાં સાણસી મારી. માથામાં ઘા પડયો અને ટાંકા લેવા પડયા.

એક પુત્ર જરાક વાંકું પડતાં માને લાતો મારતો.

એક માએ પોતાના એકના એક દીકરાને પરણાવ્યો. પત્નીના પ્રેમમાં માને પ્રેમ ભૂલી ગયો. પોતાને ત્યાં દીકરો આવ્યો. માનો પ્રેમ તો દીકરાપર ને દીકરાના દીકરા પર નિરંતર વહેતો હતો - વહેતો જ હોય છે પણ પુત્રને તેની કદર નહોતી - હોતી નથી.

એક વાર દીકરાનો દીકરો માંદો પડયો. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો. દાદીમા ખડે પગે દીકરાના દીકરાની તહેનાતમાં ઉભાં રહ્યાં. એટલું જ નહિ, પ્રતિજ્ઞા કરી - સંકલ્પ કર્યો કે જ્યાં સુધી પૌત્ર સારો નહિ થાય ત્યાં સુધી હું અન્ન-જળનો ત્યાગ કરીશ. પૌત્રને સારો થતાં પૂરા ત્રણ દિવસ લાગ્યાં ત્રણ દિવસ સુધી દાદીમાએ અન્ન-જળ ન લીધાં. એટલું જ નહિ. ત્રણ દિવસ સુધી પૌત્ર પાસે હોસ્પીટલમાં જ બેસી રહ્યાં.

પુત્રને પોતાના વર્તાવ બદલ પસ્તાવો થયો ને માનો પ્રેમ સમજાયો.

અહીં હું માત્ર યુવાનોની ક્ષતિઓ વિશે જ વાત કરવા નથી માગતો. માતા-પિતા પક્ષે પણ કંઇ ને કંઇ વજૂદવાળી ફરિયાદો પણ હશે જ, તેમ છતાં માતા-પિતા પૂજ્ય જ છે ને પૂજ્ય જ રહેશે. માતા-પિતાના પ્રેમની તોલે જગતમાં બીજી કોઇ ચીજ રહી શકે તેમ નથી. હકીકત ગમે તે હોય, પણ માતા-પિતાની ઘોર ઉપેક્ષા-અવગણના કરવી, તેમનું અપમાન કરવું, તેમને હડધૂત કરવાં કે તેમની. તમામ વાતોને વાહિયાત કે વજૂદ વિનાની ગણવાની ભૂલ ન કરવી જોઇએ.

એક કવિએ ગાયું છે ને કે–

જનનીની જોડ સખી નહિ જડે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.

માનો પ્રેમ–વાત્સલ્ય અટળ છે નિરંતર છે. એમાં કદી ઓટ નથી આવતી. મા-બાપ જેવો પવિત્ર પ્રેમ ને પવિત્ર સંબંધ આ જગતમાં બીજો કોઇ જ નથી.

પત્ની પ્રત્યેના પ્રેમથી પ્રેરાઇને માતા-પિતાની ઉપેક્ષા કરવાની જરૂર નથી, પત્ની પ્રત્યેના અઢળક પ્રેમની સાથે પણ માતા-પિતાના વાત્સલ્ય-પ્રેમની મહત્તા પણ અંકાવી જ જોઇએ. તેમને માન-આદર આપવા જ જોઇએ.

જીવનમાં સુખી થવું હોય તો માતા-પિતાને ભૂલશો નહિ. તેમની અવગણના કરશો નહિ. ઉપેક્ષા કરશો નહિ. તેમનાં દિલને દુ:ખ પહોંચાડીને, તેમની આંતરડી કકળાવીને જીવનમાં કયારેય હાશ નહિ અનુભવી શકો. જીવનમાં સુખી, સમૃદ્ધ ને સફળ થવું હોય તો માતા-પિતાના આશીર્વાદને પ્રથમ આગળ કરો. પછી ડગ માંડો. માતા-પિતા પ્રત્યે એવું વલણ-વર્તન દાખવો કે તેમના આશીર્વાદના તમે આપોઆપ અધિકારી બનો. માતા-પિતાના અંતરના આશીર્વાદ ફળ્યા વિના રહેતા જ નથી.

હું મારી જ વાત કરું તો, હું જ્યારે નોકરીએ જતો ત્યારે ઘરની બહાર પગ મૂકતાં પહેલાં બાપુજી દરરોજ મને ટકોર કરતા : ‘ જો બેટા ! અનીતિનો એક પૈસો પણ ઘરમાં લાવતો નહિ. નહિ તો તે આ બધું જ ઘસડી જશે.’ આજે પણ બાપુજીની ટકોરમાં મને વજૂદ જણાય છે.

મારા યુવાની કાળના એ દિવસો હતા. મારે ફિલ્મ લાઈનમાં જોડાવું હતું. તે વખતે સ્વ. પૃથ્વીરાજકપૂરને મેં અરજી પણ કરેલી. હું ટેસ્ટ આપવા પણ ગયેલો. પૃથ્વીરાજકપૂરે મને પસંદ પણ કર્યો. તેની સાથે જોડાવા મને તેણે નિમણૂંક પત્ર પણ પાઠવ્યો. આ નિમણૂંક પત્ર લઈ હું બાપુજી પાસે ગયો. મેં તેમને હકીકત જણાવી. તેમણે મને કહ્યું. “તું અમારો એકનો એક દીકરો છે. તું ફીલ્મ લાઈનમાં જોડાય તે અમને પસંદ નથી.” મેં મારો એ નિમણૂંક પત્ર ત્યાં ને ત્યાં જ ફાડી નાખ્યો અને પછી મારો ફિલ્મ લાઇનનો શોખ સદંતર બંધ કરી દીધો.

એટવું જ નહિ, માતા-પિતાને હું એકનો એક દીકરો. હું તેમનાથી અળગો રહું તેમ તેઓ ઇચ્છતા નહિ. આથી ગોધરા બહાર સારા પગારની-સારા હોદ્દાની ઘણી નોકરીઓ મેં જતી કરી.

જ્યારે માતાજીએ અમદાવાદ આવવાનો આદેશ આપ્યો અને મેં અમદાવાદ આવવા તેમની રજા માગી ત્યારે તેમણે પ્રથમ તો એમ જ કહ્યું કે, તને અહીં શું દુઃખ છે? તું ત્યાં એકલો કેવી રીતે રહીશ ? તને કંઇ મુશ્કેલી આવી તો તારું કોણ ? અહીં તો અમે છીએ.

બાપુજીની લાગણી સમજી શકાય તેમ હતી. પરન્તુ મેં કહ્યું,'માતાજીનો આદેશ છે એટલે જાઉં છું.'

માતાજીએ ચીંધેલ સેવાકાર્યનો આરંભ થયા પછી તેમની આંખો મીંચાઈ.

તમે નારેશ્વરના સંત રંગઅવધૂતનું નામ સાંભળ્યું હશે. તેઓ પરદેશ જઇ આવ્યા છે. પણ એક વાર અમેરિકા જવાનું હતું. તમામ તૈયારીઓ થઇ ચૂકી હતી. પણ તેમનાં માતા રુક્મામ્બાએ કહ્યું: 'રંગા ! તારે અમેરિકા નથી જવાનું.' બસ તેમણે પણ માતાની આજ્ઞા માથે ચઢાવીને અમેરિકા જવાનું માંડી વાળ્યું.

કહેવાનું તાત્પર્ય કે મા-બાપની પ્રત્યેક ટકોર પોતાના સંતાનના હિતમાં જ હોય છે. સમયાન્તરે એ ટકોરનું વજૂદ-તથ્ય સમજાય છે. માતા-પિતાની ટકોર પાછળ તેમની દીર્ઘદૃષ્ટિ રહેલી હોય છે. તેમની વાણી અનુભવવાણી હોય છે. માબાપને મન ૨૫-૩૫ વર્ષનો દીકરો પણ ૫-૧૫ વર્ષનો અણસમજુ-નાદાન જ લાગે છે. અથવા તો પોતાનો વ્યવહાર ડાહ્યો પુત્ર કયાંક અજાણતાં જ કોઇ લોભલાલચમાં સપડાય નહિ કે ક્યાંક જાણ્યે-અજાણ્યે તેનું અહિત નહિ થાય તેવી લાગણી રહેલી હોય છે.

ઘણીવાર પૈસા અંગે, ખર્ચ અંગે, માલમિલકત અંગે, સંબંધો-મિત્રો અંગે, પિતા પુત્રને ટકોર કરે છે. ને તેમાંથી કયારેક ચડભડ થાય છે ને પછી વાત વણસે છે. એ ટકોરમાં પોતાનું કોઇ અહિત નહિ થાય તેવી જ પિતાની લાગણી હોય છે. તેઓનો

અનુભવ બહોળો હોય છે. આંટીઘૂંટીઓની તેમને જાણ હોય છે. તેમણે ખૂબ પરિશ્રમ કરીને પાઈ-પાઈ ભેગી કરી હોય છે, મિલકત ઊભી કરી હોય છે, તેથી તેનું મૂલ્ય તેઓને મન ઘણું હોય છે. તેની યથાયોગ્ય જાળવણી થવી ઘટે તેવો તેમનો આગ્રહ હોય છે. એમાં ખોટું પણ શું છે? પરિશ્રમપૂર્વક પ્રાપ્ત કરેલી માલમિલકત વેડફાઇ જાય તે કોને પસંદ પડે ?

મેં ઘણા કિસ્સાઓમાં સાંભળ્યું છે કે, પુત્ર પોતાનો સ્વતંત્ર ધંધો ચાલુ કરે, પણ પિતાને તેની સહેજ પણ માહિતી નથી હોતી, પિતા તે અંગે કશું જ જાણતા નથી હોતા. ધંધાની શરૂઆત થાય છે. સમારંભો થાય છે, પાર્ટીઓ યોજાય છે, અદ્યતન ઢબે યોજાતી પાર્ટીના પરિવેશમાં કરોડપતિ પિતા એક ખૂણે બેસી લાચારીથી બધું જોયા કરે છે. આ ચિત્ર કેટલું દયાજનક ને શરમજનક છે! ભલે તમે સ્વતંત્ર ધંધો ચાલુ કરો, પણ સાથે માતા-પિતાના આશીર્વાદ અને પિતાનું અનુભવજ્ઞાન રાખો અને પછી એનું શું પરિણામ આવે છે તે જુઓ.

માતા-પિતા કોઇપણ સમયે, કોઇપણ પરિસ્થિતિમાં વર્જ્ય નથી, ઉપેક્ષા-અવગણનાને પાત્ર નથી. તેમના આશીર્વાદ અને અનુભવને નજર સમક્ષ રાખવાં જ રહ્યાં. તેમનાં માન-આદર-પ્રતિષ્ઠા જળવવાં જ જોઇએ. તેમની સેવા માટે - તેમણે ચીંધેલ કાર્યો માટે - સદા તત્પર રહેવું જ જોઇએ. તેમની ટકોરોનું તાત્પર્ય સમમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. તેમની શીખામણો જીવનમાં ઉતારવી જરૂરી છે. તેમના અનુભવજ્ઞાનને મૂલ્યવાન ચીજની જેમ જાળવી રાખો, તેનું જતન કરો. માતા-પિતાના સંસ્કાર-પ્રતિષ્ઠા લજવાય એવું કોઇ કાર્ય ન કરો. જીવનમાં એવાં કાર્યો કરો જેથી માતા-પિતા તમારે માટે ગૌરવ લઇ શકે ને તમે પણ ઉન્નત મસ્તકે ફરી શકો.

તમે ગણપતિ અને કાર્તિકેયનો પ્રસંગ જાણતા હશો. કાર્તિકેય પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળ્યા, પણ ગણપતિએ તો માતા-પિતાની પ્રદક્ષિણા કરીને જ સંતોષ માણ્યો.

જીવનમાં માતા-પિતાની પ્રસન્નતા મેળવવી જરૂર છે.

જેમણે પરમતત્ત્વની કૃપા મેળવવી છે, ઉપાસના કરવી છે, તેઓ માતા-પિતાને કદી ન વિસરે.

પરંતુ ખાટલે મોટી ખોડ કે આજના યુવાનોમાં સહનશીલતાનો અભાવ જોવા મળે છે. એમાંથી જ કુટુંબમાં અનેક પ્રકારનાં વૈમનસ્યો-સંઘર્ષો-કલેશો જન્મે છે, જે માતા-પિતાની ઉપેક્ષા-અવજ્ઞા સુધી પહોંચે છે જે ઉચિત નથી. દરેક યુવાન ભાઈ-બહેને થોડીક સહનશીલતા કેળવવાની જરૂર છે. થોડીક ગમ ખાવાની પણ જરૂર છે.

જે બહેનો જે ઘરની ‘વહુ’ બને છે. તેના રીતરિવાજો - કુટુંબની પ્રણાલિ, ત્યાંના વાતાવરણ, સગાં-સંબંધી, મિત્રો સૌ સાથે હળીમળી જવાની જરૂર છે. દૂધમાં સાકર ભળી જાય છે, અને એનું અસ્તિત્વ મીઠાસમાં પરિવર્તિત થઇ જાય તેમ સાસુ-સસરા-વડીલોની આમન્યા જાળવવાની જરૂર છે. ઘરની વહુ બન્યા પછી તેણે કેટલીક આચાર-સંહિતા પાળવાનું જરૂરી લાગે છે. ઘણી નાની-નાની બાબતો પ્રત્યે કાળજી રાખવી જરૂરી છે. ‘પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી’ કહેવત અનુસાર મા-બાપના બારણેથી-માંડવામાંથી વિદાય લઇ ‘વહુ’ તરીકે અન્ય ઘરમાં પ્રથમ પગલું માંડતાં જ ત્યાંના વાતાવરણમાં ભળી જાવ. સાસુ-સસરાને જ માતા-પિતા માની પિયરની મમતા હ્રદયના એક ખૂણામાં સાચવી રાખો. માતાપિતાના સંસ્કારને-પ્રતિષ્ઠાને સદા યાદ રાખો. નણંદ-દિયરને જ ભાઇ-બહેન સમજો. સૌનાં કાર્યો કરવા તત્પર રહો. સૌને સસ્મિત આવકારો. સૌ કાર્ય સાસુને પુછીને કરો. એમાં નાના નથી દેખાવાના. સાસુ-સસરાનાં તમામ કાર્યોનું ધ્યાન રાખો. કાળજી રાખો. સાસરિયાં ગમે તેટલાં આકરાં હોય તો પણ વેઠયે જ છૂટકો. સાસુ-સસરાની અવજ્ઞા-ઉપેક્ષા કદી થવી નહિ ઘટે એટલું તો ધ્યાન રાખવું જોઇએ.

એકવાર સુરતમાં વ્યક્તિગત મુલાકાત દરમ્યાન એક બહેન આવ્યાં. તેમણે તેમનાં સાસુ વિરુદ્ધ ઘણી ફરિયાદો કરી. તેમણે જણાવ્યું કે સાસુ આખો દિવસ ટક્ ટક્ કર્યા કરે છે. મેં

બહેનને કહ્યું : જુઓ બહેન ! જ્યારે તમારાં સાસુ બોલવાનું ચાલુ કરે ત્યારે તમે મૌન થઇ જજો અને મંત્રજપ ચાલુ કરી દેજો.

'આધ્યાત્મિક કેડી' ની વાચક દરેક 'વહુ'ને મારું સૂચન છે કે, જ્યારે જ્યારે સાસરામાં તમને કોઇ પણ વિષમ પરિસ્થિતિનો અનુભવ થાય ત્યારે મૌન સેવી મંત્રજપ ચાલુ કરી દેશો. એનું અવશ્ય સત્પરિણામ અવુભવવા મળશે.

કોઇકના ઘરની વહુ બનવા જતી **'આધ્યાત્મિક કેડી'** ની દીકરીઓ ! તમે સૌ મારા આશીર્વાદ લઇને પ્રભુતામાં પગલાં માંડો છો. માંડવામાંથી વિદાય આપતી વેળા તમારાં મા-બાપ આંખમાં અશ્રુઓ લાવી કહે છે : 'બેટા ! તારાં સાસુ-સસરાને જ તારાં મા-બાપ ગણજે, નણંદ-દિયરને જ તારેં ભાઇ-બહેન માનજે.' મા-બાપના એ શબ્દોને જીવનમાં સાર્થક કરી દેખાડજો. સાસુ-સસરાની કદી અવજ્ઞા-ઉપેક્ષા ન કરશો. સાસરિયાનાં સારાં-ખોટાં વચનો સાંભળી દિલ દુભાય તેવું કોઇ કાર્ય કરશો નહિ. કૌટુમ્બિક-સામાજિક ફરજો-વ્યવહારો અદા કરવામાં સાસુની સાથે રહેવું એ વહુની ફરજ છે.

અગ્નિની સાક્ષીએ તમે એક અજાણ્યા યુવાનને, એક અપરિચિત માણસોને, ઘરને, વાતાવરણને, તેના રીતરિવાજ, તેના સગાંસંબંધી-મિત્રોને તમારાં પોતાનાં કરવા જઇ રહ્યા છે. આપણી હિન્દુ સંસ્કૃતિમાં લગ્ન એ પવિત્ર બન્ધન છે. એમાં સ્નેહ-સમર્પણ ભળેલાં છે. એ એક સાધના છે. એ સાધના સહનશીલતા, ધીરજ, પ્રેમ, સંતોષ અને સહાનુભૂતિ વિના સિદ્ધ નથી થઇ શક્તી. 'આધ્યાત્મિક કેડી' ની દીકરીઓ-વહુઓ આ હકીકત ધ્યાનમાં રાખે એમ હું ઇચ્છું છું.

કોઇવાર તમારી લાગણીમાં પ્રેરાઈને તમારો પતિ માતા-પિતાનું અપમાન કરે-ઉપેક્ષા કરે, કે તરછોડે તો તમે તેને તેમ કરતાં રોકજો. એની -પતિની લાગણી જરૂર માથે ચઢાવજો, એ લાગણીથી ધન્યતાની-કૃતકૃત્યતાના ભાવથી પતિને સભર બનાવી દેજો અને માતા-પિતા પ્રત્યેના પ્રેમ-માન-આદરનું તેને સ્મરણ કરાવતા રહેજો. એ તમારી ફરજ છે.

આપણે ત્યાં પશ્ચિમની સંસ્કૃતિની જેમ લગ્ન એક કરાર નથી પણ પવિત્ર બન્ધન છે. પતિ એ માત્ર મિત્ર નથી. કદાચ એ મૈત્રી હોય તે શયનખંડના બારણાની બહાર જઇ નહિ શકે. ઘરનાં વડીલો, સાસુ-સસરાની હાજરીમાં પતિને નામ દઈને કે તું કારથી બોલાવશો નહિ.

સૌભાગ્યના શણગારથી સહેજ પણ અળગા ન રહેશો. કપાળમાં ચાંલ્લો, હાથમાં બંગડી અને ગળામાં જેવું મળે તેવું મંગળસૂત્ર પરિધાન કરવાનું અને જો ગમે તો સેંથીને કુકુમવર્ણી કે સિંદુરવર્ણી રાખવાનું, તેમજ વાળમાં તેલ નાખી સ્વચ્છ રીતે સરખા વાળ ઓળવાનું ભૂલશો નહિ. તમને અને તમારા પતિને ગમતું હોય તો પંજાબી ડ્રેસ વગેરે પતિ સાથે કે પાર્ટીમાં જાઓ ત્યારે પહેરો. એમાં પણ મર્યાદા જાળવજો. તમારા શરીર અને વ્યક્તિત્વને તે કેટલું અનુરૂપ લાગે છે તે વિચારજો. ભલે તમે તમારો શોખ પૂરો કરો, પણ સાસરીમાં વડીલો વચ્ચે સાડી ને પ્રસંગોપાત્ત ગુજરાતી સાડી જ તમારો માન-મોભ્ભો-વ્યક્તિત્વ-સંસ્કાર ને પ્રતિષ્ઠાને દીપાવશે.

પિયરની મમતામાંથી એક અપિરિચિત ઘર સાથે-માણસો સાથએ મમતા જોડવા જઇ રહ્યાં છે કે જોડો છો ત્યારે પિયરની મમતાની-પિયરની જાહોજલાલીને-પિયરની દોમદોમ સાહ્યબીને તમે છોડી જ દીધી છે, એને તમારા હ્રદયના છાના ખૂણે રાખી મૂકો, અને તમે જે ઘર અને વર પસંદ કર્યા છે તેનું ગૌરવ કરતાં શીખો. તમારા પિયરથી ભલે તમને પચ્ચીસ જોડ કપડાં કે પચ્ચીસ તોલા સોનું આપ્યું હોય ને સાસરિયાએ ભલે પાંચ સાડી કે પાંચ તોલા જ સોનું આપ્યું હોય તો પણ એ પાંચ સાડી કે પાંચ તોલા સોનાને પચ્ચીસ જોડ કપડાં કે પચ્ચીસ તોલા સોના કરતાં વિશેષ મૂલ્યવાન સમજો અને એને પ્રેમથી પહેરો, કારણ દરેક મા-બાપ પોતાના દીકરાને હોંશથી પરણાવે છે, કેટલા ઉમંગથી વહુ લઇ આવે છે એટલું જ નહિ, એ વહુ માટે પાંચ જોડ કપડાં ને પાંચ તોલા સોનાના દાગીના તમારા પતિ અને સાસુ-સસરાએ મહામહેનતે તૈયાર કર્યા હોય છે એથી એનું મૂલ્ય અને ગૌરવ

સમજો અને જાળવો.

ઘરમાં સાસુ સહિત સૌ સવારે ઉઠે તે પહેલાં અથવા સૌની સાથે તમે પણ શયન ખંડની બહાર આવી જાવ અને સસ્મિત સૌને આવકારો બને ત્યાં સુધી સવારમાં ચા દુધ ના પ્યાલા પ્રેમ પૂર્વક તમારા હાથે દરેક ને આપો. ઘરનું તમામ નાનુ મોટું કામ ઉપાડી લેવાની તથા તમામ નાની મોટી બાબતોની કાળજી લેવાની ધ્યાન રાખવાની એક વહુ તરીકેની તમારી ફરજ છે. ઘરનો તમામ કાર્યભાર તમે ઉપાડી લો, સાસુને એવું લાગવું જોઈએ કે, અમારી વહુ ઘરનું કામ ઉપાડી લે તેવી છે. મારે કશી ચિંતા નથી. એવું વલણ તમે દાખવો. સારા-માઠા પ્રસંગોમાં તમે ઘરનો મોભ બનીને રહો.

તમારા પતિ સહિત સૌ પોતપોતાના કામે બહાર જાય ત્યારે તે સર્વને સસ્મિત વિદાય આપો. પોત પોતાના કામેથી ઘરમાં આવેત્યારે સસ્મિત સૌને આવકાર આપો. સૌના કાર્યમાં-પ્રવૃત્તિમાં રસ દાખવો.

આપણા સમાજમાં-સાસુ-નણંદ-ભાભીના નામો વગોવાયેલા છે. ભાભી-નણંદના ઝગડામાં મોટે ભાગે ઈર્ષ્યા-અહમ્ જ કારણ ભૂત બનતા હોય છે. તમે પણ કોઈકનાં નણંદ કે કોઈકના ભાભી છો. ભાભી તરીકે નણંદને આવકારવાની આવશ્યક્તા છે. એટલું જ નહિ, નણંદ તરીકે ભાભીના માન આદર-ગૌરવ જાળવતાં શીખવાની પણ જરૂર છે. વહુ તરીકે તમને જે કાંઈ મળ્યું છે. એમાં જ તમે સંતોષ ને આનંદ માણો. તમારા સાસુ-સસરા પોતાની કમાણી માંથી નણંદને ભલે ગમે તેટલું આપે પણ તમે એ અંગે કશો વિરોધ નહિ કરી શકો. નણંદ ભલે પરણીને પારકે ઘરે ગઈ છે, પણ તેના મા-બાપની તો એ લાડકવાયી-વહાલસોયી દિકરી જ છે. દરેક નણંદ ભાભીને પારકી નહિ સમજે. તે પારકી જણી પણ તમારા ભાઈની પત્નિ છે. તમારી ગેરહાજરીમાં તમારા માતા-પિતાની સંભાળ લેનાર ભાભી જ છે. તમારા ભાભી કંઈક દિલના આશા-અરમાન લઈ ને તમારે ઘરે આવી છે. એનાં આશા-અરમાન કચડાય નહિ તે તમે જોજો.

પરાપૂર્વથી સાસુ-વહુ, નણંદ-ભોજાઈના સંબંધો પર છવાયેલી કાલિમાની દુર કરવી જોઈએ એમ હું માનું છું. એ કાલિમાની ભીતરમાં દરેકનો અહમ્-ઈર્ષા, અસંતોષને સંશય જ સમાયેલા છે.

અત્રે વહુને-પુત્રવધૂને પક્ષે મેં જણાવેલી આચારસંહિતાના અભાવને કારણે કુટુંબમાં પુત્રવધૂને માટે થોડોક અસંતોષ જન્મે છે, અસંતોષમાંથી કલેશ, કલેશમાંથી વૈમનસ્ય સર્જાય છે અને વૈમનસ્ય સર્જાતાં સહનશીલતાના અભાવે પુત્ર અને પુત્રવધૂ, માતા-પિતા, સાસુ-સસરાને ધિક્કારવા લાગે છે. તેમની ઉપેક્ષા-અવગણના કરવા લાગે છે.

પરદેશોમાં ઘરડાં-ઘરની વ્યવસ્થા કરવામાં આવી છે. માતા-પિતા વૃદ્ધ થતાં પુત્ર તેમને ઘરડાં-ઘરમાં મૂકી આવે છે અથવા ગમે તે કારણે અસહાય-નિરાધાર થયેલ વૃદ્ધો ઘરડાંઘરમાં રહે છે. આપણે ત્યાં પણ ઘરડાં-ઘરના નિર્માણની દિશામાં પગરણ મંડાઈ ચૂકયાં છે. એ પગરણ આગળ મંડાતાં અટકે તે ઉચિત છે. ઘરડાં-ઘરના નિર્માણને નામશેષ બનાવવાની જવાબદારી યુવાનોની છે.

'આધ્યાત્મિક કેડી' ના પુત્રો-પુત્રવધૂઓને મારો આદેશ છે કે, જે મા-બાપે તમને જન્મ આપ્યો, કેટલાં દુઃખ-અગવડ વેઠી મોટા કર્યાં , તમારી જરૂરિયાતો સંતોષી, ભણાવ્યાં, પરણાવ્યાં, જીવનમાં સ્થિર કર્યાં, તે મા-બાપને ભૂલશો નહિ. તરછોડશો નહિ. તેમના જીવનની ઢળતી સંધ્યાએ તેમને લાચાર-નિરાધાર-અસહાય ન બનાવતાં તેમના ટેકારૂપ માનજો. જે તમારા આધાર બન્યા તેના તમે આધાર બનવાની માનવતાને વિસરશો નહિ. તો જ તમે ઈશ્વરના ઐશ્વર્યને પામી શકશો.

' માતૃદેવો ભવ અને પિતૃદેવો ભવ ' ની ઉક્તિ અનુસાર માતા-પિતામાં જ ઈશ્વરનાં દર્શનની અનુભૂતિ કરવાનો પ્રયાસ કરો એ જરૂરી લાગે છે.

ॐ મા ॐ

"વિશ્વ શાંતિમાં આપનું યોગદાન'

"હેપી મિલેનીયમ", "હેપી ન્યુ ઈયર" વિગેરે શુભેચ્છાઓ સાથે આપણે નૂતન સદીને, નૂતન વર્ષને આવકારીએ છીએ અને કામના કરીએ છીએ કે, નૂતન સદી, એકવીસમી સદી સૃષ્ટિના સર્વ જીવો માટે સુખમય, શાંતિમય, આનંદમય પસાર થાય.

વિશ્વમાં ઘણા માનવીઓએ નૂતન સદીનો પ્રારંભ, ચિરંજીવ યાદગાર બની રહે તે રીતે ભૌતિક સાધન, સંપત્તિના માધ્યમ દ્વારા ઉત્સાહભેર એકલા કે મિત્રવર્તુળ, આત્મિયજનોના સાથ સહકારથી ઉજવી હશે.

નૂતન સદીની મંગળ ઘડી આવીને સરી પણ ગઈ, સમયના વહેણની સાથે મોજમસ્તી આનંદ અને સુખની ક્ષણો પણ વહી ગઈ. શરીર અને મનની તાજગી, તરવરાટ, સ્વસ્થતા ઓસરવા લાગ્યાં અને થકાવટ, તણાવનો અનુભવ મન અને શરીરને વર્તાવવા લાગ્યો. આનંદના હિલોળે ચઢેલા ઉત્સાહરૂપી ઉદધિમાં ઓટ આવવા લાગી. મનુષ્ય જીવનની ઘટમાળમાં પાછો ગોઠવાઈ ગયો. હેપી મિલેનીયમને સુખ, શાંતિ આનંદ અને માધુર્યમય બનાવવા આપણે સહુ ઈચ્છીએ છીએ. વિશ્વનો પ્રત્યેક માનવ તેના માનવસિધ્ધ અધિકાર સાથે સુખ, શાંતિ, સંતોષ અને આનંદથી તેનું જીવન પસાર કરે તેવી આપણે શુભ કામના કરીએ છીએ.

પરંતુ આપણી આ વિશ્વશાંતિની શુભ ભાવના ક્યારે અને કેવીરીતે શક્ય બને?

વિશ્વશાંતિ, માનવમનની શાંતિ, ભૌતિક સાધન, સંપત્તિથી હાંસલ કરી શકાય જ નહિ. તેના માટે તો આધ્યાત્મિક સાધનોજ સિધ્ધ પૂરવાર થઈ શકે, પ્રદુષિત થયેલા સૃષ્ટિના અને માનવમનના વાયુમંડળને શુધ્ધ, સ્વચ્છ કરવાની જરૂર છે, માનવ મનમાં વ્યાપી રહેલા આસુરી, અશુભ વિચારોરૂપી ગંદવાડને સાફ કરવાની જરૂર છે.

વિશ્વ એ પરમાત્માનું સર્જન છે. માનવજાતે તેની આસુરી

વૃત્તિઓને બહેકાવવા માટે ક્ષણિક આનંદ અને સુખ માટે સ્વ અને સૃષ્ટિના વાતાવરણને, વાયુમંડળને પ્રદુષિત કરી દીધુ, અસાત્ત્વિક બનાવી દીધું.

આપણે આ અસાત્ત્વિકતાને, પ્રદુષણને દૂર કરવા આપણું યોગદાન આપીએ.

(૧) વિશ્વની પ્રત્યેક વ્યક્તિ ગમેતે ધર્મ, સંપ્રદાય કે મઝહબની હોય, વિશ્વશાંતિ માટે પોતાનો દૃઢ સંકલ્પ કરે.

(૨) ૐ મા ૐ મંત્ર, કે પોતાના ઈષ્ટદેવનો મંત્ર કે ઈષ્ટદેવનું નામ સ્મરણ સાથે જ દિવસની શરૂઆત કરીએ.

(૩) ૐ મા ૐ ના ઉચ્ચારણથી જ પ્રત્યેક કાર્યનો આરંભ અને સમાપ્તિ કરે.

(૪) આપણા વાણી, વિચાર કે ચર્ચાના વિનિમયનો આરંભ અને સમાપ્તિ ૐ મા ૐના ઉચ્ચારણથી જ કરીએ.

(૫) દિવસના સંધિકાળ-પ્રાતઃકાળ, મધ્યાન્હકાળ અને સાયંકાળ સમયે ૐ મા ૐ ના ઉચ્ચારણથી વાયુમંડળને આંદોલિત કરીએ.

(૬) રાતે સૂતી વખતે ૐ મા ૐના રટણ સાથે જ નિંદ્રાધીન થાવ.

(૭) નવરાશના સમયે મનને ૐ મા ૐ ના રટણમાં પ્રવૃત્ત કરી દો. ૐ મા ૐ ના ઉચ્ચારણથી વાયુમંડળને આંદોલિત કરી દો.

(૮) પરમાત્મા સતત મારી સાથે જ છે તેવો ભાવ કેળવી તેનો સતત અહેસાસ કરો.

(૯) વિશ્વશાંતિ માટે પરમાત્માને અહર્નિશ પ્રાર્થના કરો.

નૂતન સદીનો પ્રત્યેક દિવસ અને પ્રત્યેક દિવસની પ્રત્યેક ક્ષણ ૐ મા ૐ ના ઉચ્ચારણ- રટણથી આંદોલિત થશે તો જ વાયુમંડળમાં પ્રસરેલ ઘોંઘાટ, અશુભ શબ્દો, અશુધ્ધ હવાને સાત્વિકતામાં પરિવર્તિત કરી શકાશે. માનવ મનને સાત્ત્વિક આનંદ અને શાશ્વત શાંતિમાં પ્રવાહિત કરી શકાશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી

આદેશ માતનો કદમ રાજબાળના

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન નં.
૧.	દિવ્ય આદેશો દિવ્ય માર્ગદર્શન	૫૭
૨.	ધરતીના કંપન થંભ્યા	૬૬
૩.	પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞ	૭૩
૪.	શીમા સુરક્ષા	૯૦

ૐમાૐ

દિવ્ય આદેશ
" તારે આ વિધિ કરવાની છે"

"ભાવનગરમાં તખ્તેશ્વરનું જૂનું રેલ્વે સ્ટેશન છે, ધરતીકંપ અટકાવવા માટે ત્યાં જઇ તારે આ વિધિ કરવાની છે."

તા. ૧૪-૯-૨૦૦૦ ગુરૂવારે સવારે પૂજા દરમિયાન મારી આંતરદૃષ્ટિથી મેં નીચે પ્રમાણે દૃષ્ય નિહાળ્યું. ભાવનગરમાં તખ્તેશ્વરના જૂના રેલ્વે સ્ટેશન પાસે જાહેર રસ્તાની ડાબી બાજુએ એક જગ્યાએ.

૧. ૧ફૂટx૧ફૂટનો ખાડો અગોચરરૂપે ખોદાયો.
૨. ખાડામાં એક તાંબાનો કુંભ ઊંધો મૂકાયો.
૩. ખાડામાં થોડું પાણી પધરાવાયુ.
૪. ખાડામાં પછી કપચી પધરાવી.
૫. તેના પર થોડું પાણી પધરાવાયુ.
૬. તેમાં થોડો ગુંદર પધરાવાયો.
૭. તેના પર થોડું પાણી પધરાવાયુ.
૮. તેમાં થોડા કોલસા પધરાવાયા.
૯ તેના પર થોડું પાણી પધરાવાયુ.

પછી ખાડો માટીથી પૂરી દેવાયો. આ દશ્ય પૂર્ણ થયા પછી મારા કાનમાં મૃદુ અવાજ સંભળાયો કે આ તખ્તેશ્વરનું જૂનું રેલ્વે સ્ટેશન છે. ભાવનગરમાં ધરતીકંપ અટકી જાય માટે તારે ત્યાં જઇને આ પ્રમાણે વિધિ કરવાની છે.

" વડોદરામાં ધરતીકંપ થવાનો છે."

તા.૧૭-૯-૨૦૦૦ રવિવારે સવારે પૂજા દરમિયાન માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે, " ૨૭મી તારીખે વડોદરામાં ધરતીકંપ થવાનો છે, તેના પહેલાં ત્યાં જઇને તારે વિધિ કરવાની છે, વિધિમાં કંકુ વાપરવું નહિં." પછી મારી આંતરદષ્ટિથી મેં વડોદરા શહેરની બહાર વિધિ કરવા માટેની નિશ્ચત જગ્યા જોઇ. એ મકરાપુરા વિસ્તારમાં ખંડેર મહેલની સામેનું ખુલ્લું મેદાન હતું.

॥ ૐ મા ૐ ॥

" તું તારી શક્તિ જાગૃત કર "

સ્વપ્નાનુભૂતિ

તા.૨૯-૯-૨૦૦૦ શુક્રવારે રાતે મારા સ્વપ્નમાં માતાજી પધાર્યા. મને કહે, " ચાલ તૈયાર થઇ જા," હું માતાજીને પગે લાગ્યો અને પૂછયું કે, "માતાજી મારે શું પહેરવાનું છે? " માતાજી કહે, "લેંઘો ઝભ્ભો ચાલશે. " મેં સફેદ લેંઘો અને ઝભ્ભો પરિધાન કર્યા. અમે સાથે જવા માટે નીકળ્યાં. કેવી રીતે અને ક્યાં જઇએ છીએ તે ખબર ન પડી પરંતુ દૃષ્ય બદલાયું.

કાળી અંધારી રાત હતી. ચોમેર અંધકાર હતો ડામરની સડક હતી. દૂર દૂર દીવા ટમટમી રહ્યા હતા. આ ધોર અંધકારમાં અમે ઉભા હતા. ત્યાંથી એક કે બે ફૂટના અંતરે કાળા, ઉંચા, પડછંદ ઓળાઓ ચીચીયારીઓ પાડતા, આક્રંદ કરતા વર્તૃળમાં ઉભા હતા. માતાજી સાથે જ હતાં તેથી મારામાં હિંમત ભારે હતી.

થોડીવાર પછી માતાજી કહે "આ બધા પ્રેતાત્માઓને તું મુક્તિ આપ" હું મનોમન વિચાર કરવા લાગ્યો કે મારી કોઇ તૈયારી નથી. મારી પાસે જળ નથી, અગરબત્તી નથી, તેમજ હું લેવા જઇ શકું તેમ પણ નથી. હું વિચાર કરતો ઉભો જ રહ્યો. માતાજી કહે શું વિચાર કરે છે ? તારામાં શક્તિ છે. તું તારી

શક્તિ જાગૃત કર. "હું વિચારું કે કેવી રીતે મારી શક્તિ જાગૃત કરું?" "મેં માતાજીને વિનંતી કરી કે, આપ આ કાર્ય એક સેંકડમાં કરી શકો તેમ છો, આપ જ આ કાર્ય કરો." "માતાજી કહે, નહિ, તારે જ આ કાર્ય કરવાનું છે. તારામાં શક્તિ છે." હું બે હાથ જોડી વિચારતો હતો, તેવામાં જ માતાજીએ મારા બંને જોડેલા હાથ તેમના હસ્તથી છૂટા કરી દીધા અને સીધા કર્યા, પછી માતાજીએ મારા જમણા ખભા પર તેમનો હસ્ત મૂક્યો. મારા આશ્ચર્ય વચ્ચે મારા બંને હાથની હથેળીઓમાંથી પ્રકાશના કિરણો નીકળવા લાગ્યા. આ પ્રકાશપૂંજના પ્રભાવથી પેલા ઓળાઓ અમારાથી દૂર ખસી ગયા અને વર્તુળાકારમાં ગોઠવાઇ ગયા, બેસી ગયા, શાંત થઇ ગયા પછી માતાજી કહે." આ પ્રેતાત્માઓના માથે હાથ મૂકી તું તેઓને મુક્તિ આપ." માતાજીના આદેશ મુજબ વર્તુળમાં બેસી ગયેલા પ્રેતાત્માઓના માથે વ્યક્તિગત રીતે હાથ મૂકતો ગયો. હાથ મૂક્યા પછી તરત જ ઓળાઓ અદૃષ્ય થઇ જતા હતા. આમ પંચાવન પ્રેતાત્માઓને મુક્તિ મળી. પ્રેતાત્માઓના માથે હાથ મૂક્તો જતો હતો ત્યારે મારા જમણા ખભા પરથી માતાજીએ તેમનો હસ્ત લઇ લીધો હતો, અને મારી હથેળીઓમાંથી નીકળતો પ્રકાશ પૂંજ પણ નીકળતો બંધ થઇ ગયો હતો. બધા પ્રેતાત્માઓ ને મુક્ત કરી હું માતાજી પાસે આવ્યો. માતાજીએ વ્હાલથી મારો વાંસો પસવાર્યો અને આનંદ વ્યક્ત કર્યો પછી મેં માતાજીને પૂછયું, "આ કઇ જગ્યા છે? આપણે ક્યાં આવ્યાં છીએ?" માતાજીએ મૃદુહાસ્ય વેરતાં કહ્યું "આ પટનાનું એરપોર્ટ છે." હસતાં હસતાં માતાજીએ મને જણાવ્યું કે, "ફરીથી જવા માટે તૈયાર રહેજે."

માતાજીના છેલ્લા શબ્દોને વાગોળતો હું જાગી ગયો. ઘડિયાળ રાત્રિના ૧-૪૫ નો સમય બતાવતી હતી.

॥ ૐ મા ૐ ॥

" આ મંત્ર મુખપાઠ કરી લે "



તા.૩-૧૦-૨૦૦૦ મંગળવારે આસો નવરાત્રિના સુદ અષ્ટમીએ સ્વપ્નમાં માતાજીએ આદેશ આપ્યો અને અનુભૂતિ કરાવી.

માતાજી મારા સ્વપ્નમાં પધાર્યા. મને કહે 'ચાલ તૈયાર થઇ જા' નવરાત્રિ હોવાથી ગરબા ગાવા જવાનો સંકેત સમજીને મેં સફેદ બ્રીજીસ, સફેદ ઝભ્ભો અને લાલ રંગનો કમર પટો પરિધાન કર્યા. માતાજીએ ગુલાબી રંગની સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી માતાજી અને હું સાથે નીકળ્યાં થોડું ચાલીને અમે એક ખુલ્લામેદાનમાં આવ્યાં ત્યાં થોડા ખુરસી ટેબલ ગોઠવેલાં હતાં અમે ખુરસીમાં બેઠાં માતાજી મને કહે, **" તારે તાત્કાલિક કરવાનું આવે તો કેવી રીતે કરે ? "** મને કંઇ સમજાયું નહિ, મેં પૂછયું " માતાજી હું સમજ્યો નહિ." થોડી જ વારમાં માતાજીના હાથમાં એક ચોરસ પ્લાસ્ટીકનું બોર્ડ આવી ગયું, જેના પર ગુજરાતીમાં નવ અક્ષરનો મંત્ર લખેલો હતો. માતાજી કહે "આ મંત્ર પચ્ચીસ વખત વાંચી મુખપાઠ કરી લીધો. "

" પ્રેતાત્મા મુક્તિનો આ મંત્ર હતો. "
થોડીવાર પછી માતાજીના હાથ માં બીજું ચોરસ પ્લાસ્ટીકનું બોર્ડ આવી ગયું જેના પર ગુજરાતીમાં તેર અક્ષરનો મંત્ર લખેલો હતો. માતાજી કહે "આ મંત્ર પચ્ચીસ વખત વાંચી જા" મેં મંત્ર પચ્ચીસ વખત વાંચી મુખપાઠ કરી લીધો.
"ધરતીકંપ બંધ કરવાનો આ મંત્ર હતો."

પછી માતાજીએ અમારી સામે જ ત્રણ ચાર પ્રેત પ્રગટ કર્યા અને મને કહે, અહિયાં બેઠા બેઠાંજ નવ અક્ષરનો મંત્રનો ઉપયોગ કર. મેં નવ અક્ષરના મંત્રનું રટણ કર્યું અને તરતજ તે પ્રેતાત્માઓ વિલિન થઈ ગયાં.

પછી અમે બેઠાં હતાં ત્યાંથી થોડે દૂર ધરતીમાં કંપન થવા લાગ્યું માતાજી મને કહે, "તેર અક્ષરનો મંત્ર બોલી તારો જમણો પગ ધરતી પર દબાવ" મેં માતાજીના આદેશ અનુસાર તેર અક્ષરનો મંત્ર બોલી કંપનવાળી ધરતી પર મારો જમણો પગ દબાવ્યો અને તરતજ ધરતીનું કંપન બંધ થઈ ગયું. માતાજીએ મને કહ્યું કે "આ બંને મંત્ર ગોપિત રાખવાના છે." મારા આદેશ સિવાય આ મંત્ર કોઈને કહેવો નહિં.

પછી માતાજીએ વ્હાલથી માતૃવાત્સલ્યની વર્ષા કરી મારા વાંસામાં હાથ પસવાર્યો અને આનંદ વ્યક્ત કર્યો. દિવ્ય વાત્સલ્ય સભર મમતાળુ માતૃત્વને માણતો હું આનંદના અતિરેકમાં ગરકાવ થઈ ગયો. દશ્ય વિલિન થઈ ગયું. ઘડિયાળ રાત્રિના બે વાગ્યાનો સમય બતાવતી હતી.

॥ ૐ મા ૐ ॥

તું મુલાકાતની રૂમમાં આવ

તા. ૧૧-૯-૨૦૦૧ મંગળવારે સવારે અમેરિકા ઉપર થયેલા આંતકવાદી હુમલામાં વર્લ્ડટ્રેઈડ સેન્ટરની બે ૧૧૦ માળની ઈમારતો અને વોશીંગ્ટનના પેન્ટાગોનનો અમુક ભાગ પ્લેન હાઈજેક કરી, ટકરાવી, જાન માલનું ભારે નુકસાન થયું હતું. આતંકવાદીઓનું બીજું નિશાન ભારત છે તેવા વર્તમાન પત્રોના સમાચારથી સહુ ભારતવાસીઓ વ્યથિત હતા.

આતંકવાદના હુમલાના અનુસંધાનમાં તા. ૧૨-૯-૨૦૦૧ બુધવારે રાતે સ્વપ્નમાં મને પરમશક્તિ મા ભગવતીએ જણાવ્યું કે તા. ૧૪ અને તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૧ ભારત માટે ખતરારૂપ છે. ભારતને ઉગારી લેવા માટે મેં માતાજીને પ્રાર્થના કરી.

તા. ૧૫-૯-૨૦૦૧ના દિવસે પૂર્વ આયોજીત સેવાયજ્ઞનો પ્રોગ્રામ હતો તેથી તા.૧૩-૯-૦૧ ગુરૂવારે શતાબ્દિ એક્સપ્રેસમાં બ્હેનજી અને હું સુરત આવ્યાં હતાં.

૧૩-૯-૨૦૦૧ની રાત્રે સુરતમાં હું મારી રૂમમાં સૂઇ રહ્યો હતો. માતાજીનું સ્મરણ કરતો હતો. તેવામાં મારા કાનમાં માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે **"નીચે આવ"** હું તરતજ નીચેની રૂમમાં-બેઠક રૂમમાં સોફા પર જઇને બેઠો. ફરીથી માતાજીનો મૃદુ અવાજ સંભળાયો "મુલાકાતની રૂમમાં આવ." હું મુલાકાતની રૂમમાં ગયો. રૂમની લાઇટ ચાલુ હતી માતાજી સોફામાં બેઠાં હતાં હું માતાજીના ચરણમાં વંદન કરીને જમીન પર બેસી ગયો.

માતાજીએ મને એક મંત્ર આપ્યો. અને મને તે મંત્રના જાપ કરવા જણાવ્યું. મેં આંખો બંધ રાખીને લગભગ અર્ધો કલાક સુધી મંત્ર જાપ કર્યા હશે, માતાજીનો અવાજ સંભળાયો કે "મંત્ર જાપ બંધ કર" મેં મંત્ર જાપ બંધ કર્યા. તરતજ મારી દષ્ટિ સમક્ષ

ટેલિવીઝનની જેમ દૃષ્ય દેખાયું.

દરિયામાં એક સ્ટીમલોંચ જઇ રહી છે તેમાં વિનાશક સામાન ભરેલો છે, પાંચ દાઢી મૂંછ વાળા પડછંદ આતંકવાદી જેવા દેખાતા માણસો તેમાં છે. માતાજીનો અવાજ સંભળાયો, કે

"આ લોકો હજીરા પર હુમલો કરવા જઇ રહ્યા છે." થોડી જ વારમાં આ બોટ દરિયામાં ડૂબી જતી મેં નિહાળી. માતાજીએ જણાવ્યું "ફરીથી મંત્ર જાપ ચાલુ કર." આશરે અર્ધો કલાક સુધી મેં મંત્ર જાપ કર્યા. મંત્ર જાપ બંધ કરવાનો આદેશ આવ્યો. "બંધ કર" મેં મંત્ર જાપ બંધ કર્યા આંખ ખોલી માતાજી સમક્ષ બેસી રહ્યો. થોડીક વારમાં માતાજી અદૃષ્ય થઇ ગયાં. હું મારી રૂમમાં આવી સ્વસ્થ થઇને સૂઇ ગયો.

॥ ૐ મા ૐ ॥

દિવ્ય માર્ગદર્શન

પૂજય રાજયોગી નરેન્દ્રજીને નિયમિત ઉપાસના દરમિયાન મળેલા દિવ્ય આદેશો અને માર્ગદર્શન પૂજયશ્રીના જ શબ્દોમાં નીચે પ્રમાણે છે.

૧. **તા. ૨૯-૧-૨૦૦૧ સોમવારે** સવારે ઉપાસના દરમિયાન મારી આંતરદ્રષ્ટિથી મેં જોયું અને વાંચ્યુ કે "અમદાવાદમાં સેટેલાઇટરોડ પરથી ચાર રસ્તાની જમણી બાજુએ હરેકૃષ્ણ મંદીરની આગળ એક ખેતર જોયું." વિધિ કરવા માટેની જગ્યા સ્થળ પર ગયા પછી મને બતાવી." પછી એક પટ્ટી પર લખાણ વાંચ્યું કે,

"સાંજે ચાર વાગે વિધિ કરવી." દિવ્ય માર્ગદર્શન અને આદેશ અનુસાર વિધિ કરી.

૨. **તા. ૩૧-૧-૨૦૦૧ બુધવારે** સવારે ઉપાસના દરમિયાન પૂજય રાજયોગી નરેન્દ્રજીના કાનમાં માતાજીના મૃદુ અવાજ સંભળાયો કે **"કાલે ભૂજ જઇને ભૂકંપ નિવારણ વિધિ કરવી. વિધિની જગ્યા સ્થળ પર જણાવીશ."** તા. ૧-૨-૨૦૦૧ ગુરુવારે સાંજે સાડાચાર વાગે ભૂજ પહોંચ્યા પછી મુંદ્રા રોડ પરથી પસાર થતાં હતાં ત્યારે મારા કાનમાં માતાજીનો મદુ અવાજ સંભળાયો, **"સિલ્વર પાર્ક".** ભૂજના રહીશો પણ આ નામ અને જગ્યાથી અપરિચિત હતાં છતા પણ માતાજીના આદેશને અનુસરીને તેમજ બ્હેનજીએ આ નામનું બોર્ડ કયાંક અહિયાં વાંચ્યુ છે તેવી ખાત્રી થતાં અમે તે જગ્યા શોધી કાઢી અને ભૂકંપ નિવારણ વિધિ કરી.

૩. **તા. ૬-૨-૨૦૦૧ ઉપાસના દરમિયાન મેં આંતરદ્રષ્ટિથી એક પટ્ટી પર લખાણ વાંચ્યું કે,**

" કચ્છ- સૌરાષ્ટ્રમાં બે ત્રણ વર્ષે હળવો ભૂકંપ થશે પરંતુ જાનહાનિ કે માલહાનિ થશે નહિં."

॥ ૐ મા ૐ ॥

ભૂકંપનો ભોગ બનેલ મૃતાત્માઓ માટે....

ભૂકંપનો ભોગ બનેલા અને અકાળે મૃત્યુના પંજામાં સપડાઇ ગયેલા મૃતાત્માઓની શાંતિ અને મુકિત માટે અભિયાન આદરવાનો સંકલ્પ તો ૨૬મી જાન્યુઆરીના કચ્છ,ભૂજ- સૌરાષ્ટ્ર અને અમદાવાદના સમાચાર જાણ્યા ત્યારથી જ કર્યો હતો. કેટલા મૃતાત્માઓ મુકિત પામ્યા તેની ખાત્રી મને કેવી રીતે થાય તેની મૂંઝવણ મનમાં અનુભવાતી હતી.

૧. તા. ૧૨-૨-૨૦૦૧ના રોજ સવારે પૂજા દરમિયાન આંતર દ્રષ્ટિથી નીચે પ્રમાણે પટ્ટી પર લખાણ વાંચ્યું કે, “નવ અક્ષરના મંત્રનો ઉપયોગ જે પટના એરપોર્ટ પર કર્યો હતો તે મંત્રનો ઉપયોગ કરીને, અને સમય હોવાથી જળ અભિમંત્રિત કરીને છાંટવું.”

૨. તા. ૧૬-૩-૨૦૦૧ શુક્રવારે સવારે ઉપાસના દરમિયાન નીચે પ્રમાણે દિવ્ય આદેશ મળ્યો હતો. દિવ્ય દ્રષ્ટિથી મેં પટ્ટી પર લખાણ વાંચ્યું કે

“સાતમી તારીખે જવાનું”
“૯૭ કીલોમીટરનો વિસ્તાર”
“બધી વિધિ કરીને કાળાતલ છાંટવાનાં”
“તલ અભિમંત્રિત કરવાના”
“બધી વિધિ યથાવત્”.

કચ્છ ભૂજ વિસ્તારમાં રાપર, અંજાર અને ભૂજમાં ભૂકંપ ગ્રસ્ત મૃતકોની શાંતિ અને મુક્તિ માટે ઉપર મુજબનો દિવ્ય આદેશ અને માર્ગદર્શન મળ્યાં હતાં.

॥ ૐ મા ૐ ॥

"ધરતીના કંપન થંભ્યા
ભાવનગરની ધ્રુજતી ધરાના કંપનો શમાવ્યાં"

તા ૧૪-૯-૨૦૦૦ ના રોજ ઉપાસના દરમિયાન મળેલા માતાજીના આદેશ અને માર્ગદર્શન અનુસાર તા. ૧૫-૯-૨૦૦૦ શનિવારે અમદાવાદના ૪૫ ભક્તો સાથે બપોરે ૧૨-૪૫ અમે ભાવનગરના જૂના તખ્તેશ્વર રેલ્વે સ્ટેશને પહોંચ્યા. ભાવનગરના ભક્તોને હૈયાધારણ મળી. દુ:ખ અને ભયમાં પણ મુખ પર આનંદની લકીર વર્તાવા લાગી.

ઉપાસના દરમિયાન મારી આંતરદૃષ્ટિથી મેં જે જગ્યા જોઇ હતી તે જગ્યા બતાવી. આ જગ્યાએ ઉકરડો હતો. આગળ પાછળ કાંટા હતા. યુવાન અને ઉત્સાહી ભક્તોએ આ જગ્યાને થોડી જ વારમાં સાફ કરી નાખી. પુષ્કળ ગરમી વરસતી હોવા છતાં ભક્તો અને સ્થાનિક લોકોમાં સેવા કરવાનો ઉત્સાહ વર્તાતો હતો.

બ્હેનજીના માર્ગદર્શન અનુસાર નિશ્ચિત કરેલી જગ્યાએ ૧ફૂટ**X**૧**X**૧નો ચોરસ ખાડો ખોદવામાં આવ્યો. વિધિની બધીજ સામગ્રી ગોઠવી દેવામાં આવી. પૂર્વાભિમુખ આસન બિછાવ્યું આસન પર બેસીને માતાજીના આદેશ અને માર્ગદર્શન અનુસાર મેં નીચે પ્રમાણે વિધિ કરી. બધા જ ભક્તો અને સ્થાનિક ઉત્સુક ભાઇ બ્હેનોએ તે જગ્યાએ ગોળાકારમાં ઉભા રહી શિસ્તબધ્ધ રીતે સમૂહમાં, લયમાં **ૐ મા ૐ** મંત્રજાપ કરવા લાગ્યા.

૧. મેં પ્રથમ જળ છાંટી પવિત્રિકરણ કર્યું અને પ્રાર્થના કરી.
૨. વિધિના પ્રત્યેક ક્રમે હાથ જોડી માનસિક પ્રાર્થના કરી.
૩. ખાડામાં અભિમંત્રિત જળ પધરાવ્યું.
૪. તાંબાના કુંભમાં જળ ભરીને તેને ઊંધો કરી ખાડામાં મૂક્યો.
૫. કુંભ પર જળ પધરાવ્યું.
૬. કપચીનો બાઉલ હાથમાં લઇ પ્રાર્થના કરી અને પછી ખાડામાં પધરાવ્યો.
૭. કપચી પર જળ પધરાવ્યું.
૮. ગુંદર નો બાઉલ હાથમાં લઇ પ્રાર્થના કરી અને પછી

ખાડામાં પધરાવ્યો.

૯. ગુંદર પર જળ પધરાવ્યું.

૧૦. કોલસાનો બાઉલ હાથમાં લઇ પ્રાર્થના કરી અને પછી ખાડામાં પધરાવ્યો.

૧૧. કોલસા પર જળ પધરાવ્યું.

૧૨. હાથ જોડી માતાજીને પ્રાર્થના કરી.

પ્રાર્થના કરતી વખતે મારા કાનમાં મૃદુ અવાજ સંભળાયો કે **"તારા જમણા ચરણનો અંગૂઠો અને ચરણ કુંભ પર દબાવ."** પ્રાર્થના પૂર્ણ કરી મેં જમણા પગમાંથી મોજું કાઢી આદેશ પ્રમાણે પ્રથમ અંગૂઠો અને પછી ચરણ કુંભ પર દબાવ્યા. કુંભ જમીનમાં દબાતો અનુભવાયો. વિધિ પૂરી થયા પછી મારી સૂચના પ્રમાણે ખાડો માટીથી પૂરી દેવાયો. ભાવનગરના ભાવિક શ્રમિકોએ આ દિવ્ય વિધિની જગ્યા પર ઈંટ સીમેન્ટથી પાકું ચણતર કરી દીધું.

આ દિવ્ય વિધિ સંપન્ન કર્યા પછી ભાવનગર ભૂકંપની ભયાનકતામાંથી બચી ગયું છે. ન્યુઝ પેપરના સમાચાર પ્રમાણે ૧૬૦ કીલોમમીટર દૂર ખંભાતના અખાતમાં ધરતીના કંપન સરકી ગયાં છે. ભૂસ્તર શાસ્ત્રીઓના મંતવ્ય મુજબ આ એક શુભ ઘટના છે.

॥ ૐ મા ૐ ॥

"ભૂકંપના ભયથી વડોદરા બચી ગયું"

વડોદરાને ધરતીકંપની ભયાનક વિનાશકતામાંથી બચાવી લેવાનો આદેશ તા.૧૭-૯-૨૦૦૦ રવિવારે ઉપાસના દરમિયાન મળ્યો વળી ૨૭-૯-૨૦૦૦ ના રોજ ધરતીકંપ થવાનો છે તેવો નિર્દેશ કરવામાં આવ્યો હતો તેથી તા.૨૪-૯-૨૦૦૦ રવિવારે ભૂકંપ નિવારણ વિધિ સંપન્ન કરવા માટે વડોદરા જવાનું નક્કી કર્યું.

મારી આંતરદૃષ્ટિથી વડોદરા શહેરની બહાર જોયેલી જગ્યાની ખાત્રી વડોદરાના ભક્તો સાથે કરી લીધી. મકરપુરા વિસ્તારમાં આવેલ એક ખંડિયેર મહેલની સામે ખુલ્લા મેદાનમાં વિધિ કરવાનું નક્કી થયું. નિશ્ચિત જગ્યા સ્થળ પર નક્કી કરીશ તેમ જણાવ્યું.

અમદાવાદથી સવારે ૧૦ વાગે અમે ભક્તો સાથે મકરપુરા વિસ્તારમાં આવી ગયાં. સુરત, મુંબઈ અને વડોદરાના ભક્તો આ સ્થળે હાજર હતાં સૂરજદાદા પૂર્ણ તયા તપી રહ્યા હતા. સ્થાનિક લોકોએ અને વડોદરાના ભક્તોએ વિધિ કરવાની જગ્યાએ શમિયાણું ઉભું કર્યું હતું તેમજ ઠંડા પાણીની વ્યવસ્થા રાખી હતી.

સ્થળ પર પહોંચીને મેં વિધિ કરવાની જગ્યા બતાવી. ભક્તોએ ૧X૧X૧નો ચોરસ ખાડો ખોધ્યો. અમદાવાદથી સાથે લઇ આવેલ વિધિની સઘળી સામગ્રી બ્હેનજીએ ગોઠવી દીધી. ઉપસ્થિત ભક્તોને શાંતિથી લયબધ્ધ **ૐ મા ૐ** ના મંત્રોચ્ચાર કરવા જણાવ્યું. આસન પર બેસી ભૂકંપ નિવારણ માટે ભાવનગરમાં કરી હતી તે પ્રમાણે વિધિ સંપન્ન કરી. ભાવિકોએ ખાડો બંધ થયા પછી ઇંટ સીમેન્ટથી પાકું ચણતર કરી દીધું.

અમદાવાદ અને ભૂજના તા. ૨૬-૧-૦૧ના ભયાનક ભૂકંપ વેળાએ વડોદરાની ધરતી કંપનોથી બચી ગઇ. વડોદરાનો બચાવ થઇ ગયો. સ્થાનિક સમાચાર પત્રો અને ટી.વી. મીડીયાએ આ હકીકતની નોંધ લીધી હતી.

॥ ૐ મા ૐ ॥

"સુરતમાં જમણો પગ ધરા પર દબાવી કંપન શમાવ્યા"

વિદેશનો કાર્યયજ્ઞ પતાવી તા.૨૨-૧-૨૦૦૧ અમે ભારતમાં આવ્યાં. અગાઉથી નિશ્ચિત થયેલ કાર્યયજ્ઞ અનુસાર ૨૬ અને ૨૭ જાન્યુઆરી સુરતમાં કાર્યયજ્ઞ હતો. અમે (બ્હેનજી અને રાજયોગી) સુરત આવ્યાં. સવારે હું મારી રૂમમાં ઉપાસનામાં બેઠો હતો, ધરા ધ્રુજવાનો અનુભવ મને સ્હેજ થતો હતો તેવામાં જ બ્હેનજીએ મારી રૂમનું બારણું ખખડાવ્યું અને ધરતીકંપની મને જાણ કરી વળી બ્હેનજીએ વિનંતી કરી કે **" આપ તેર અક્ષરનો મંત્ર બોલી ધરાના કંપન શમાવી દો"** હું તૈયાર થઇને નીચે આવું છું આપ નીચે ઉતરી જાવ, પરંતુ બ્હેનજી મારી રાહ જોતાં દરવાજા પાસે જ ઉભાં રહ્યાં. ભગવાનદાસ જરીવાલાના ઘરમાં મેડા પર અમારો નિવાસ હતો. અમે નીચે ઉતર્યા કમ્પાઉન્ડમાં આવી મારો જમણો પગ ધરા પર દબાવી તેર અક્ષરનાં મંત્રનું રટણ શરૂ કર્યું ધરતીના કંપન બંધ થયાં. ટેલીવીઝન પર કંપનના વધુ આંચકા આવવાની આગાહીઓ થતી હતી. તેથી મેં ધરતીકંપન નિવારણની સંપૂર્ણ વિધિ કરી.

બ્હેનજીએ જણાવ્યું કે " દિવ્ય સેનાપતિ (માતાજી)ની અગમચેતી રૂપે આપશ્રીને (શિસ્તબધ્ધ સૈનિકને) વિદેશથી આવ્યા પછી બે જ દિવસમાં સુરત પ્રોગ્રામ માટે ત્રણ મહિના પહેલાંના આયોજન મુજબ મોકલી આપ્યા તેની પાછળનું રહસ્ય કદાચ સમગ્ર સુરત શહેર અને જીલ્લાને ભૂકંપના ભયાનક વિનાશમાંથી ઉગારી લેવાનું જ હશે. જો ઉકાઇ ડેમને ભૂકંપથી નુકશાન થયું હોત તો ? કેટલી મોટી તારાજી થઇ હોત? આપશ્રીની સુરતમાં ૨૬મી જાન્યુઆરીની ઉપસ્થિતિ બહુ જ સાંકેતિક અને લોક કલ્યાણ અર્થે જ હતી તેમ મારૂં માનવું છે."

॥ ૐ મા ૐ ॥

"ભૂકંપ નિયંત્રણ વિધિ અમદાવાદમાં"

તા. ૨૮-૧-૨૦૦૧ રવિવારે સુરતનો કાર્યયજ્ઞ પતાવી ૨૯મી એ અમદાવાદ આવ્યા. અમદાવાદ ના ભક્તોના દિલ હજુ પણ ધ્રુજતા હતાં. ગભરાટથી સહુ વ્યાકુળ હતાં, મારી હાજરીથી શ્રધ્ધામાં સહુને હૈયાધારણ મળી.

તા. ૨૯-૧-૨૦૦૧ સોમવારે સવારે ઉપાસના દરમિયાન મળેલ દિવ્ય આદેશ અને માર્ગદર્શન અનુસાર નિલોષા સેવાયજ્ઞનો પ્રોગ્રામ પતાવી ત્રણ વાગે અમે સેટેલાઇટ રોડ વટાવી નિર્દિષ્ટ કરેલી જગ્યાએ પહોંચ્યા. તે જગ્યા એક ખેતર હતું. ખેતરના માલિકના પ્રેમભર્યા સહકારથી અમે ખેતરમાં ગયાં. વિધિ કરવા માટેની જગ્યા મેં બતાવી. યુવાન ભક્તોએ **૧X૧X૧**નો ખાડો ખોધ્યો. વિધિ માટેની સધળી સામગ્રી ગોઠવાઈ ગઇ. બરાબર ચાર વાગે ભૂકંપ નિવારણની વિધિ શરૂ કરી. વિધિ સંપન્ન થયા પછી પૂજ્યશ્રીએ માતાજીના આદેશથી જણાવ્યું કે, આવતા ૩૫ વર્ષ સુધી અમદાવાદમાં વિનાશક ભૂકંપ થશે નહિ.

" કાલે ભૂજ જઇ ભૂકંપ નિવારણ વિધિ કરવી "

તા.૩૧-૧-૨૦૦૦ બુધવારે સવારે ઉપાસના દરમિયાન મારા કાનમાં માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે "**કાલે ભૂજ જઇ ભૂકંપ નિવારણ વિધિ કરવી**" વિધિની જગ્યા સ્થળ પર બતાવીશ માતાજીના આદેશ અને માર્ગદર્શન અનુસાર અમે તા. ૧-૨-૨૦૦૦ ગુરૂવારે લકઝરી બસમાં અમદાવાદના થોડા ભક્તો સાથે ભૂજ પહોંચ્યા. ભૂજના ભાવિક ભક્તો પણ અમારા અભિયાનમાં જોડાયા. ભૂજમાં પ્રવેશ કર્યા પછી થોડી વારમાં મારા જમણા કાનમાં મૃદુ અવાજ સંભળાયો " સીલ્વર પાર્ક "તે દરમિયાન જ બ્હેનજીએ એક જગ્યાએ " સીલ્વર પાર્ક " લખેલું બોર્ડ વાંચ્યું હતું. અમારી ગાડી મુંદ્રા રોડ પર પસાર થઇ રહી હતી ' સીલ્વર પાર્ક ' જગ્યાનો સંકેત મળતાં ત્યાંના રહીશોને આ જગ્યા વિશે પૂછતાં આ નામ અને જગ્યાથી તેઓ અપરિચિત હતા.

એકાદ કલાકની શોધને અંતે અમે ' સીલ્વર પાર્ક ' નું બોર્ડ પોલીસ કમિશ્નરના બંગલાના કમ્પાઉન્ડની બહાર લખેલું વાંચ્યું અને મુંદ્રારોડ પર નિર્દેષ કરતી નિશાની હતી. અમે 'સીલ્વર પાર્ક' ના મોટા ખુલ્લા રેતાળ પ્લોટ પાસે આવી ગયાં. આટલા મોટા પ્લોટમાં કઇ જગ્યાએ વિધિ સંપન્ન કરવી તે હું મનમાં વિચારતો હતો તેવામાંજ મારી દ્દષ્ટિ સમક્ષ એક નાજુક હસ્ત હું ઉભો હતો ત્યાંથી આગળ વધીને લગભગ ૫૦-૬૦ ફૂટ દૂર જઇને થંભી ગયો. આ જગ્યાએ થોડા ઝાંખરા ઉગ્યા હતાં. આ જગ્યાએ વિધિ કરવાનું મેં જણાવ્યું. ભક્તોએ ૧X૧X૧ નો ખાડો ખોદયો. રેતાળ જમીન હતી તેથી ખાડો ખોદતાં વાર ન થઇ. આ ખાડામાં એક છોડનું મૂળિયું ધણું જ ઉંડું હતું. તેને કાપી નાખ્યું આ મૂળિયું બહુ જ કડવું હતું. હાથ ધોયા પછી પણ એની કડવાશ રહી ગઇ હતી.

વિધિ સંપન્ન કરી ભૂકંપને કારણે તંબુમાં રહેતા સ્થાનિક રહીશોને આ વિધિની અને આધ્યાત્મિક કાર્યની સમજ આપી તેઓએ અહોભાવ વ્યક્ત કરી આશીષ મેળવી. વિધિની આ જગ્યા પર શ્રધ્ધાની ડેરી બનાવી દીધી.

॥ ૐ મા ૐ ॥

"ભૂકંપ નિવારણ વિધિ નાગપુર"

ગુજરાતમાં ભૂકંપની ભયાનકતાથી ભયભીત થઇ ગયેલા નાગપુરના ભક્તોએ પૂજ્ય ગુરૂદેવના નાગપુર ના કાર્યયજ્ઞ વેળાએ પ્રાર્થના સહ વિનંતી કરી, નાગપુરને ભૂકંપના રૌદ્રરૂપથી બચાવી લેવા જણાવ્યું.

તા. ૨૭-૨-૨૦૦૧ ના રોજ નાગપુરના પારડી વિસ્તારમાં એક ભક્તભાઇના ખુલ્લા પ્લોટમાં ભૂકંપ નિવારણ વિધિ કરી. પૂજ્યશ્રીએ જણાવ્યું કે મારો નિઃસ્વાર્થ પ્રયત્ન છે.

આપ સર્વેને મારા આશીર્વાદ છે.

॥ ૐ મા ૐ ॥

મુંબઈમાં ભૂકંપના ભયનું નિવારણ

મુંબઈના કાર્યયજ્ઞ વેળાએ ભૂકંપના ભયાનક સમાચારોથી ભયભિત થઇ ગયેલા મુંબઈના ભક્તોએ મુંબઈને ભૂકંપની ભયંકર તારાજીથી બચાવી લેવા માટે પ્રાર્થના કરી હતી. મુંબઈમાં ભીલાડ પરગણામાં આવેલ માર્વેરોડ પરના આક્ષાબીચ પર એક ભાવિક ભક્તના વિશાળ કમ્પાઉન્ડમાં ભૂકંપ નિવારણ વિધિ સંપન્ન કરવામાં આવી. મુંબઈની બહુમાળી તોતિંગ ઇમારતો જો ધરાશાયી થાય તો ? આવા વિચાર માત્રાથી સહુ કંપી જતાં હતાં. નિરાધાર ન થવાય તે પહેલાં જ સદ્‌ગુરૂની આશિષ અને શક્તિનો આધાર મેળવી મુંબઈના ભક્તો પૂજ્યશ્રીને સાષ્ટાંગ વંદી રહ્યા.

અમને જળ પ્રલયથી પણ બચાવો... ધરતીકંપ વિધિ સંપન્ન થયા પછી પૂજ્યશ્રીને વિનંતી કરવામાં આવી કે આગામી ૩-૪ વર્ષમાં મુંબઈમાં દરિયો કોપાયમાન થઇ જળપ્રલય કરશે તેવી આગાહી છે. આપ અમને આ વિનાશકતામાંથી પણ બચાવો.

આક્ષાબીચ પર જઇ રેતીમાં ખાડો ખોદાવ્યો. પૂજ્યશ્રીએ અભિમંત્રિત જળનો આ ખાડામાં અભિષેક કર્યો. ખાડો ન પૂરવા જણાવ્યું. જળ પ્રલય નહિં થાય તેવી હૈયાધારણ મુંબઈના ભક્તોને આપી.

પ્રેતાત્મા મુક્તિ કરી આપો. આક્ષાબીચના ઉંડા જળમાં કંઇ કેટલાય યુવાનો ડૂબી ગયા છે. આ જગ્યાને Danger Zone તરીકે જાહેર કરી સાવચેતી રાખવા પ્રવાસીઓને જણાવવામાં આવે છે છતાં પણ દર વર્ષે આ પાણીનાં વમળમાં ડૂબી જવાનો મૃત્યુઆંક વધતો જાય છે. આપ આ બીચને પ્રેતાત્માથી મુક્ત કરી આપો તેવી પ્રાર્થના સહ વિનંતી કરી.

પૂજ્યશ્રીએ પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞની વિધિ પણ અહિંયા સંપન્ન કરી.

આમ મુંબઈમાં ત્રિવેણી યજ્ઞ કરી ભૂકંપ, જળપ્રલય અને પ્રેતાત્માના આસુરી આંદોલનો જે પૃથ્વી, જળ અને વાયુમાં પ્રસરી રહે છે તેને નિયંત્રિત કર્યા. ॥ ૐ મા ૐ ॥

પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ

પ્રેતાત્મા શાંતિ-મુક્તિ યજ્ઞ - શાંતિવન

અમદાવાદમાં પાલડી વિભાગમાં શાંતિવન વિસ્તાર છેલ્લા કેટલાય સમયથી અશાંતિવન બની ગયું હતું. ખુલ્લો રસ્તો હોવા છતાં જીવલેણ અકસ્માતોની પરંપરા સર્જાયા કરતી હતી. કોઇપણ વાહન ચાલક અમુક સમયે પોતાના વાહનનું સમતોલપણું ગુમાવી દે અને એક બાંગલાની કમ્પાઉન્ડર્વાલની બહાર એક ઝાડ સાથે અથડાઇને જાન ગુમાવે.

આ વિસ્તારના રહીશોમાં ભયની લાગણી પ્રસરી ગઇ હતી સંધ્યાકાળ પછી ત્યાંના રહીશો પોતાના ઘરની ઓસરીના દરવાજા બંધ કરી દેતા. અવનવા અવાજો અને ભયાનક દૃષ્યો દેખાતા.

આ વિસ્તારમાં રહેતા અમુક ભક્તોની વિનંતીને ધ્યાનમાં લઇ તા. ૩૧-૧-૧૯૯૮ ના દિવસે બપોરે બાર વાગે પ્રેતાત્મા શાંતિની વિધિ કરવા જવાનું નક્કી કર્યું. થોડા ભક્તો સાથે આ સ્થળે જઇ પ્રેતાત્મા શાંતિની વિધિ અભિમંત્રિત જળથી ત્રણ વર્તુળ કરી મધ્યમાં ઉભા રહી ત્રણ અગરબત્તી પ્રગટાવી હાથમાં રાખી પ્રાર્થના કરી. સાત પ્રેતાત્માઓ નિઃસહાય દશામાં વર્તુળની બહાર ગોઠવાઇ ગયા. પ્રાર્થના પછી પ્રેતાત્માઓને આશીર્વાદ આપી આ યોનિમાંથી મુક્ત કર્યા. ઘરે આવ્યા પછી બાથરૂમમાં હાથ મ્હોં ધોવા ગયો ત્યારે માતાજીએ મારા વાંસા પર હસ્ત પસવારી વ્હાલ કર્યું. **ૐ મા ૐ**

અમદાવાદ લીંબડી - ચોટીલા ધોરીમાર્ગ

એકસીડન્ટ ઝોન તરીકે પ્રખ્યાત અમદાવાદ લીંબડી ચોટીલા ધોરીમાર્ગ પર જીવલેણ અકસ્માતોની પરંપરા સર્જાતી રહેતી હતી. ટ્રાફીક પોલીસની ચોકી બગોદરા રોડ પર ૨૪ કલાક કાર્યરત રહેતી હતી. ટ્રક ચાલકો અને અન્ય વાહન ચાલકોને રાત્રિના સમયે નીચે પ્રમાણેના એકથી વધુ દૃષ્યો દેખાતા હતા.

૧. નવપરિણિત કન્યા શણગાર સજીને રસ્તો પસાર કરે છે.

૨. એક સ્ત્રી, બાળકને આંગળીએ પકડી ટેકરી પરથી ઉતરી રસ્તો પસાર કરે છે.

૩. ડ્રાયવર વગર ટ્રક આપમેળે જ ચાલવા લાગે છે.

૪. ડ્રાયવરની ટ્રકના પાછલા વ્હીલ નીચે માણસ ચગદાઇ ગયો હોય તેમ લાગે છે.

ડ્રાયવરો ઉપરોક્ત પરિસ્થિતિ, દૃષ્યો નજરે નિહાળી રાહદારીઓને બચાવવા પ્રયત્ન કરે અને અકસ્માત સર્જાઈ જાય. વાસ્તવમાં હકીકત જાણ્યા પછી ડ્રાયવરોમાં બીક-ફફડાટ વ્યાપી જાય. કેટલાય વાહન ચાલકોએ આ ગોઝારા રસ્તા પર જાન

ગુમાવ્યા છે.

ટ્રાફીક પોલીસ વિભાગની પરમીશન મેળવી અને તેમના સહકારથી તા. ૭-૨-૧૯૯૯ રવિવારે પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું.

અમદાવાદના કેટલાક ભક્તો ટ્રાફીક પોલીસનો સહકાર મેળવી અકસ્માતની જગ્યાની જાત તપાસ કરી આવ્યા હતા. વળી અકસ્માતની જગ્યાએ પ્રાર્થના વિધિ કરવાની હોઇ ધોરીમાર્ગનો વાહન વ્યવહાર દસ પંદર મિનિટ માટે રોકવા માટે ટ્રાફીક પોલીસની જરૂર પડે, તેની પણ ગોઠવણ કરવામાં આવી હતી.

અમે બગોદરા પહોંચી ટ્રાફીક પોલીસને સાથે રાખી બગોદરા થી ચોટીલા સુધી એકવીસ જગ્યાએ પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞની વિધિ કરી કુલ ૧૩૦ પ્રેતાત્માઓની આ યોનિમાંથી મુક્તિ આપી.

પ્રેતાત્મા શાંતિ મુક્તિની વિધિ નીચે પ્રમાણે કરવામાં આવી.

૧. પ્રથમ અભિમંત્રિત જળથી ત્રણ વર્તુળ કરી સુરક્ષા રેખા તૈયાર કરી.

૨. વર્તુળની અંદર આસન પર ઉભા રહી હાથમાં ત્રણ અગરબત્તી પ્રગટાવી પ્રાર્થના કરી. ભક્તવૃંદ અને અન્ય માણસો પાણીના વર્તુળની બહાર ઉભા રહી લયબધ્ધ **ૐ મા ૐ** ના જપ કરતા હતા.

૩. મારી પ્રાર્થના દરમિયાન પ્રેતાત્માઓ છાયાના રૂપમાં પાણીના વર્તુળની બહાર આવીને ગોઠવાઈ જતા.

૪. પ્રાર્થના પતી ગયા પછી તેઓના ઉપર હસ્ત પ્રસારી આશીર્વાદ આપતાંની સાથે જ આ પ્રેતાત્માની છાયા અદૃશ્ય થઇ જતી.

સમગ્ર વિસ્તારમાં ભય અને અકસ્માતના બિહામણા દૃશ્યો

અને ત્યાર પછીની વિધિથી પોલીસ પરેશાન રહેતી હતી. તેઓએ આનંદ અને અહોભાવની લાગણી વ્યક્ત કરી. પ્રેતાત્મા શાંતિ મુક્તિની પ્રાર્થના વિધિ કર્યા પછી આ ધોરી માર્ગ પર જીવલેણ અકસ્માતોનું પ્રમાણ નહિંવત થઇ ગયું છે. ટ્રાફિક પોલીસ રાહત અનુભવી રહી છે. વર્તમાન પત્રોમાં આ માર્ગપરના જીવલેણ અકસ્માતોના સમાચાર લગભગ દરરોજ આવતા હતા તે આ વિધિ પછી નહિવત્ થઇ ગયા છે.

રાતે ઘરે આવ્યા પછી હું સૂઇ ગયો હતો ત્યારે મારા સ્વપ્નામાં માતાજી પધાર્યા. મારા વાંસામાં માતાજીનો મૃદુ હસ્ત ફરતો મેં અનુભવ્યો. હું પલંગમાં બેઠો થઇ ગયો માતાજી પલંગમાં બેઠાં હતાં. માતાજીએ મારા પગ પર હસ્ત ફેરવવા માંડયા મેં કહ્યું **“માતાજી મારા પગ દુ:ખતા નથી”** માતાજીએ મારા વાંસામાં અને ખભા પર વાત્સલ્યસભર હસ્ત પસવારતાં મને કહે **“ આજના તારા કાર્યથી હું બહુ જ ખુશ થઇ ગઇ છું ”** મેં કહ્યું “ માતાજી આપની રાહબરી અને માર્ગદર્શનથી જ આ પ્રેતાત્માઓને મુક્તિ મળી છે. માતાજી, આ આત્માઓ પુનઃ તેમના જ પરિવારમાં જન્મ ધારણ કરે તેમ મેં જણાવ્યું છે તો તે પ્રમાણે થવું જોઇએ માતાજી કહે, “ભલે તેમ થશે. ” પરંતુ તેની પ્રતીતિ મને કેવી રીતે થાય? માતાજીએ હાસ્ય વેરતાં જણાવ્યું કે “ આજથી પંદર વર્ષ પછી આ મુક્તિ પામેલ આત્માઓમાંથી એક વ્યક્તિ શ્રધ્ધા કુટીરમાં આવશે તેને હું સ્વપ્નું આપી આખી વિગત જણાવીશ, તે વ્યક્તિ આ હકીકત જણાવશે.” હું હર્ષાશ્રુ વહાવતો માને વંદી રહ્યો. સ્વપ્નું પૂરૂં થઇ ગયું આનંદથી મારૂં રોમરોમ પુલકિત થઇ ગયું હતું.

પ્રેતાત્મા મુક્તિ યજ્ઞના સમગ્ર કાર્ય દરમિયાન માતાજી મારી સાથેજ હતાં અને મારા કાર્યનું નિરિક્ષણ કરતાં હતાં. માર્ગદર્શન આપતાં હતાં.

।। ૐ મા ૐ ।।

ભૂકંપગ્રસ્ત અમદાવાદમાં મૃતકો માટે શાંતિ મૂક્તિ યજ્ઞ

અમદાવાદમાં ઘણી જગ્યાએ ભૂકંપની ભયાનકતા વેરાણી હતી; પરંતુ જે જગ્યાએ માણસો અકાળે મૃત્યુ પામ્યા હતાં તેવા વિસ્તારોમાં જઈ પ્રેતાત્મા શાંતિ મુક્તિયજ્ઞ વિધિ કરવી અને અતૃપ્ત વાસનાથી પ્રેતયોનિમાં ભટકતાં જીવોને આ યોનિમાંથી મુક્ત કરવા મારું મન તત્પર હતું.

નિલોષાનો સેવાયજ્ઞ પતાવી બપોરે ૩ થી સાંજ સુધી અમદાવાદના વિવિધ સ્થળોએ જઈને પ્રેતાત્મા શાંતિ મુક્તિયજ્ઞ કરવાનું આયોજન ગોઠવાયું માતાજીનો દિવ્ય આદેશ **"નવ અક્ષરનો મંત્ર"** પ્રેતાત્મા મુક્તિ માટે મળેલ હતો જ.

તા. ૧૩-૨-૨૦૦૧ થી સાત દિવસ સુધી પ્રેતાત્મા મુક્તિ યજ્ઞનું અભિયાન અમદાવાદના ભક્તો સાથે સંપન્ન થયું. સ્થાનિક રહેવાસીઓ અને પોલીસ તેમજ લશ્કરના જવાનોના સહકારથી વિકટ જગ્યામાં જઈ શકાયું હતું. મૃતકોની છેલ્લા શ્વાસ વેળાની અતૃપ્ત વાસના જેવી કે

(૧) એક પ્રેતાત્માએ પાણી પીવાની ઈચ્છાથી હાથનો ખોબો ધર્યો હતો. પાણી પીવરાવીને તેની વાસના તૃપ્ત કરી.

(૨) એક પ્રેતાત્મા શાંતિ પાઠ કરતા હોય તેવો અવાજ આવતાં સામૂહિક ઉચ્ચારથી શાંતિપાઠ પૂર્ણ કર્યો.

(૩) એક પ્રેતાત્મા શિવોહમ્ બોલતા હોય તેવો અવાજ આવતાં શિવોહમ્ સ્તોત્ર પૂર્ણ કર્યો.

અમદાવાદમાં કુલ ૧૬ જગ્યાએ ફરી ૬૮૪ આત્માઓ ને શાંતિ મુક્તિ આપી.

।। ૐ મા ૐ ।।

પ્રેતાત્મા શાંતિ મુક્તિ-યજ્ઞ કચ્છ ભૂજમાં...

કચ્છ વિસ્તારમાં ભૂકંપની ભયાનકતાએ કેટલાય માનવ અને પશુ જીવોને ભરખી લીધાં હતા. આ નિર્દોષ જીવાત્માઓએ તેમની અતૃપ્ત વાસનાઓ, લાગણીઓ, અરમાનો ને કણસતાં કણસતાં દેહ છોડતી વખતે વાયુ મંડળમાં વહેતી કરી હશે અને એ અતૃપ્ત વાસનાઓ લાગણીઓને તૃપ્ત કરવા માટે તેમનો જીવ પ્રેતયોનીમાં ભટકતો હશે. આવા નિર્દોષ જીવાત્માઓની શાંતિ મુક્તિ માટે મારૂં મન વિચારી રહ્યું હતું. કચ્છના અગણિત ગામડાંઓ અને શહેરોમાં કેટલાયે માણસો મૃત્યુ પામ્યા હશે કેટલાય પશુઓ ધરબાઈ ગયા હશે..કેવી રીતે શાંતિ મુક્તિ યજ્ઞ સંપન્ન કરવો ? મારી મૂંઝવણનો ઉકેલ અને માર્ગદર્શન માતાજીએ તા.૧૬-૩-૨૦૦૧ શુક્રવારે સવારે ઉપાસના દરમિયાન આપી દીધાં.

એક જગ્યાની પ્રેતાત્મા શાંતિ મુક્તિની વિધિથી ૯૭ કીલોમીટર સુધીના વિસ્તારના પ્રેતાત્માઓ આવી શકશે.

પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞની વિધિ યથાવત્ જ રહેશે પરંતુ જળ છાંટવાને બદલે કાળા તલ અભિમંત્રિત કરીને છાંટવા. બધી જ સામગ્રી તૈયાર કરીને તા. ૭-૪-૨૦૦૧ રવિવારે અમદાવાદના થોડા ભક્તોના સહકારથી અમે રાપર, અંજાર અને ભૂજમાં પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞ કરી કુલ ૨૩૧૫૩ આત્માઓને પ્રેતયોનીમાંથી મુક્ત કરી નવજીવન અર્પ્યું હતું. પ્રેતાત્માઓ વર્તુળની બહાર દૂર દૂર સુધી ટોળામાં દેખાતા હતા જેથી પાણીના વર્તુળની બહાર ખુલ્લા પગે બળબળતા તાપમાં કાળા તલનો છંટકાવ કરી એક માનવતાનું કાર્ય થયાનો સંતોષ અનુભવ્યો. તલનો છંટકાવ કરીને પાછા વળતાં કેટલા પ્રેતાત્મા અને આત્માઓ મુક્ત થયા. તેનો આંકડો માતાજીના મૃદુ અવાજથી મારા કાનમાં સંભળાતો હતો. **રાપરમાં, અંજારમાં, ભૂજમાં કુલ ૨૩૧૫૩ આત્માઓને મુક્તિ મળી અને નવજીવન પ્રાપ્ત થયું.**

|| ॐ મા ॐ ||

નાગપુર કોલ્હાપુર ધોરીમાર્ગ પર પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞ

પૂજય ગુરૂદેવ, રાજયોગીજી,“ અમારા કોઢાંલી વિસ્તારમાં ધોરીમાર્ગ પર થતાં જીવલેણ અકસ્માતથી અમને બચાવો. ગઇકાલે જ આ માર્ગ પર અગ્રવાલ પરિવારના ચાર માણસો નાગપુરથી પરત આવી રહયા હતાં ત્યારે તેમની મારૂતી કારને ભયંકર અકસ્માત નડયો અને બધા જ સભ્યો ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યાં. ” કામાક્ષી રીસોર્ટના માલિકે મને આ વાત જણાવી. નાગપુરના કાર્યયજ્ઞવેળાએ બે દિવસ અમે બ્હેનજી અને હું ભક્તો સાથે અહિંયા કુદરતી વાતાવરણમાં રોકાયા હતાં. આજે જ નાગપુર પરત જવાનું હતું રસ્તામાં જ કોઢાલી અકસ્માત ઝોન આવે ટ્રાફીક પોલીસનો સંપર્ક સાધી તેમનો સહકાર અને હાજરીનો પ્રબંધ કરવામાં આવ્યો.

પ્રેતાત્મા શાંતિ - મુક્તિ યજ્ઞ અંગેની સઘળી તૈયારી કરી ટ્રાફીક પોલીસ સાથે અમે સાંજે સાડા ચાર વાગે નીકળ્યાં. સૂર્ય અસ્તાચળે પહોંચવાની તૈયારી કરતો હતો. પી.એસ.આઈ અને તેમનો સ્ટાફ અકસ્માતની જગ્યા બતાવી. ટ્રાફીક નિયમન કરતા હતા. નાગપુરના ભક્તો, સ્થાનિક માણસો અને પોલીસનો સ્ટાફ **ૐ મા ૐ** ના સમૂહ મંત્રોચ્ચારમાં જોડાયા. કુલ સાત જગ્યાએ વિધિ કરી ૪૧ આત્માઓને મુક્તિ આપી. આજ દિન સુધી આ જગ્યાએ જીવલેણ અકસ્માત નોંધાયો નથી. **॥ ૐ મા ૐ ॥**

સુરત-વ્યારા ધુલિયા હાઈવે પર.....

શાંતિ મુક્તિ યજ્ઞ સુરત જીલ્લામાં યોજવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાય વર્ષોથી વ્યારા ધુલિયા હાઇવે નંબર છ ના અમુક વિસ્તારોમાં જીવલેણ અકસ્માતો થયા કરતા હતાં. બસમાં મુસાફરી કરી રહેલા યુવાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાંથી છવીસ જેટલા યુવાનોના જીવલેણ અકસ્માતથી સમગ્ર શહેરમાં ગમગીની પ્રસરી ગઇ હતી.

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીને સુરતના ભક્તોએ આ ધોરી માર્ગ પરના પોઇન્ટસ પર પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ કરવા વિનંતી કરી. ટ્રાફીક પોલીસના સહકારથી વ્યારાથી ગુજરાત મહારાષ્ટ્રની હદ સુધીના નંદરબાર ગામ સુધીના સાત સ્થળોએ શાંતિ મુક્તિ યજ્ઞ કરી કુલ ૭૬ પ્રેતાત્માઓને મુક્તિ આપી હતી. વળી પ્રાર્થના અને અભિમંત્રિત જળનો અભિષેક કરી આસુરી તત્વોથી સીમા સુરક્ષિત કરી હતી.

॥ ૐ મા ૐ ॥

લેસ્ટરમાં શાપિત હવેલી પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ...

બેલગ્રેવહોલ મ્યુઝીયમ બતાવવાની ઇચ્છા ઘણા વખતથી લેસ્ટરના ભક્તોની હતી. તા. ૧૬-૭-૨૦૦૧ અમે વડેરા પરિવાર સભ્યો સાથે આ મ્યુઝીયમ જોવા ગયા હતા. ઇતિહાસ એવું જણાવે છે કે લગભગ ૩૫૦ વર્ષ જુની એક ધનાઢ્ય ઉમરાવની આ શાપિત હવેલી છે. આ હવેલીમાં ઘણા ધનાઢ્ય પરિવારો રહેવા આવ્યા હતા. અને આર્થિક તેમજ કૌટુંબિક રીતે પાયમાલ થઈ જતા હતા.

છેલ્લા ધનાઢ્ય માલિક પાસે તો ઓઈલ મીલો અને વિશાળ વેપાર હતો પરંતુ ટૂંક સમયમાં જ નુકશાની અને પાયમાલી વેઠવી પડી હતી. છેલ્લી સદીમાંજ ફક્ત દશ હજાર પાઉન્ડમાં જ આ હવેલી અને તેનું વિશાળ કંમ્પાઉન્ડ, લેસ્ટર કાઉન્સીલને વેચી દીધી હતી. આ હવેલીને ઉમરાવ કુટુંબની અને જૂનાજમાનાની રહેણી કરણીના અવશેષો સાથે જ મ્યુઝીયમ તરીકે રાખી છે. આ મ્યુઝીયમની સલામતી માટે સીક્યોરીટી કેમેરા ગોઠવવામાં આવ્યા છે. જેમાં એક પ્રેતની છબી ઝડપાઇ હતી. વર્તમાન પત્રોએ આ હકીકતની નોંધ લીધી હતી.

બે માળની આ હવેલી આલિશાન છતાં નિસ્તેજ લાગતી હતી. હવેલીના જુદા જુદા રૂમની સજાવટ નિહાળતાં અમે એક રૂમમાં આવ્યાં. આ રૂમમાં એક ઉમરાવબાઈનું પૂતળું સોફા પર બેસાડેલું હતું. બીજુ ખુરસીમાં હતું. બન્ને બાઈઓ (પૂતળા) વાતો કરવાના સ્વાંગમાં હતાં. સોફા પર બેઠેલ પૂતળાની દિશામાંથી મને સ્ત્રીનો અવાજ સંભળાયો, "**PLEASE HELP ME, GIVE ME FREEDOM**" "મહેરબાની કરીને મને મદદ કરો મને મુક્તિ આપો." બાઇના હૃદય દ્રાવક અવાજ મારા કાનમાં ગૂંજવા

લાગ્યો. મેં મનોમન નક્કી કર્યું કે શક્ય તેટલી મદદ કરવી. પ્રેતયોનિમાં અતૃપ્ત વાસના લઈને ભટકતા આત્માને મુક્તિ આપવા વિચાર્યું.

મ્યુઝીયમના સંચાલક- વહીવટદાર સાથે વાત કરી પ્રેતાત્મા મુક્તિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું તા. ૩-૮-૨૦૦૧ શુક્રવારે સવારે ૧૧-૦૦ કલાકે પ્રેતાત્મા મુક્તિ યજ્ઞની વિધિ સંપન્ન કરી સાત આત્માઓને શાંતિ અને મુક્તિ આપી.

પશ્ચિમની ભૂમિ પર માનવતાનું આવું કાર્ય એક વિરલ ઘટના સમજી લેસ્ટરના લોકલ પ્રેસ રીપોર્ટર્સ, ફોટોગ્રાફર્સ, લોકલ ટી.વી.માડીયાના સ્ટાફ સવારે મુક્તિ યજ્ઞ પ્રોગ્રામ વેળાએ હાજર રહ્યા હતા. લેસ્ટર લંડન બર્મિંગહામથી ભક્તો આ વિધિ નિહાળવા આવ્યા હતાં. સમગ્ર વિધિ મીડીયાવાળાને બ્હેનજીએ સમજાવી હતી. લયબધ્ધ **ૐ મા ૐ** ના મંત્રોચ્ચારથી અને સાત્ત્વિક વિધિથી તેઓ પ્રભાવિત થઇ ગયા હતા. ત્યાંના લેસ્ટર શાયર મરકપુરી ન્યુઝપેપરમાં અને ટી.વી. પર સમગ્ર હકીક્તની જાણ કરતા સમાચાર આપવામાં આવ્યા હતા.

॥ ૐ મા ૐ ॥

બ્રીજવોટર રોડ લંડનમાં પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞ

લંડનમાં વેમ્બલી વિસ્તારમાં બ્રીજવોટર રોડ સીધો, ધમધમતો અને ચાર ચાર લાઈનનો રસ્તો છે. વાહનોની અવરજવર ત્યાં અવિરતપણે ચાલુ જ રહે છે. રસ્તાની એક બાજુએ રહેણાંકનો વિસ્તાર છે. આ રસ્તા પર અમુક જગ્યાએ છેલ્લા કેટલાય વર્ષોથી જીવલેણ અકસ્માતો થયા કરે છે. ત્રણ મહિના પહેલાં લંડનમાં એક ભક્ત પરિવાર સાથે આ રસ્તા પરથી ગાડીમાં જઇ રહ્યા હતા. ૐ મા ૐ મંત્રનું રટણ સ્મરણ ચાલુ જ હતું. તેમના કહેવા પ્રમાણે "ગુરુદેવના આશીર્વાદ અને મંત્રજાપથી અમે ભયાનક અકસ્માતમાંથી બચી ગયાં" ત્યારથી તેમણે નક્કી કર્યું હતું કે " પૂજ્ય ગરુદેવને વિનંતી કરી આ જગ્યાએ પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞ વિધિ કરાવવી" પ્રેતાત્માઓને શાંતિ મુક્તિ મળે અને રસ્તો અકસ્માતથી સુરક્ષિત થઇ જાય.

લંડનની મારી મુલાકાત વેળાએ મારી સંમતિ મેળવી, ટ્રાફીક પોલીસનો સહકાર મેળવી તા. ૬-૨-૨૦૦૨ રવિવારે સવારે ૧૧-૦૦ કલાકે પ્રેતાત્મા શાંતિ મુક્તિની વિધિ સંપન્ન કરી. ત્રણ પ્રેતાત્માઓને મુક્તિ આપી. ઝી ટી.વી અને અન્ય ન્યુઝ મીડીયાએ માનવતાના આ કાર્યની જાણ સમાચાર દ્વારા લોકોને કરી હતી.

|| ૐ મા ૐ ||

ઈંગ્લેન્ડમાં પશુ પ્રેતાત્માઓની શાંતિ - મુક્તિ યજ્ઞ..

ઈંગ્લેન્ડમાં ગાયો અને ઘેટાંઓમાં ફૂટ એન્ડ માઉથનો ભયાનક રોગ ફેલાતાં સરકારી આદેશ અનુસાર લાખોની સંખ્યામાં આ રોગ ગ્રસ્ત પશુઓની હત્યા કરી જુદા જુદા સ્થળોએ દાટવામાં અને બાળવામાં આવ્યાં હતાં. માનવતાથી પ્રેરાઇને આ નિર્દોષ પશુઓના આત્માની શાંતિ અને પશુ પ્રેતાત્માઓને શાંતિ મુક્તિ માટે વિશિષ્ટ પ્રાર્થના વિધિ કરવાની મારી ઇચ્છા મેં લેસ્ટરના ભક્તો સમક્ષ પ્રદર્શિત કરી હતી. ઓગષ્ટ ૨૦૦૦ માં

અમે ભક્તો સાથે લેઇક ડીસ્ટ્રીક્ટમાં આ વિસ્તારોની મુલાકાત લીધી હતી. પરંતુ રોગનો ફેલાવો અટકાવવા માટે અમુક વિસ્તારો આરક્ષિત કરી દીધા હતા.

ડીસેમ્બર ૨૦૦૧ માં મારા લંડનના કાર્યયજ્ઞ વેળાએ પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞની વિધિનો પ્રોગ્રામ ગોઠવી શકાય તે હેતુથી સ્થાનિક ભક્તોએ સત્તાવાળાઓની પરવાનગી અને સહકાર મેળવી લીધાં હતા તેમજ લેઇક ડીસ્ટ્રીક્ટના અમુક ગામડાઓમાં લોકલ ઓથોરીટીનો સહકાર મેળવી લીધો હતો. વળી ખેડૂત આગેવાનો વિવિધ ન્યુઝ મીડીયાને આધ્યાત્મિક પ્રાર્થના વિધિમાં ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી હતી.

તા. ૭-૧-૨૦૦૨ સોમવારે અમે લંડનનો કાર્યયજ્ઞ પતાવી લેસ્ટર આવતાં હતાં ત્યારે બ્હેનજીએ મને નીચે દર્શાવેલ પ્રશ્નો પછયાં..

(૧) પશુઓની મૃત્યુવેળાની અધૂરી વાસના રહી ગઇ હોય ?
(૨) પશુઓ પ્રેતયોનિમાં જઇ શકે ?
(૩) જો પશુઓ પ્રેતયોનિમાં હોય તો તેની અવધિ કેટલી ?
(૪) આ પશુ પ્રેતાત્માઓની શાંતિ - મુક્તિ આપ કેવી રીતે કરશો ?

મેં કહ્યું "હાલમાં તો મને કશો ખ્યાલ નથી પરંતુ માતાજી મને જણાવશે અને માર્ગદર્શન આપશે તે પ્રમાણે કરીશ. તા. ૯-૧-૦૨ મંગળવારે રાતે સ્વપ્નમાં માતાજી પધાર્યા. હું વંદન કરી માતાજીના ચરણમાં બેસી ગયો માતાજીએ જણાવ્યું કે, લેઇક ડીસ્ટ્રીક્ટમાં વિધિ માટે જવાનું છે તે માટે"

(૧) પ્રેતાત્મા મુક્તિ યજ્ઞની જે વિધિ છે તે પ્રમાણે જ કરવું.
(૨) પશુઓની મૃત્યુવેળાની અધૂરી વાસના ઇચ્છા રહી ગઇ હોય તેઓ પ્રેતયોનિમાં જાય છે. "પશુઓને પણ મન બુધ્ધિ હોય છે. પરિવાર અને માલિક પ્રત્યે આસક્તિ હોય છે. "
(૩) "પશુઓની પ્રેતયોનિની અવધિ બે વર્ષની હોય છે. "
(૪) પશુ પ્રેતાત્માઓની શાંતિ મુક્તિ વિધિમાં જળ છાંટવાનું,

હસ્ત મૂકવાનો નહિ.

તા. ૧૦-૧-૨૦૦૨ ગુરૂવારે ઈંગ્લેન્ડના થોડા ભક્તો સાથે અમે લેઈક ડીસ્ટ્રીક્ટ પહોંચ્યા. પ્રેનરીથ ટાઉનશીપમાં ન્યુ ઓરેગોન વિલેજમાં જ્યાં પશુઓને મારી નાખીને દાટવામાં આવ્યાં હતાં તે વિસ્તારમાં અમે ૧૨-૪૫ વાગે પહોંચ્યા. ખેડૂતના આગેવાનો, ન્યુઝ મીડીયાના સ્ટાફ મેમ્બર્સ અને આ પશુઓને દાટવાના કાર્યનું સંચાલન કરતા બોર્ડના લગભગ ૧૫-૨૦ નો સ્ટાફ ત્યાં હાજર હતો. ઠંડી, પવન, વરસાદથી વાતાવરણમાં બહુ જ ઠંડક હતી. જમીન કાદવ કીચડ વાળી હતી. ઉપસ્થિત બધા જ માણસોએ અમારૂં અભિવાદન કર્યું વિધિ માટેની જગ્યા મેં બતાવી. મારા કાનમાં માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે " પશ્ચિમ દિશામાં મુખ રાખીને વિધિ કરવી " બ્હેનજીએ અન્ય ભક્તોની મદદથી આસન, જળ, અગરબત્તી વિગેરે તૈયાર કરી દીધું. પ્રેતાત્મા મુક્તિ યજ્ઞની વિધિ સંપન્ન કરી. મેં જળના વર્તૃળની બહાર નીકળીને પશુ આત્માઓના ઓળાઓનાં ટોળા પર જળ છાંટી તેઓની અતૃપ્ત વાસનાઓને શાંત કરી આ યોનિમાથી મુક્તિ આપી " કુલ ૨૯૩ આત્માઓને મુક્તિ મળી. મારા કાનમાં અવાજ સંભળાયો."

લોકલ માણસો ન્યુઝ મીડીયા, રેડિયો રીપોર્ટર્સ, ખેડૂતના આગેવાનોએ મને એક નાની ટેકરી હતી તેના પર ઉભા રહીને આશીર્વાદ આપવા વિનંતી કરી. જેથી સમગ્ર વિસ્તારને આશીર્વાદ મળી જાય. મને ગરમ કોટ વિગેરે કાઢી નાખી ભારતીય પરિવેશમાં જ ઉભા રહી આશીર્વાદ આપવા વિનંતી કરી. કડકડતી ઠંડી અને પવનના સુસવાટા વચ્ચે તેઓની ભલી લાગણીને માન આપીને તેમની ઇચ્છા તૃપ્ત કરી. ન્યુઝ મીડીયાવાળા ભાઇબ્હેનોને તેમજ લોકલ રેડિયો રીપોર્ટર્સને, ટી.વી રીપોર્ટર્સ આખી વિધિ કેસેટમાં અને કેમેરામાં મઢી લીધી. તેઓની સાથે વાર્તાલાપ કરી બ્હેનજીએ સમગ્ર વિધિની જાણ કરી. અને અમારા લોક સેવાના કાર્યયજ્ઞ વિષે માહિતી આપી. પશ્ચિમ

જગતમાં આવી આધ્યાત્મિક અને માનવતાવાદી કાર્યપધ્ધતિ જોવાનો અને અનુભવવાનો પ્રસંગ જિંદગીનો અમૂલ્ય લ્હાવો માણી સર્વેએ આનંદ વ્યક્ત કર્યો અને આશીર્વાદ મેળવ્યા. એક પ્રેસ રીપોર્ટરે ઇચ્છા વ્યક્ત કરી કે,

"ક્મ્બીયામાં ગુરુ ની જરૂર છે." ("Cumbriae Needs Guru ")

બીજી જગ્યા :- પેનરિથ ટાઉનશીપના કાર્લાઈ વિલેજમાં બપોરે ત્રણ વાગે પશુ પ્રેતાત્મા વિધિ સંપન્ન કરી ૭૧ આત્માઓને મુક્તિ આપી.

બીજે દિવસે ૧૨મી તારીખે સવારે ૧૧-૩૦ વાગે વર્કીંગટન વિલેજમાં પ્રાર્થના વિધિ સંપન્ન કરી ૨૦૧ આત્માઓને શાંતિ મુક્તિ અર્પી.

૧૧મી તારીખે સાંજે આઠ વાગે **I.Tv.** પર સમગ્ર પ્રાર્થના વિધિ દર્શાવતો હેવાલ આપવામાં આવ્યો હતો. આખી વિધિ હૃદયને શાંતિ આપનારી હતી તેમ જણાવ્યું હતું. ઝી ટી.વી પર પણ પ્રાર્થના વિધિના સમાચાર પ્રસારિત કરવામાં આવ્યા હતા. ત્રીજે જ દિવસે સરકારશ્રી તરફથી સમાચાર પ્રસારિત કરવામાં આવ્યા કે, **"England is Free from foot and Mouth Disease"** પશુ પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞના સમાચાર સમગ્ર પશ્ચિમ જગતમાં પ્રસરી ગયા અને જુદા જુદા માધ્યમો દ્વારા પ્રકાશિત થતા રહ્યાં.

॥ ૐ મા ૐ ॥

ન્યુયોર્કમાં મૃતાત્માઓની શાંતિ-મુક્તિ યજ્ઞ

આતંકવાદના હુમલાથી ધરાશાયી થયેલ ન્યુયોર્ક અમેરિકાનું વર્લ્ડ ટ્રેઇડ સેન્ટર અને નિર્દોષ નાગરિકો, પ્રવાસીઓ અને કર્મચારીઓના અકાળ, આકસ્મિક અવસાનથી સમગ્ર જગતમાં ખળભળાટ વ્યાપી ગયો હતો. આતંકવાદનું પગેરું શોધવામાં અને તેને નેસ્તનાબુદ કરવામાં માનવ પ્રયાસો નાકામિયાબ નીવડ્યા છે.

ડીસેમ્બર ૨૦૦૧માં મારી અમેરિકામાં ન્યુજર્સીમાં સેવાયજ્ઞનો પ્રોગ્રામ હતો તે વેળાએ કેટલાક ભક્તોએ મને વિનંતી કરી હતી કે, "આપ અવકાશમાં વ્યાપી રહેલા નિર્દોષ મૃતાત્માઓના આર્તનાદો શમાવો."

"મૃતાત્માઓની અતૃપ્ત વાસનાઓને કારણે પ્રેતાત્મા બની ભટકતા આત્માઓને આપ શાંતિ અને મુક્તિ આપો."

મારી પણ ઇચ્છા હતી જ કે, જો સત્તાવાળાની પરમીશન અને સહકાર મળે તો મારૂં યોગદાન આપું. વિધિની સઘળી સામગ્રી સાથે જ રાખવામાં આવી હતી.

અમેરિકાના લગભગ ૨૦-૨૫ ભક્તો સાથે અમે વર્લ્ડ ટ્રેઇડ સેન્ટરના વિસ્તારમાં પહોંચ્યા. પગપાળા કેટલાક કીલોમીટર ચાલીને અમે ભસ્મીભૂત થયેલ આ વિશાળ કાય બીલ્ડીંગના પ્રાંગણમાં આવ્યાં. હોનારતમાં નુકશાન પામેલ બીલ્ડીંગનો કાટમાલ મશીનોથી ખસેડાતો હતો તેથી સમગ્ર વિસ્તારમાં પ્રવેશબંધી હતી. પોલીસ કર્મચારીઓની હાજરી અને પ્રવેશબંધીની બહાર મુલાકાતીઓની ભીડ વર્તાતી હતી. વિશિષ્ટ પ્રાર્થના કરી શાંતિનો માહોલ સ્થાપવા માટે સ્થાનિક પોલીસ વડાની પરમીશન મેળવી. પ્રવેશબંધી વિસ્તારમાં બ્હેનજી અને મને પરમીશન આપવામાં આવી. પોલીસ અધિકારી અને બ્હેનજીની મદદથી પ્રેતાત્મા શાંતિ મુક્તિ યજ્ઞની વિધિ સંપન્ન કરી. તેમજ અવકાશના આર્તનાદો શમાવ્યા. પ્રાર્થના કરી, વિધિ પતી ગયા પછી અમે દરવાજાની બહાર આવ્યાં. સ્ત્રી પોલીસ અધિકારી પણ અમારી સાથે જ બહાર આવી. મારા કાનમાં માતાજીનો મૃદુ અવાજ સંભાળાયો કે,

(૧) ૬૯૩૨ માણસો આ હોનારતમાં મૃત્યુ પામ્યા છે.
(૨) ૧૮૧૯ પ્રેતાત્માઓને શાંતિ મુક્તિ મળી.

આતુરતાથી ઉભેલા માનવટોળાંને સઘળી વિગત જણાવી. કેટલાકે પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો,

સાંજે ટેલીવીઝનમાં સમાચાર વેળાએ વિધિની ઝલક દર્શાવવામાં આવી હતી.

॥ ૐ મા ૐ ॥

સીમા સુરક્ષા

એક કલાક મંત્રજાપ કર

તા. ૨૦-૯-૨૦૦૧ શુક્રવારે રાતે હું મારી રૂમમાં સૂઈ ગયો હતો. લગભગ રાત્રે ૧૦-૪૫ કલાકે મારા વાંસામાં મૃદુ હસ્ત પસવારી મને ઢંઢોળીને માતાજીએ મને જગાડ્યો. હું પથારીમાં બેઠો થઈ ગયો પરંતુ કોઈ જ દ્રષ્ટિગોચર થયું નહિં. પરંતુ મારા કાનમાં માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે, મેં બતાવેલ મંત્રના એક કલાક જપ કર. બાથરૂમમાં જઈ હાથ, પગ, મ્હોં ધોઈ આવીને પલંગમાં જ બેસીને એક કલાક જપ કર્યાં. તા. ૧૪ અને તા. ૨૧મી ભારત માટે ખતરારૂપ છે. તેમ જણાવ્યું હતું તેના અનુસંધાનમાં ૨૧મી તારીખની ગંભીરતા નિવારવા જ કથિત મંત્રજાપ કરવા જણાવ્યું હશે.

॥ ૐ મા ૐ ॥

સીમા સુરક્ષા વિધિ

તા. ૧૨-૩-૦૨ મંગળવારે મહાશિવરાત્રીના પાવન દિવસે સવારે ૬-૪૦ કલાકે પૂજા દરમિયાન ભારતની સીમાઓ સુરક્ષિત કરવા માટે નીચે પ્રમાણે આદેશ મળ્યો.

મારી ઉપાસના દરમિયાન મારી આંતરદષ્ટિ સમક્ષ ગુજરાતી ભાષામાં લખાણ વાચ્યું કે

સરહદની સુરક્ષા માટે નીચે પ્રમાણે વિધિ કરવી.

(૧) સફેદ રેશમી દોરી હાથમાં રાખી મંત્ર બોલવાનો .
(૨) જ્યાં સુધી વિધિ ચાલે ત્યાં સુધી બીજું કંઈજ બોલવાનું નહિ. (ફક્ત મંત્ર જાપ ચાલુ રાખવાના)
(૩) સફેદ રેશમી દોરી જમીનના ભાગને અડકવી જોઈએ.
(૪) સફેદ રેશમી દોરીને સવાલાખ મંત્રથી અભિમંત્રિત કરી દેવાની.
(૫) આ સુરક્ષાની સમય મર્યાદા ત્રણ માસની રહેશે.
(૬) સુરક્ષાનો આ મંત્ર ગોપિત રાખવાનો.

॥ ૐ મા ૐ ॥

દુશ્મનથી રક્ષણ મેળવવા માટે રક્ષા મંત્ર

તા. ૦૧-૦૪-૦૨, સોમવારે સાંજે ૭-૪૫ કલાકે શ્રધ્ધા કુટીરમાં સામૂહિક પરમશક્તિ ૐમાૐ ના મંત્રજાપ ચાલતા હતાં. ગુજરાતમાં વ્યાપી રહેલી કોમી અરાજકતાની શાંતિ માટે આ મંત્રજાપ ચાલુ હતા તે વખતે મારા કાનમાં માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે, દુશ્મનથી સ્વરક્ષણ મેળવવા માટે નીચેનો મંત્ર બોલવો.

ॐ ह्रीं अरिः ईन् ईन् स्वाहा ।।

આ મંત્રને સિધ્ધ કરવા માટે પુષ્ય નક્ષત્રમાં ભોજપત્ર પર લાલ શાહીથી અથવા લાલ પેનથી, આ મંત્ર જાતે લખીને સવાલાખ જાપ, કરવા પછી આ સિધ્ધ કરેલ મંત્રજાપ વાળું ભોજપત્ર પોતાની પાસે રાખવું.

॥ ૐ મા ૐ ॥

સીમા સુરક્ષા

ભારતમાતાની સુરક્ષા કરવાની દરેક ભારતવાસીની નૈતિક ફરજ બની રહે છે. રાષ્ટ્રની રક્ષા અને ગૌરવ જાળવવામાં દરેક વ્યક્તિએ પોતાના ક્ષેત્રમાં રહીને તન, મન, ધન અને વિશિષ્ટ આધ્યાત્મિક શક્તિથી પોતાનું યોગદાન આપવાની નૈતિક ફરજ અને જવાબદારી અદા કરવી જ જોઇએ.

તા. ૧૨-૩-૨૦૦૨ મંગળવારે મહાશિવરાત્રિના દિવસે ઉપાસના દરમિયાન પરમશક્તિ મા ભગવતીએ સીમા સુરક્ષા કરવાની વિધિ દર્શાવી, મંત્ર દર્શાવ્યો મારી આંતરદષ્ટિથી મેં સમગ્ર વિધિ નિહાળી.

સફેદ રેશમની દોરી મંગાવી, માતાજીએ દર્શાવેલ સવાલાખ મંત્રજાપ કરી રેશમની દોરીને અભિમંત્રિત કરીને સિધ્ધ કરી. સીમા સુરક્ષા કરતી વખતે દોરીનો એક છેડો જમીન પર અડકતો, પરમશક્તિ રેખા ઘેરતો રાખવાનો, અને બીજો છેડો મારા હાથમાં રાખી સીમા સુરક્ષા અભિયાન વેળાએ મંત્રજાપ ચાલુ રાખવાના ભારતની સીમાઓ પર ઘુસણખોરી અને ત્રાસવાદનો ભય સતત રહ્યા કરે છે. માનવ શક્તિ અને યંત્રશક્તિ દ્વારા સીમા સુરક્ષાનો પ્રયાસ થતો જ રહે છે. કેટલાય જવાનો-સૈનિકો અને સરહદવાસીઓ પોતાના જાન માલ ગુમાવ્યા છે અને ગુમાવતા રહે છે. પૂજ્ય માતાજીનું માર્ગદર્શન મળ્યા પછી પ્રાથમિક તબ્બકે ગુજરાતને લગતી બનાસકાંઠા અને કચ્છ ભૂજની સીમાઓ સુરક્ષિત કરવા જવાનું આયોજન કરવામાં આવ્યું સ્થાનિક ભક્તો અને અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરી તેમનો સહકાર અને સીમાઓ અંગેની માહિતી મેળવી લીધી.

તા. ૭ અને સાત એપ્રીલ ૨૦૦૨ શનિવાર અને રવિવારે બનાસકાંઠાની સરહદો સુરક્ષિત કરવા જવાનું નક્કી કરવામાં આવ્યું. અમદાવાદના નવ ભક્તો અને બ્હેનજી સાથે શનિવારે

સવારે બસ મારફતે અમે બનાસકાંઠા જવા પ્રયાણ આદર્યું. પાલનપુર અને સૂઇ ગામના કેટલાક સ્થાનિક ભક્તો અમારી સાથે જોડાયા. ભારત પાકિસ્તાનની સરહદ પર આવેલાં ગામડાઓ માવસરી, જલોયા અને નડાબેટના રણ વિસ્તારની ૮૯ કીલોમીટરની સરહદ અમે મંત્રશક્તિથી રેશમની અભિમંત્રિત દોરી વડે પરમશક્તિ રેખા દોરી સુરક્ષિત કરી. રાત્રિ રોકાણ નડાબેટમાં નડેશ્વરી માતાજીના મંદીરના પ્રાંગણમાં કર્યું રણ વિસ્તાર અને ગ્રામ્ય વાતાવરણનો અનુભવ જીવનનું એક સંભારણું બની ગયું.

બીજે દીવસે રવિવારે સવારે નડાબેટથી નીકળી સૂઇગામથી સીંધાડા સુધીની ચાલીસ કીલોમીટરની સીમા પર પરમશક્તિ રેખા અંકિત કરી. આમ બનાસકાંઠાની ૧૨૯ કીલોમીટરની સીમાઓ પર પરમશક્તિ રેખા દોરી. દરેક ગામડાઓમાં ગામલોકોએ, સરપંચ તેમજ સ્થાનિક અધિકારીઓએ અમારૂં ગ્રામ્ય સંસ્કૃતિ પ્રમાણે ભાવભીનું સ્વાગત કર્યું. કંકુ અક્ષતથી અમને વધાવ્યા. ઢોલ ત્રાંસા વગાડવામાં આવ્યાં અને બાળાઓએ કળશ અને શ્રીફળ માથા પર લઇ અમારા આધ્યાત્મિક અભિયાનને વધાવ્યું. નડાબેટ સમગ્ર રણ વિસ્તાર છે. અહિંયાં નડેશ્વરી માતાજીનું મંદીર છે આ વિસ્તારમાં નડેશ્વરી માતાજીના આ આધ્યાત્મિક સ્થાનનો મહિમા મોટો છે.

તા. ૨૬ અને ૨૭ એપ્રીલ ૨૦૦૨ શનિવાર રવિવારે અમે કચ્છ જિલ્લાની સરહદો સુરક્ષિત કરવા જવાનું આયોજન કર્યું હતું. ભૂજના સ્થાનિક ભક્તો અને સરહદના અધિકારીઓનો સહકાર અને સીમા અંગેનું માર્ગદર્શન અમને મળ્યું હતું. શનિવારે અમદાવાદથી દસ ભક્તો અને બ્હેનજી સાથે બસ મારફતે અમે ભૂજ પહોંચ્યા. સ્થાનિક ભક્તો અને અધિકારીઓ સાથે અમે ભૂજના એરપોર્ટથી ખાવડા, કુરણ સુધીનો ૮૪ કીલોમીટરનો સરહદનો વિસ્તાર “પરમશક્તિ રેખા” અંકિત કરી સુરક્ષિત કર્યો.

ભૂજથી કુરણ સુધીનો આખો રણ વિસ્તાર છે. ગાંડા બાવળોના ઝૂંડ ઉભેલા દેખાતા હતા. રણાં ધૂળની ડમરીઓ ઉડતી હતી.

કુરણમાં ગામનાલોકોએ અમારૂં સ્વાગત કર્યું. અમારા અભિયાન વિષે ગામલોકોને થોડી માહિતી આપી. અહિંયાથી અમે કાળા ડુંગર પર ગયા. અહિંયા દત્તાત્રેયનું મંદીર છે. ધર્મશાળા છે. દરરોજ સાંજે મંદીરનો મીઠી ભાતનો પ્રસાદ શિયાળને પ્રેમથી ધરાવવામાં આવે છે. અને શિયાળો નિર્ભયતાથી એ પ્રસાદ આરોગે છે.

કાળા ડુંગરનો વિસ્તાર ઘણો મોટો છે. બોર્ડર સીક્યોરીટી ફોર્સના જવાનો સરહદની ચોકી કરતા રહે છે. અહિંયાથી સિંધુ નદી પર ભારતીય જવાનોએ ઈન્ડિયા ગેટ બાંધ્યો હતો તે જોયો. કાળા ડુંગર પરથી પાકિસ્તાનની સરહદ દેખાય છે. ધરતીકંપ વેળાએ આ ડુંગર પર ઘણું નુકસાન થયેલું છે. મંદીર તૂટી ગયું છે. નવા મંદીરનું નિર્માણ કાર્ય ચાલુ હતું. રાતે સાડાનવ વાગે સીમા સુરક્ષા અભિયાન પૂર્ણ કરી અમે ભૂજ પરત આવ્યાં. રાત્રિ રોકાણ કરી બીજે દિવસે રવિવારે સવારે અગિયાર વાગે ભૂજના ભાવિક ભક્તોની સ્નેહભરી વિદાય લઈને અમે અમદાવાદ આવવા નીકળ્યાં. સીમા સુરક્ષાના આ વિશિષ્ટ કાર્યમાં સૈનિક તરીકે મારી સાથે જોડાવવાનું સદ્‌ભાગ્ય માણતા ભક્તો ભાવવિભોર હતા. સીમા સુરક્ષાની અવધિ ત્રણ માસની જ રહેશે તેવું માતાજીના આદેશને યાદ કરતાં મેં કહ્યું કે **“મને દૃઢ વિશ્વાસ છે કે ગુજરાતની સરહદો માતાજીના આદેશ અને માર્ગદર્શન અનુસાર પરમશક્તિ રેખાથી સુરક્ષિત થઈ ગઈ છે, હવે આ સરહદો પર કશું જ નહિં. થાય. કદાચ આ અવધિ ત્રીસ વર્ષની પણ થઈ જાય !”** આપણી જીત ચોક્કસ છે.

ભવિષ્યમાં જો સત્તવાળાનો સાથ સહકાર મળેતો ભારતના અન્ય રાજ્યોની સીમાઓ પણ સુરક્ષિત કરવાની મારી ઈચ્છા છે.

ૐમાૐ


ભૂકંપ
નિવારણ
પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ

Rapar
Bhuj
Mahesana
Kandla
Ahmadabad
G U J A R A T
Rajkot
Bharuch
Bhavnagar
સીમા
સુરક્ષા